CMYK CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૫   શનિવાર, તા.૩૦-૦૩-૨૦૨૪   અંક : ૨૦૨ વર્ષ : ૨૧   e-mail : sauaajtak@gmail.com   કિંમત રૂ. ૨-૫૦   પાના - ૮

# આ મારી ક્ષતિ છે-રૂપાલાએ ફરી માફી માગી

## ક્ષત્રિયોની બેઠકમાં રૂપાલાએ જણાવ્યું હતું કે, મને રંજ છે : બેઠક પૂર્ણ થઈ : સમાધાન થઈ જવાની પુરી શક્યતા

રાજકોટ,

રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ રાજા રજવાડાં સામે કરેલી ટિપ્પણી બાદ ક્ષત્રિય સમાજ આકરા પાણીએ છે ત્યારે મામલો શાંત પાડવા ગોંડલના શેમળા ગામમાં જયરાજસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને ક્ષત્રિય સમાજની ખાસ બેઠક બોલાવવામાં આવી છે. જયરાજસિંહનાં શેમળા સ્થિત ગણેશગઢ ફાર્મહાઉસ ખાતે સમાજનાં ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, વિવિધ સંગઠનોના આગેવાનો આ બેઠકમાં સામેલ થયા છે. તેની સાથે સાથે ગુજરાત કરણી સેનાના મહિલા મોરચાના અધ્યક્ષ પદ્મીનીબા વાળાએ પણ આ મામલે



સમાજ પાણીમાં બેસશે તો કોઈ સંજોગોમાં ચલાવી લેવાશે નહી તેવો હૂંકાર કર્યો હતો.

ક્ષત્રિયોની બેઠકમાં સાંજે પહોંચેલા રૂપાલાએ ફરીવાર માફી માગતા જણાવ્યું હતું કે, મને એવો રંજ છે કે, મારી જીભથી આવું બોલાઈ ગયું છે. મારી જિંદગીમાં મેં નિવેદન કર્યું હોય અને એને પાછું ખેંચ્યું હોય એવો કોઈ રેકોર્ડ નથી. મેં પહેલા જ માફી માગી છે, આ મારી ક્ષતિ છે અને હું જ જવાબદાર છું.

આ બેઠકમાં સમાધાન થવાની પુરી શક્યતા છે. પરસોત્તમ રૂપાલાએ કરેલું નિવેદન યોગ્ય નથી. પરંતુ



તસવીર : દિલિપ ગોહેલ

તેઓએ તુરંત માફી માંગી તો આપણે માફી આપી દેવી જોઈએ , ભૂતકાળમાં અનેક લોકોને માફી આપવામાં આવી છે તો પરસોત્તમ રૂપાલાને પણ માફી આપવી જોઈએ તેવો આગેવાનો દ્વારા મત વ્યક્ત કરવામાં આવ્યો હતો.

રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાએ ક્ષત્રિયોના સંમેલનને સંબોધતા જણાવ્યું હતું કે, ક્ષમા વીરનું આભૂષણ છે. રૂપાલા સાહેબની એક વાત પર માફી આપી શકે એવી આ સમાજની તાકાત નથી? આજે આપણે વચન સાથે આગળ ચાલીએ. જ્યારે જ્યારે સમાજવાદ ઉત્પન્ન થયોને ત્યારે નુકસાન થયું છે. આપણે તો ભાગ્યશાળી છીએ કે જેને મુખ્ય મુખ્ય હોદ્દા કહી શકોને એ સૌરાષ્ટ્રના નેતાઓ અહીં ભેગા થયા છીએ. આપણે ક્ષમા વીરનું આભૂષણ છે એમ માની આ કાર્યક્રમ પૂર્ણ કરી આ આગેવાનોને હજુ મજબૂત કરીએ.

## ભાજપના લોકસભા ઉમેદવારોને વિવાદાસ્પદ ટીપ્પણી ન કરવા આદેશ

પરસોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલી ટીપ્પણી મામલે ભાજપ હાઈકમાન્ડ એક્શનમાં આવ્યું છે. આ વિવાદ વકરતા ઈન્ચાર્જ ચૂંટણી પ્રભારી બી.એલ .સંતોષે સુચના આપ્યા બાદ ભાજપના તમામ એટલે કે ૨૬ ઉમેદવારોને વિવાદાસ્પદ નિવેદન ન આપવા માટે આદેશ કરવામાં આવ્યો છે. બી.એલ.સંતોષે આ અંગે સૂચના આપ્યા બાદ ભાજપ પ્રદેશ દ્વારા એક વીડિયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ વીડિયો કોન્ફરન્સમાં ભાજપના તમામ ઉમેદવારોને વિવાદોથી બચવા માટે જણાવવામાં આવ્યું હતું.

# ક્યાંક હિમ વર્ષા તો ક્યાંક તાપમાન ૪૦ ડિગ્રીને પાર

## હિમસ્ખલનના કારણે શ્રીનગર-લેહ હાઈવે બંધ : MP-મહારાષ્ટ્ર-આંધ્રના ૫ શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર

નવીદિલ્હી,

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે હવામાનની પેટર્ન બદલાવા લાગી છે. જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષા થઈ રહી છે. શુક્રવારે રાજયના સોનમર્ગના હેંગ વિસ્તારમાં હિમપ્રપાત થયો હતો. જેના કારણે બે કાર બરફમાં ફસાઈ ગઈ હતી. કારમાં ફસાયેલા લોકોને બચાવી લેવાયા હતા. જો કે હિમસ્ખલનના કારણે શ્રીનગર-લેહ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે.

બીજી તરફ કેટલાક રાજ્યોમાં આકરી ગરમી પડી રહી છે. સૌથી વધુ ગરમી મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશના ૫ શહેરોમાં છે. મહારાષ્ટ્રના અકોલામાં ૨૯ માર્ચે ૪૨.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આ સમગ્ર દેશમાં સૌથી વધુ છે. આ પછી મધ્યપ્રદેશના મોહ અને ગુના બીજા અને ત્રીજા સ્થાને રહ્યા. તાપમાનની દૃષ્ટિએ આંધ્ર પ્રદેશનું નંદ્યાલા ચોથા સ્થાને અને મહારાષ્ટ્રનું પરભણી પાંચમા સ્થાને હતું. આ તમામ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી ઉપર નોંધાયો હતો. IMDએ ૩૦ માર્ચે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્ર પ્રદેશના ઘણા ભાગોમાં હીટવેવ એલર્ટ જાહેર કર્યું છે. આ રાજ્યોમાં ૧ એપ્રિલથી ગરમી અને ભેજથી રાહત મળવાની સંભાવના છે.

ભારતીય હવામાન વિભાગએ ૩૦ માર્ચે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. ૧૯ રાજ્યોમાં ઝરમર વરસાદની શક્યતા છે. ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં ઓરેન્જ એલર્ટ છે. અહીં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ભારે વરસાદનું એલર્ટ છે. રાજસ્થાન, છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, બંગાળ, ઓડિશા અને સિક્કિમમાં વાદળછાયું વાતાવરણ રહેશે. આ રાજ્યોમાં ગાજવીજ સાથે છૂટોછવાયો વરસાદ પડી શકે છે.

# મોડી રાત્રે ગાઝીપુર પહોંચશે મુખ્તારનો મૃતદેહ, શનિવારે સવારે દફનવિધી

ગાઝીપુર,તા.૨૯

ગેંગસ્ટરમાંથી રાજકારણી બનેલા મુખ્તાર અંસારીનું અવસાન થયું છે. હૃદયરોગના હુમલાને કારણે તેમનું મૃત્યુ થયું હતું. મુખ્તાર અંસારીને ઉલ્ટી અને બેભાન થવાની ફરિયાદ બાદ ગુરુવારે રાત્રે લગભગ ૮:૨૫ વાગ્યે બાંદા મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૯ ડોક્ટરોની ટીમ તેની સારવારમાં લાગી હતી પરંતુ તેને બચાવી શકાયો નહોતો. બાંદા મેડિકલ કોલેજમાં મુખ્તારના મૃતદેહનું પોસ્ટમોર્ટમ પણ કરવામાં આવ્યું છે. મુખ્તારના મૃત્યુ બાદ સમગ્ર ઉત્તર પ્રદેશમાં કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે.મોડી રાત્રે ગાઝીપુર પહોંચશે મુખ્તારનો મૃતદેહ, આવતીકાલે સવારે અંતિમ સંસ્કાર કરવામાં આવશે.મુખ્તાર અંસારીના મૃતદેહના પોસ્ટમોર્ટમ બાદ તેને ગાઝીપુર લઈ જવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી આ દરમિયાન ગાઝીપુરના એસપી ઓમવીર સિંહનું નિવેદન સામે આવ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે મૃતદેહને ગાઝીપુર પહોંચવામાં રાત લાગી શકે છે. આવી સ્થિતિમાં કાલે સવારે જ તેમને અંતિમ સંસ્કાર કરવામાં આવશે.પરિવાર સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર મુખ્તાર અંસારીના મૃતદેહને કાલી બાગ કબ્રસ્તાનમાં દફનાવવામાં આવશે. આ કબ્રસ્તાન અંસારીના ગાઝીપુર નિવાસથી અડધો કિલોમીટર દૂર આવેલું છે.

# દિલ્હીમાં બંધારણીય કટોકટી? રાષ્ટ્રપતિ શાસન પર વિચારણા શરૂ

## દિલ્હીના ઉપરાજયપાલ કાનુની અભિપ્રાય માંગી શકે એટર્ની જનરલ પણ એકશનમાં આવે તેવા સંકેત

નવીદિલ્હી,

પાટનગરના શરાબ કાંડમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ અને તા.૧ એપ્રિલ સુધી ઈડીની કસ્ટડી લેવાતા હવે પાટનગરની રાજય સરકારમાં મુખ્યમંત્રી વગર જ સરકારનું સંચાલન એ મુદો બની ગયા છે અને ભાજપે તેને બંધારણીય કટોકટી તરીકે ગણાવી છે તો બીજી તરફ કેન્દ્ર સરકાર પણ એકશનમાં આવી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ આ અંગે દિલ્હીના ઉપરાજયપાલનો રિપોર્ટ મંગાવ્યા બાદ રાજયની કેજરીવાલ સરકારને બરતરફ કરીને રાષ્ટ્રપતિ શાસન પણ લાદવાની શકયતા પર સંકેત આપ્યો છે. સુત્રોના જણાવ્યા મુજબ આ અંગે કેન્દ્ર અને દિલ્હીની લેફટ ગવર્નર ઓફિસ સતત સંપર્કમાં છે અને એટર્ની જનરલ ઓફ ઈન્ડીયાનો રિપોર્ટ પણ મંગાવી શકાય છે.

# દ. આફ્રિકામાં સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ૪૫ લોકોના મોત

લિમ્પોપો,

દક્ષિણ આફ્રિકામાં ભીષણ માર્ગ અકસ્માત થયો. આ અકસ્માતમાં એક બસ બેરિયર તોડી પુલ પરથી નીચે ખાડામાં પડી. પુલ પરથી નીચે પડતા જ બસમાં આગ લાગી. આ ઘટનામાં ૪૫ લોકોના મોત થયા છે. પરિવહન મંત્રાલયે જણાવ્યું કે ગુરુવારે એક પેસેન્જર બસ બોત્સ્વાનાથી મોરિયા જઈ રહી હતી. ત્યારે પુલ પરથી પસાર થતા અચાનક બસ બેરિયર તોડી નીચે ખાડામાં પડી હતી. મીડિયા અહેવાલ મુજબ દક્ષિણ આફ્રિકામાં થયેલ અકસ્માતમાં બસ બોત્સ્વાનાથી ઉત્તર લિમ્પોપો પ્રાંતના શહેર મોરિયા જઈ રહી હતી. જ્યાં ઈસ્ટર તહેવારની ઉજવણી કરવામાં આવી છે. ઈસ્ટર તહેવાર ૩૧ માર્ચના રોજ હોવાથી લોકો મોરિયા તરફ વધુ જઈ રહ્યા હતા. બોત્સ્વાનાથી ઉપડેલ બસમાં ૪૬ જેટલા મુસાફરો હતા. મુસાફરો ભરેલ બસ મોરિયો જઈ રહી હતી.

# જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર કેબ ખાડામાં પડી : ૧૦ના મોત

જમ્મુ,

શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવે પર રામબન નજીક શુક્રવારે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. આ માર્ગ અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયા છે. અકસ્માતની માહિતી મળતાની સાથે જ પોલીસ, જીઢઈહ્લ અને રામબન સિવિલની ઊઈ઼ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમે બચાવ કામગીરી શરૂ કરી દીધી છે.

જણાવવામાં આવી રહ્યું છે કે રામબન વિસ્તારમાં બેટરી ચશ્મા પાસે જમ્મુ શ્રીનગર નેશનલ હાઈવે પર જમ્મુથી શ્રીનગર જઈ રહેલી પેસેન્જર કેબ ઉંડી ખાઈમાં પડી ગઈ હતી. કેબમાં મુસાફરી કરી રહેલા ઘણા મુસાફરોના મોતની આશંકા છે. અકસ્માતની માહિતી મળતા જ પોલીસ, SDRF અને સિવિલ ઊઈ઼ની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમ દ્વારા વહેલી સવારે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં ટીમે અત્યાર સુધીમાં ૧૦ લોકોના મૃતદેહ બહાર કાઢ્યા છે.પોલીસે જણાવ્યું કે આ અકસ્માતની જાણકારી લગભગ ૧.૧૫ વાગ્યે મળી હતી. માહિતી મળી હતી કે જમ્મુથી કાશ્મીર મુસાફરોને લઈ જતી એક ટેક્સી (ટવેરા) નેશનલ હાઈવે-૪૪ પર બેટરી ચશ્મા પાસે લગભગ ૩૦૦ મીટર ઊંડી ખાઈમાં પડી હતી.

# સોનું ૭૦,૦૦૦ને પાર

## રેકોર્ડબ્રેક તેજી : એક જ દિવસમાં દસ ગ્રામે રૂા.૧૪૦૦નો ઉછાળો

મુંબઈ

શેરબજારની જેમ સોના-ચાંદી જેવી કિંમતી ધાતુઓમાં પણ જબરદસ્ત તેજીનો દોર રહ્યો છે. રાજકોટમાં સોનાનો ભાવ ૭૦,૦૦૦ને વટાવી ગયો હતો. વર્લ્ડ માર્કેટમાં ૨૨૦૦ ડોલરને પાર કરીને નવી ઉંચાઈએ પહોંચ્યો હતો.

અમેરિકામાં ફેડરલ રિઝર્વ જુનમાં વ્યાજદર ઘટાડાનો દોર શરૂ કરશે તેવી



અટકળો વચ્ચે સોનાના ભાવ સળગી ઉઠયા હતા અને એક જ દિવસમાં ભાવમાં દસ ગ્રામે રૂા. ૧૪૦૦નો ઉછાળો નોંધાયો હતો. રાજકોટમાં હાજર સોનુ ઉંચામાં ૭૦૪૫૦ થઈને ૭૦૪૦૦ ભાવ ૭૬૬૭૫ પર પહોંચ્યો હતો. વર્લ્ડ માર્કેટમાં સોનુ ૨૪.૮૨ ડોલર સાંપડયું હતું. સોના-ચાંદીમાં જબરદસ્ત તેજીથી ઝવેરીઓ પણ સ્તબ્ધ બન્યા છે.

# ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓનું ગ્રેડિંગ ખતમ ડિસેમ્બરથી નવી વ્યવસ્થા થશે લાગુ

નવીદિલ્હી,

દેશની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને નેક તરફથી અપાતી ગ્રેડિંગ સિસ્ટમ હવે ખતમ થઈ રહી છે. તેના સ્થાને બાઈનરી સિસ્ટમ લાગુ થશે. તેમાં બે પ્રકારની સંસ્થા હશે. - માન્યતા પ્રાપ્ત અને ગેર-માન્યતા પ્રાપ્ત. ચાલુ વર્ષના ડિસેમ્બરથી આ સિસ્ટમ લાગુ થઈ શકે છે. નવી સિસ્ટમમાં માન્યતાપ્રાપ્ત સંસ્થાઓને લેવલ ઑફ એક્સેલન્સ મળશે. તેમને પરિપક્વતાના આધાર પર ૧, ૨, ૩, ૪ અને ૫ સુધી લેવલ મળશે. તેને ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડસ્ટ્રી કેપેસિટી મેચ્યોરિટી મોડલ લેવલ તરીકે સમજી શકાય છે. એ જ રીતે એજ્યુકેશન સેક્ટરમાં એક્સલન્સ લેવલ હશે. ઈન્ડસ્ટ્રીની માફક શૈક્ષણિક સંસ્થાઓનું સ્તર વર્ગીકૃત કરનારો ભારત પ્રથમ દેશ હશે. નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડિટેશન કાઉન્સિલ (નેક)ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ચેરમેન અને નેશનલ બોર્ડ ઑફ એક્રિડેટેશનના ચેરમેન પ્રો. અનિલ સહસ્ત્રબુદ્ધેએ જણાવ્યું કે લેવલ ઑફ એક્સલન્સ ૧, ૨, ૩ અને ૪ નેશનલ, જ્યારે લેવલ-૫ ઈન્ટરનેશનલ હશે.

# અમારા દેશમાં બાળકનો જન્મ થાય છે ત્યારે તે 'આઈ' અને 'AI' બંને બોલે છે - મોદી

## બિલ ગેટ્સ અને વડાપ્રધાન મોદી વચ્ચેની વાતચીતનો વીડિયો જાહેર



નવીદિલ્હી,

ભારતીયો માત્ર ટેક્નોલોજી અપનાવી રહ્યા નથી પણ આગળ પણ વધી રહ્યા છે. આપણા દેશમાં બાળકનો જન્મ થાય ત્યારે આઈ અને છૈં બંને બોલે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં વડા પ્રધાનના નિવાસસ્થાન પર અબજોપતિ રોકાણકાર અને માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સ સાથે વાતચિત કરી હતી. તેને આજે પ્રસારિત કરવામાં આવી હતી. તેની થીમ 'ફ્રોમ એઆઈ ટુ ડિજિટલ પેમેન્ટ્સ' છે. આ વાતચીતનું ટીઝર ૨૮ માર્ચે રિલીઝ કરવામાં આવ્યું હતું. બિલ ગેટ્સે વાતચીત દરમિયાન પીએમ મોદીને કહ્યું કે ભારત જે થીમ લાવે છે તેમાંથી એક એ છે કે ટેક્નોલોજી બધા માટે હોવી જોઈએ.

ન્યૂઝ એજન્સી ANIએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેનું ટીઝર રિલીઝ કર્યું હતું જેમાં તેઓ ચર્ચા કરતા જોવા મળે છે. આ મુલાકાતની થીમ 'ફ્રોમ એઆઈથી ડિજિટલ પેમેન્ટ્સ' છે જેમાં સમગ્ર વાતચીત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં ભારતના યોગદાન પર કેન્દ્રિત છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિલ ગેટ્સ સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના મહત્વ વિશે વાત કરતા કહ્યું કે, "પછૈં ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે અને હું ક્યારેક મજાકમાં કહું છું કે અહીં ભારતના ઘણા રાજ્યોમાં માતાને પણ આઈ કહેવાય છે. હવે હું કહું છું કે જ્યારે બાળક આપણા દેશમાં જન્મે છે, ત્યારે છક્રૈ પણ બોલે છે. છૈં પણ બોલે છેપ મેં ય્૨૦ માં છૈં નો ઘણો ઉપયોગ કર્યો. મેં ય્૨૦ ના પરિસરમાં ભાષાના અર્થઘટનની વ્યવસ્થા કરી.બિલ ગેટ્સ સાથે વાતચીત કરતી વખતે, પીએમ મોદીએ કહ્યું, "જો આપણે છૈં નો ઉપયોગ જાદુઈ સાધન તરીકે કરીએ તો તે એક મોટો અન્યાય હશે. જો હું મારી આળસ બચાવવા માટે છૈં નો ઉપયોગ કરું તો તે ખોટો રસ્તો છેપ મારે તેથી ChatGPT સાથે સ્પર્ધા કરવી જોઈએ. હું AI થી આગળ જવાનો પ્રયત્ન કરીશપ"

વડા પ્રધાનના નિવાસસ્થાને બિલ ગેટ્સ સાથે વાતચીત કરતી વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "સ્વાસ્થ્ય, કૃષિ અને શિક્ષણ, સાથે મેં ગામડાઓમાં ૨ લાખ આયુષ્માન આરોગ્ય મંદિરો બનાવ્યા છે.

CMYK CMYK

# કાગવડના કણ-કણમાં સમાહિત આદ્યશક્તિ માં ખોડિયારની ચેતના અવિસ્મરણીય છે:પરસોત્તમ રૂપાલા,કેબિનેટ મંત્રીએ સંત શિરોમણી પુ. જલારામ બાપાના વીરપુર મંદિર ખાતે દર્શન કર્યા






કાગવડ સ્થિત શ્રી ખોડલધામ ખાતે મા ખોડિયારના દર્શન કરીને ધન્યતાની લાગણી અનુભવી. માતાજી સૌની મનોકામના પૂર્ણ કરે. આ અવસરે મંદિરના ટ્રસ્ટીશ્રી તથા ભક્તજનો સાથે આત્મીય મુલાકાત કરી.

ભારત સરકારના કેબિનેટ મંત્રીશ્રી પરસોત્તમ રૂપાલા એ સંત શિરોમણી પુ. જલારામ બાપાના વીરપુર મંદિર ખાતે દર્શન કર્યા. તેમજ રાજકોટ ડેરીના ચેરમેન ગોરધનભાઈ ધામેલિયાના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત લીધી ત્યારે લોકલાડીલા ધારાસભ્યશ્રી જયેશભાઈ રાદડિયા, રાજ્યસભાના સાંસદશ્રી રામભાઈ મોકરીયા, જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્યશ્રી જનકભાઈ ડોબરીયા, તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, સરપંચશ્રીઓ, વીરપુર ગામના સર્વ સમાજના પ્રમુખશ્રીઓ, સામાજિક અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લામાં તા.૩૦ માર્ચે કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ સહિતની પરીક્ષા યોજાશે

## પરીક્ષા કેન્દ્ર અને આસપાસના વિસ્તારોમાં પ્રતિબંધિત કૃત્યો કરવા નહિ

અમરેલી:ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૩૦ માર્ચ, ૨૦૨૪ શનિવારના રોજ કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ અને જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષા-૨૦૨૪ આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર આ પરીક્ષા દરમિયાન પરીક્ષા સ્થળ પર કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને ગેરરિતીઓ અટકે તે માટે અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અંતર્ગત જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ પરીક્ષા સ્થળ પર કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે, ગેરરીતિ ન થાય તે માટે પ્રતિબંધિત કૃત્યો કરવા મનાઇ ફરમાવવામાં આવી છે.

પરીક્ષા કેન્દ્રોમાં મોબાઈલ, ફેક્સ, ઝેરોક્ષ, કોપી મશીનો, મોબાઇલ ફોન, સ્માર્ટ વૉચ, બ્લુટુથ, ઇયરફોન, કેમેરા, લેપટોપ, ફેક્સ સહિત કોઈપણ પ્રકારના કોમ્યુનિકેશન સાધનો તથા આસપાસના વિસ્તારોમાં ઝેરોક્ષ, કોપી મશીનો સહિતના ઇલેક્ટ્રોનિક વિજાણુ યંત્ર પર પરીક્ષા સમય દરમિયાન પ્રતિબંધ રહેશે. પરીક્ષા કેન્દ્રોની ચો તરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા તમામ મકાનો તથા જગ્યા સ્થળ અને વિસ્તારમાં આ જાહેરનામાં અંતર્ગત પ્રતિબંધિત કૃત્યો કરવા મનાઇ ફરમાવવામાં આવી છે. પરીક્ષાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે પરીક્ષા સ્થળની આસપાસના વિસ્તારમાં લાઉડ સ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે. પરીક્ષા બિલ્ડિંગ ખાતે કોઈપણ પરીક્ષાર્થી તેમ જ પરીક્ષા સાથે સંકળાયેલ હોય તેવા કર્મચારી તેમના મોબાઈલ લઈ જઈ શકશે નહીં. બિલ્ડિંગના પ્રવેશદ્વારથી જ અંદર મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ છે. અનિવાર્ય સંજોગોમાં જ સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે. પરંતુ મોબાઈલ જે-તે સંસ્થાના આચાર્યશ્રીના રુમમાં સેફ કસ્ટડીમાં રાખી તેનો દુરુપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે. બિન અધિકૃત માણસો ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરી શકશે નહીં. પરીક્ષા સંબંધિત ચોરી ગણાય તેવી કોઈપણ વસ્તુ, ઈલેક્ટ્રોનિક આઈટમ, પુસ્તક, કાપલીઓ, મોબાઈલ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહીં કે કરવામાં મદદ કરવી નહીં.

# બાબલા બાપુ બાબા આશ્રમ મુકામે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનુ આયોજન કરાયું



ઉના:

ઉનાના સીમર બંદર મુકામે સમગ્ર સમસ્ત સીમર ગ્રામજનો દ્વારા નવરંગો માંડવો તેમજ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતુ. તેમજ બાબા આશ્રમના પૂજારી નારણગીરી બાપૂ એ ગામ લોકોને ભોજન પ્રસાદનું આયોજન કરેલ જેમાં પ્રસાદીનો લાભ લીધો હતો. અને ભાવિભક્તોને પ્રાણ પ્રતિષ્ઠામાં દર્શન કર્યાં હતાં.

સીમર ગામનાં આર્મી ફૌજી ૧૫ જેટલાં જવાનોએ ચાલુ નોકરી પરથી રજા લઈ બાબા આશ્રમ ખાતે આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ખાસ હાજરી આપી હતી. અને ભાવિ ભક્તોને બાબા આશ્રમના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. કોળી સમાજના નવ યુવાનો જય હો ગ્રૂપ એ સતત રાત દીવસ સુધી મહેનત કરી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ સમગ્ર ધાર્મિક પ્રસંગે સીમર ગામનાં સંતો મહંતો, વડીલો, ભાવિ ભક્તો ભાઈ-બહેનો સાહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# લુ લાગવાથી બચીએ,તકેદારીના પગલાં ભરીએ: આરોગ્ય તંત્રનો અનુરોધ

અમરેલી:ભારતીય હવામાન વિભાગની યાદી મુજબ, ગુજરાતમાં આગામી દિવસોમાં તાપમાન વધવાની શક્યતા છે. તેને અનુસંધાને અમરેલી જિલ્લામાં પણ આગામી દિવસોમાં તાપમાન સામાન્ય કરતા વધુ રહે તેવી શક્યતા હોય આવા સંજોગોમાં લુ લાગવાની શક્યતા વધુ રહે છે. વધુ પડતી ગરમીના કારણે લુ લાગવાના કેસો ખાસ કરીને નાના બાળકો સગર્ભા માતાઓ, વૃદ્ધો, અશક્ત, બીમાર હોય તેવા દર્દીઓ, શ્રમિકો અને ખેત મજૂરોને લુ લાગવાની ઘટના વધુ પ્રમાણમાં બને છે, જે જીવલેણ પણ બની શકે છે.

શરીર અને માથાનો દુ:ખાવો થવો, શરીરનું તાપમાન વધી જવું, ખૂબ તરસ લાગવી, ત્વચાનું ગરમ, લાલાશવાળું અને શુષ્ક થઈ જવું, ઉલ્ટી કે ઉબકા થવા કે આવવા, આંખે અંધારા કે ચક્કર આવવા, શ્વાછોશ્વાસ અને હૃદયના ધબકારા વધી જવા, અતિ ગંભીર હોય તો તેવા કિસ્સામાં ખેંચ આવવી કે બેભાન થઈ જવું જેવા લક્ષણો લુ લાગવા સમયે થાય છે તે દરેક નાગરિકે જાણવું જરુરી છે.

લુ લાગવાથી બચવાના ઉપાયો કરવા આવશ્યક છે. ગરમીમાં શક્ય હોય ત્યાં સુધી બહાર નીકળવાનું ટાળવું. આખું શરીર અને માથું ઢંકાય તે રીતે સફેદ સુતરાઉ કપડા પહેરવા. માથા પર ટોપી, આંખે ચશ્મા અને માથા પર તડકો ના લાગે તે રીતે છત્રીનો ઉપયોગ કરવો. ભીના સુતરાઉ કપડાથી માથું ઢાંકી રાખવું. જરુર જણાય તો ભીના કપડાથી શરીરને અવારનવાર લૂછવાની આદત કેળવવી. સૂર્ય પ્રકાશ સીધો આવે તેવું હોય તો તેનાથી બચવું અને દિવસ દરમિયાન ઝાડ નીચે, ઠંડક અને છાયા વાળા સ્થળમાં રહેવું. દિવસ દરમિયાન પુષ્કળ પ્રમાણમાં પાણી, લીંબુ શરબત, નાળીયેરનું પાણી, ઓ.આર.એસ.વગેરે પીવાની આદત કેળવવી. નાના બાળકો, સગર્ભા માતા, વૃધ્ધો અને અશકત, બીમાર વ્યક્તિઓએ તડકામાં વિશેષ કાળજી રાખવી જરુરી છે. ગરમીમાં બજારમાં મળતો ખુલ્લા વાસી ખોરાક ખાવા નહિ. સામાજિક પ્રસંગો હોય ત્યારે દૂધ માવામાંથી બનાવવામાં આવેલા ખાદ્યપદાર્થો ખુલ્લા કે વધુ સમય પડતર રહ્યા હોય તો તે ખાવા નહિ ગરમીની ઋતુમાં બને ત્યાં સુધી ભૂખ્યા ન રહેવું. ચા - કોફી તમાકુ - સિગરેટ સહિતના ઉત્પાદનોના સેવનથી લુ લાગવાની શક્યતા વધે છે તેથી તેનું સેવન ટાળવું. માથાનો દુ:ખાવો, બેચેની, ચક્કર આવવા, ઉબકા કે તાવ આવે તો તરત જ નજીકના આયુષમાન આરોગ્ય મંદિર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, દવાખાનાનો સંપર્ક કરવા અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને એપેડેમિક મેડિકલ અધિકારીશ્રી દ્વારા એક અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજેશ ચુડાસમાએ ગિરીશ કોટેચાના નિવાસ સ્થાનની લીધી મુલાકાત

## કોઈપણ વસ્તુ જાણ્યા વગર કોઈએ ખોટી પોસ્ટ મૂકવી નહીં,લોહાણા સમાજને બદનામ કરવાનું કામ ન કરવું : ગિરીશ કોટેચા

કૈલેશ ભટ્ટ ઉના:

જુનાગઢ લોકસભા સીટના ભાજપના ઉમેદવાર ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચાના ઘરે પહોંચ્યા હતા. ત્યારે ગીરીશભાઈ દ્વારા રાજેશ ચુડાસમાના હારતોરા,તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતુ.રાજેશ ચુડાસમાએ મંદિરમાં પૂજા અર્ચના શિવલિંગ પર અભિષેક કર્યો હતો. તેમ જ ગીરીશભાઈ કોટેચા દ્વારા લોહાણા સમાજ વિશે ખોટી અફવા ફેલાવનારાઓને ચેતવણી આપવામાં આવી હતી.અને કોઈપણ પ્રકારનું સત્ય જાણ્યા વગર આવી પોસ્ટ પર ધ્યાન ન આપવા અપીલ કરવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજેશભાઈ ચુડાસમા ને જે ટિકિટ આપવામાં આવી છે તે માટે તેમના નમ્ર સ્વભાવ અને કામ કરવાની



રીતને ગિરીશભાઈ કોટેચા એ બિરદાવી હતી. રાજેશભાઈ ચુડાસમા દ્વારા ગીરીશભાઈ કોટેચાના ઘરે તેમના પરિવાર તેમજ અગ્રણીઓ સાથે મુલાકાત કરવામાં આવી હતી.લોહાણા મહા પરિષદના સૌરાષ્ટ્રના પ્રભારી અને સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેનાના પ્રમુખ તેમજ જુનાગઢ ડે મેયર ગિરીશ કોટેચા એ જણાવ્યું હતું કે ભારતી જનતા પાર્ટી દ્વારા ત્રીજી વખત સાંસદ રાજેશભાઈ ચુડાસમા ને જુનાગઢ લોકસભાની ટિકિટ આપી છે. વડાપ્રધાન મોદી જયારથી વડાપ્રધાન બન્યા છે ત્યારથી જ રાજેશભાઈ ચુડાસમા તેના સાથી રહ્યા છે. અને આ વખતે પણ નરેન્દ્ર ભાઈ મોદીની સાથે જ તેમના સાથી રાજેશભાઈ ચુડાસમા રહેશે.

રાજેશભાઈ ચુડાસમાએ જુનાગઢ જિલ્લાનો પૂરેપૂરો વિકાસ કર્યો છે.અમારી સાથે પણ ટીમ વર્કમાં રહીને રાજેશભાઈ ચુડાસમા એ કામ કર્યું છે. ભારતીય જનતા પાર્ટીએ જ્યારે ત્રીજી વખત ટિકિટ આપી છે ત્યારે સમજી વિચારીને જ ટિકિટ આપી હશે. કારણ કે રાજેશભાઈ ચુડાસમા ની કામ કરવાની પદ્ધતિ બિલકુલ નમ્ર છે. નાના માણસ હોય કે મોટો માણસ હોય તેની સાથે હળી મળીને કામ કરે છે. આ વર્ષે જ્યારે ભારતીય જનતા પાર્ટી નો પાંચ લાખનો ટાર્ગેટ છે તે આપણે સૌએ સાથે મળી પૂરો કરી રાજેશભાઈ ને જીતાડવાના છે. અને તે આપણા સૌની જવાબદારી છે.

કોઈપણ પૂરી વસ્તુ જાણ્યા વગર કોઈએ ખોટી પોસ્ટ મૂકવી નહીં. અને લોહાણા સમાજને બદનામ કરવાનું કામ ન કરવું. કારણકે એ પૂરી તપાસ કર્યા બાદ જ ભારતીય જનતા પાર્ટીએ રાજેશભાઈ ચુડાસમા ની ટિકિટ આપી છે. અને હું પણ આટલા વર્ષોથી રાજેશભાઈ ચુડાસમાને જાણું છું અને અત્યાર સુધી રાજેશભાઈ ચુડાસમાંથી ક્યારેય ભૂલ ન થાય.

# બાબાપુર ખાતે મતદાન જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો

## વિદ્યાર્થીઓને મતદાર જાગૃત્તિ કાર્યક્રમના એમ્બેસેડર બની મતદાન કરવા અને જાગૃત્તિ પ્રસરાવવાઅનુરોધ

અમરેલી:

સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત અમરેલી જિલ્લામાં યુવાન મતદારો અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાના હેતુથી અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમરેલીના બાબાપુર સ્થિત સર્વોદય સંસ્થા ખાતે ખર્ચ અનુ TIP નોડલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યાની પ્રેરક ઉપસ્થિતિમાં 'મતદાન જાગૃત્તિ' કાર્યક્રમ યોજાયો હતો.

અમરેલી જિલ્લામાં મતદાનની ટકાવારી વધે અને મતદારો ઉત્સાહપૂર્વક મતદાન પ્રક્રિયામાં જોડાય તે માટે યોજાયેલા



આ જાગૃત્તિ કાર્યક્રમમાં ખર્ચ નોડલ અને અમરેલી જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યાએ જણાવ્યુ કે, લોકસભાની ચૂંટણીમાં અમરેલી જિલ્લામાં કેટલાક બુથ પર મહિલા મતદારોનું મતદાન ઓછું હતું. કેટલાક બુથ પર ૫૦ ટકાથી ઓછું મતદાન હતું ત્યારે આ લોકસભા સામાન્ય ચૂંટણીમાં દરેક બુથ પર મહિલા અને પુરુષ મતદારોનું મતદાન સમાન ટકાવારીમાં થાય અને તમામ બુથ પર વધુમાં વધુ વધુ મતદાન થાય તે માટે ચૂંટણી પંચના નિર્દેશ મુજબ ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.તેમણે ઉમેર્યુ કે, વિદ્યાર્થીઓ મતદાર જાગૃત્તિ કાર્યક્રમના એમ્બેસેડર બની સો ટકા મતદાન થાય તે માટે જાગૃત્તિ પ્રસરાવે. પોતાના પરિવાર ખાસ કરીને પરિવારના મહિલાઓ પણ અવશ્ય મતદાન કરે તે વિદ્યાર્થીઓ સુનિશ્ચિત કરે. જે વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓના ૧૮ વર્ષ પૂર્ણ થયા છે પરંતુ મતદાર તરીકે નોંધણી કરાવી નથી તે ફોર્મ નં. ૦૬ ભરીને મતદાર તરીકે પોતાની નોંધણી કરાવી શકે છે.

તેમણે વધુમાં જણાવ્યુ કે, મતદાન મથકો પર મતદાન પ્રક્રિયા સરળતાથી થઈ શકે તે માટે પાણી, ઓ.આર.એસ.નો જથ્થો તેમજ દિવ્યાંગો માટે વ્હીલચેર સહિતની પ્રાથમિક સુવિધાઓ માટે વ્યવસ્થા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવશે. જે વરિષ્ઠ મતદારોની ઉંમર ૮૫ વર્ષથી વધુ છે તેમના માટે ઘરેથી પોસ્ટલ બેલેટ દ્વારા પણ મતદાન થઈ શકે તે માટે પ્રક્રિયાઓ પણ ચૂંટણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

મતદાન જાગૃત્તિ અંગે ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલી ફિલ્મોનું નિદર્શન પણ આ કાર્યક્રમમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો અને યુવા મતદારોએ મતદાન માટેના શપથ લીધા હત. આ તકે મતદાન જાગૃત્તિ સિગ્નેચર કેમ્પેઈન પણ યોજાયું હતુ

કાર્યક્રમના પ્રારંભે સંસ્થાની પી.ટી.સી. કોલેજ અને શાળાના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનિઓએ મતદાન જાગૃત્તિનું મહત્વ સમજાવતી વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી, સ્પર્ધાના વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી કોટક, અમરેલી તાલુકા વિકાસ અધિકારીશ્રી, સહિત જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીશ્રીઓ, સંસ્થાના વિદ્યાર્થીઓ, યુવા મતદારો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાના મોલડી ગામે ગૌચર જમીન ઉપર થયેલ દબાણ દૂર કરવા

## યુધ્ધના ધોરણે સર્વે કરાવવા માંગ કરાઈ,પશુપાલકોએ ટીડીઓને આવેદનપત્ર પાઠવ્યું



અમરેલી:

સાવરકુંડલા તાલુકાના મોલડી ગામના ગ્રામજનોએ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવી મોલડી ગામમાં મોટાભાગની સરકારી અને ગૌચરની જમીનોમાં દબાણ કરી લેવામાં આવ્યું છે. જેના પરીણામે મોલડી ગામના રેઢીયાર માલઢોર તેમજ માલધારી સમાજના લોકો અને પશુપાલકો અન્ય લોકોને પોતાના પશુઓને ચરાવવા માટે મુશ્કેલ બની ગયું છે. ખરેખર તો દરેક ગામડામાં આવી સરકારી ગૌચરની જમીન માત્રને માત્ર પશુ માટે અને ગામના માલધારી સમાજના પશુઓને ચરાવવા માટે જ હોય છે. તત્કાલ મોલડી ગામમાં સર્વે કરાવી જે ગૌચરની જમીન દબાણ હેઠળ હોય તેને તાત્કાલીક ખાલી કરાવી અને જે વ્યકિતઓએ ગૌચરની જમીનનું દબાણ કરેલ હોય તેની સામે ફોજદારી તથા કડકમાં કડક કાર્યવાહીકરવા ગ્રામજનો ધ્વારા માંગ કરવામાં આવી હતી.

# c-VIGIL એપના માધ્યમથી ચૂંટણીને લગતી કોઈપણ ફરિયાદને લઈને ૧૦૦ મીનિટમાં કાર્યવાહી કરવામાં આવશે

(અતુલ કારિયા) અમરેલી:

સમગ્ર જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે આદર્શ આચારસંહિતા અમલી છે. જિલ્લામાં સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેકટોરલ પાર્ટીસીપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત યુવાન મતદારો અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ દરમિયાન કોઈ પણ નાગરિકને ચૂંટણી અંગે ઉમેદવાર કે આદર્શ આચાર સંહિતાના ભંગ અંગે ફરિયાદ કરવી હોય તો c-VIGIL એપના માધ્યમથી ફરિયાદ કરી શકે છે, જિલ્લા ચૂંટણી તંત્રની ટીમ ૧૦૦ મિનિટમાં સ્થળ પર પહોંચી અને ફરિયાદનો નિકાલ કરશે. c-VIGIL એપના માધ્યમથી જિલ્લાના નાગરિકો આચારસંહિતા ભંગ તથા ખર્ચ વિષયક ફોટોગ્રાફી,વિડીયોગ્રાફી સાથેની કોઈપણ ફરિયાદ અપલોડ કરી શકશે. આ ઉપરાંત મતદાન, મતદાર કાર્ડ કે અન્ય કોઈ પણ બાબતની પૂછપરછ કે માહિતી માટે નાગરિકો ટોલ ફ્રી નંબર ૧૯૫૦ પર પણ ફોન કરી અને જિલ્લા કંટ્રોલ રુમમાંથી માહિતી મેળવી શકે છે. જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન અને તા.૦૪ જૂન, ૨૦૨૪ના રોજ મતગણતરી થશે. જિલ્લાના દરેક નાગરિકો, યુવાઓને 'ચૂંટણી પર્વ- દેશ કા ગર્વ' અભિયાનમાં ભાગીદાર બનવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# અમરેલી સ્થિત નર્સિંગ કોલેજ ખાતે 'યુથ વૉટર્સ ફેસ્ટિવલ' યોજાયો

## મતદાન જાગૃત્તિ અંગે સિગ્નેચર કેમ્પેઈન યોજાયું,યુવા મતદારોએ મતદાન માટે શપથ લીધા

અમરેલી:

સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત અમરેલી જિલ્લામાં યુવાન મતદારો અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોમાં મતદાન જાગૃત્તિ આવે તે માટે અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમરેલી સ્થિત નર્સિંગ કોલેજ ખાતે 'યુથ વૉટર ફેસ્ટિવલ (યુવા મતદાતા ઉત્સવ)' યોજાયો હતો.

અમરેલી જિલ્લા ચૂંટણી ખર્ચ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યાએ વિદ્યાર્થીઓને ચૂંટણી પ્રક્રિયા વિષયક માર્ગદર્શન આપ્યુ અને



મતદાનનું મહત્વ સમજાવ્યુ હતુ. મતદાન જાગૃત્તિ અંગે સિગ્નેચર કેમ્પેઈન યોજાયું હતુ. પ્રથમ વખત મતદાન કરવાના છે તેવા નવા યુવા મતદારોએ મતદાન માટેના શપથ લીધા હતા. જિલ્લાના નાગરિકો અને યુવા મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા અને મતદાનના મહત્વને લઈને જાગૃત્તિ વધે તે માટે અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.

કાર્યક્રમમાં ચૂંટણી પંચની વીડિયો ક્લિપ "હું ભારત છું...."ના માધ્યમથી લોકશાહીના મહાપર્વ એવા ચૂંટણી પર્વ, મતદાન અને ચૂંટણી પ્રક્રિયા વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. કાર્યક્રમ સ્થળે સેલ્ફી પોઈન્ટ તૈયાર કરવામાં આવ્યા હતા જ્યાં યુવા મતદારોએ સેલ્ફી લીધી હતી. વિદ્યાર્થીઓએ મતદાન અંગેના પોતાના પ્રતિભાવો પણ વ્યક્ત કર્યા હતા.

આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, વડીયા તાલુકા મામલતદાર શ્રી, કોલેજ કેમ્પસ ડાયરેક્ટરશ્રી અને પ્રિન્સિપાલશ્રી, વિદ્યાર્થીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ ખાતે ઈ.વી.એમ, વી.વી.પેટ, મોકપોલ, વેબકાસ્ટીંગ સહિતની કામગીરી વિષે વિસ્તૃત સમજણ અપાઈ

રાજકોટ,
રાજકોટ જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે આગામી ૭ મેના રોજ મતદાન યોજાશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા સુચારૂરૂપે પરિપૂર્ણ કરી શકાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી તથા અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મુછારના માર્ગદર્શન હેઠળ વિવિધ મતવિસ્તારમાં ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલ સ્ટાફને તાલીમ આપવામાં આવી રહી છે. જે અંતર્ગત પી.ડી. માલવીયા કોલેજ ખાતે ૭૦ રાજકોટ દક્ષિણ વિધાનસભા મતવિસ્તારનાં લગભગ ૪૦૨ જેટલા પ્રીસાઈડિંગ ઓફિસરોને બે તબક્કામાં માસ્ટર ટ્રેનર શ્રી અરૂણભાઈ દવે દ્વારા





ઈ.વી.એમ, વી.વી.પેટ, પોસ્ટલ બેલેટ તેમજ બૂથ લેવલ સહિત સમગ્ર ચૂંટણી કામગીરી વિષે તાલીમ આપવામાં આવી હતી.

તાલીમમાં સૌપ્રથમ પ્રિસાઈડીંગ ઓફિસરોએ ભારતના ચૂંટણી પંચ દ્વારા નિર્મિત પ્રિ-ટેસ્ટ આપી હતી. પ્રિસાઈડીંગ ઓફિસરોને મતદાનના દિવસે બજાવવાની થતી ફરજ કે જેમાં મોકપોલ, વેબકાસ્ટીંગ જેવી કામગીરી માટે રાખવાની તકેદારીઓ વગેરે અંગે રાજકોટ દક્ષિણ વિધાનસભા મતવિસ્તારનાં મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી ડો. સી.એમ.પરમાર દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉપરાંત, મામલતદારશ્રી જે.વી.કાકડીયાએ મતદાનના આગલા દિવસે કરવાની થતી પૂર્વતૈયારી અને મતદાનના દિવસે કરવાની થતી તમામ વહીવટી પ્રક્રિયાઓ વિષે ઝીણવટભરી માહિતી આપવામાં આવી હતી. તાલીમાર્થીઓને ઈ.વી.એમ. મશીનના નિદર્શન સાથે આઇ.ટી.આઈ.ના કર્મચારીઓ દ્વારા પ્રેક્ટીકલ તાલીમ અને વોટર હેલ્પલાઇન થકી કામગીરી વિશે પણ સમજણ આપવામાં આવી હતી.

# "મતદાન કરીને જરૂર દેશભક્તિ અદા કરવી જોઈએ. હું અચૂક મતદાન કરીશ." - શાળાની વિદ્યાર્થિની

## રાજકોટમાં છાત્રાઓએ મતદાન કરવાનો સચોટ સંદેશો પાઠવતી નાટ્યાત્મક કૃતિ રજૂ કરી

રાજકોટ,
ભારતના ચૂંટણી આયોગે લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ની જાહેરાત કરતાની સાથે રાજકોટ જિલ્લામાં મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષી તથા અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન. કે. મુછારના માર્ગદર્શનમાં લોકશાહીના પર્વ ચૂંટણીમાં મહત્તમ મતદારોને સહભાગી બનાવવા કવાયત હાથ ધરવામાં આવી છે. જેના પગલે ઠેર-ઠેર જાગૃતિ કાર્યક્રમ, સેલ્ફી પોઈન્ટ, કોલેજ કેમ્પસ એમ્બેસેડર, ફ્લેશ મોબ, વિવિધ સ્પર્ધાઓ, પોસ્ટર-પેમ્ફલેટનું વિતરણ, સ્ટીકર-બેનર લગાવવા સહિતની પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. ત્યારે વધુ એક પ્રયોગરૂપે શાળાની વિદ્યાર્થીનીઓએ મતદાન કરવાનો સચોટ સંદેશો પાઠવતી કૃતિ રજૂ કરી હતી.

રાજકોટ અધિક જિલ્લા કલેક્ટર અને નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના દિશાનિર્દેશ મુજબ સ્વીપ (સિસ્ટમેટિક વોટર્સ એજયુકેશન એન્ડ ઇલેક્ટ્રોલ પાર્ટીશીપેશન) અભિયાન અંતર્ગત ચુનાવી પાઠશાળા પ્રવૃત્તિ હેઠળ સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ધોરણ ૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ મતદાનની અગત્યતા દર્શાવતી નાટ્યાત્મક કૃતિ રજૂ કરી હતી. જેમાં વિદ્યાર્થીનીઓએ બી.એલ.ઓ. (બુથ લેવલ ઓફિસર), મતદાતા સહિતના પાત્રોની ભૂમિકા ભજવી હતી. તેમજ કોલેજની પરીક્ષા હોય કે ઘરનું કામ હોય, આવી તમામ બાબતોની પહેલા મતદાન કરવાના કાર્યને પ્રાથમિકતા આપવા પર ભાર મૂક્યો હતો. સાથેસાથે "મતદાન કરીને જરૂર દેશભક્તિ અદા કરવી જોઈએ. હું અચૂક મતદાન કરીશ." - કહીને મતાધિકારનો ઉપયોગ કરવાનો પ્રેરણાત્મક સંદેશો આપ્યો હતો. એટલું જ નહીં, મતદાર કાર્ડ ઉપરાંત આધાર કાર્ડથી પણ મત આપી શકાય છે, આ બાબતને નાટકમાં વણી લઈને લોકોમાં જાગૃતિ ફેલાવી હતી. આ તકે અન્ય વિદ્યાર્થિનીઓએ પણ મતદાન કરવાનો ઉત્સાહ દર્શાવ્યો હતો.

આ કાર્યક્રમ માટે આચાર્યશ્રી ડો. સોનલબેન ફળદુ, શ્રી મિતલબેન ભુવા, શ્રી સમીરભાઈ પાઠક, શ્રી ધ્રુતીબેન, શ્રી હિમાબેન, શ્રી અમૃતભાઈ, શ્રી ભાનુબેન સહિતના સ્ટાફે જહેમત ઉઠાવી હતી. આમ, મતદાન જાગૃતિ અભિયાનમાં છાત્રાઓએ ભાગ લઈ પોતાનું યોગદાન આપ્યું હતું.

# જસદણ મતદાર વિભાગમાં મતદાન જાગૃતિ અર્થે સ્ટીકર અને પોસ્ટર લગાવાયા

રાજકોટ,
રાજકોટ જિલ્લા ખાતે ૭૨ - જસદણ વિધાનસભા મતદાર વિભાગમાં મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી ગ્રીષ્માબેન રાઠવાની રાહબરી હેઠળ લોકસભાની ચૂંટણીને લઈને મતદાન જાગૃતિ અર્થે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે. જે અન્વયે અધિક જિલ્લા કલેક્ટર અને નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શન મુજબ સ્વીપ (સિસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટ્રોલ પાર્ટીશીપેશન) અભિયાન હેઠળ આટકોટમાં કૈલાસ ઈન્ડેન ગ્રામીણ વિતરક એજન્સી ખાતે મતદાન વિષયક પોસ્ટર તેમજ ગેસ સિલિન્ડર પર સ્ટીકર ચોંટાડવામાં આવ્યાં છે. ઉપરાંત, કોઠી ગામમાં સરકાર માન્ય વાજબી ભાવની દુકાન ખાતે પણ ચૂંટણીને લગતા પોસ્ટર



લગાવવામાં આવ્યા છે. જેનાથી જનતાને મતદાન કરવાની પ્રેરણા મળે છે.

# વેરાવળ હાલાઈ લોહાણા મહાજન દ્વારા જ્ઞાતિ પિતૃ મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન

વેરાવળ,
વેરાવળ હાલાઈ લોહાણા મહાજન દ્વારા જ્ઞાતિ પિતૃ મોક્ષાર્થે શ્રીમદ ભાગવત કથાનું આયોજન આગામી તા.૯ થી ૧૬ એપ્રીલ દરમ્યાન કરવામાં આવેલ છે. આ ધાર્મીક કાર્યમાં ૨૮ પોથી નોંધાયેલ છે અને દરેક પ્રસંગોની ધામધુમ પૂર્વક ઉજવણી કરવામાં આવનાર છે. આ પ્રસંગોમાં સર્વે ધર્મપ્રેમી જનતાને જોડાવા અનુરોધ કરેલ છે.

વેરાવળ હાલાઈ લોહાણા મહાજન વાડી ખાતે યોજાનાર શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના પ્રારંભે તા.૯ ના મંગળવારે બપોરે બે કલાકે પોથીયાત્રા સુભાષ રોડ ઉપર આવેલ શ્રી દ્વારકાધીશજી હવેલી ખાતેથી નીકળનાર છે. આ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં માળીયા વાળા શાસ્ત્રી કેતનભાઈ પેરાણી બપોરે સાડા ત્રણ થી સાંજે સાત કલાક સુધી સંગીત સાથે રસપાન કરાવનાર છે.

આ ભાગવત સપ્તાહમાં તા.૧૧ ના ગુરૂવારે સાંજે સાડા છ કલાકે શિવવિવાહ, તા.૧૨ ના શુક્રવારે સાંજે સાડા છ કલાકે નરસિંહ જન્મ, તા.૧૩ ના શનિવારે સાંજે ચાર કલાકે વામન જન્મ તથા સાંજે પાંચ કલાકે શ્રીરામ જન્મ અને સાંજે સાડા છ કલાકે શ્રી કૃષ્ણ જન્મ ઉત્સવ, તા.૧૪ ના રવિવારે સાંજે સાડા છ કલાકે શ્રી ગીરીરાજ ઉત્સવ-અન્નકોટ, તા.૧૫ ના સોમવારે સાંજે છ થી આઠ કલાકે રૂક્ષ્મણી વિવાહ, તા.૧૬ ના મંગળવારે સવારે સાડા અગીયાર કલાકે સુદામા ચરીત્ર સાથે કથા વિરામ થનાર છે. વેરાવળ હાલાઈ લોહાણા મહાજન આયોજીત આ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના ધાર્મીક કાર્યક્રમને સફળ બનાવવા મહાજન પ્રમુખ વિક્રમભાઈ તન્ના, ઉપપ્રમુખ મુકેશભાઈ રૂપારેલીયા સહીત કારોબારી સભ્યો, યુવાનો જહેમત ઉઠાવી રહેલ છે.

આ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં ૨૮ પોથી નોંધાયેલ હોય જેમાં મુખ્ય યજમાન સ્વ.નૌતમલાલ રૂગનાથ રાચ્છ પરીવાર રહેલ છે ત્યારે ભાગવત પુરાણના આ વિલક્ષણ ચરિત્રનું રસપાન કરી ભકિતરસનો આસ્વાદ માણીને કૃતાર્થ બનવા શ્રી હાલાઈ લોહાણા મહાજન દ્વારા અનુરોધ કરેલ છે.

# સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પી.કે.લહેરીના જન્મદિનની ધાર્મિક અનુષ્ઠાન સાથે ઉજવણી



વેરાવળ,
સોમનાથ મંદિર ખાતે ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રવિણભાઈ લહેરીના ૮૦ક્ માં જન્મદિને સોમનાથ મહાદેવ ને વિશેષ મહાપૂજન કરવામાં આવેલ આ ઓનલાઈન મહાપૂજામાં શ્રીલહેરીની વર્ચુઅલ ઉપસ્થિતી રહેલી. સાંજે ભગવાન સોમનાથ મહાદેવને સાયં વિશેષ શૃંગાર સાથે દિપમાલા કરવામાં આવી છે. ટ્રસ્ટી પ્રવિણભાઈ લહેરીના નિરામય-દિર્ઘાયુષ્ય માટે સોમનાથ ટ્રસ્ટ પરિવાર દ્વારા સોમનાથ મહાદેવને પ્રાર્થના કરવામાં આવેલ હતી.

# મંગળવારે રાજકોટમાં વિદેશ મંત્રી એસ. જયશંકર પ્રબુધ્ધ નાગરિક માટે 'ભારત ભાગ્ય વિધાતા' પર સંવાદ કરશે

## રાષ્ટ્રીય એકતા મંચ દ્વારા પ્રમુખસ્વામી ઓડીટોરીયમ ખાતે કાર્યક્રમનું આયોજન

રાજકોટ,
મોદી સરકાર દ્વારા દેશની વિદેશ નીતિને અપાયેલી એક નવી ઓળખમાં શિલ્પીા જેવી ભૂમિકા ભજવનાર પૂર્વ વિદેશ સચિવ અને વર્તમાન વિદેશ રાજયમંત્રી ડો. સુબ્રહ્મણ્યમ જયશંકર આગામી તા. ૨૨ એપ્રિલના રાજકોટના મહેમાન બની રહ્યા છે અને પ્રબુધ્ધ નાગરિકો સાથે તેઓ 'ભારત ભાગ્ય વિધાતા' પર સંવાદ કરશે. રાષ્ટ્રીય એકતા મંચ રાજકોટ મારફત આ કાર્યક્રમનું આયોજન થયું છે.

તા. ૨ એપ્રિલના મંગળવારે સવારે ૯-૩૦ કલાકે પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ રૈયા રોડ ખાતે આયોજીત આ કાર્યક્રમની જે થીમ છે તે 'ભારત ભાગ્ય વિધાતા' ૨૦૨૨ માં મોદી સરકાર દ્વારા દેશના વિવિધ સંસ્કૃ તિઓ અને વૈવિધ્યરતાભરી ઓળખ છે તેને એક છત્ર હેઠળ લાવવા અને દેશ-વિદેશના લોકોને આ સંસ્કૃતિ અંગે માહિતગાર કરવા અને તે રીતે વસુધેવ કુટુંબ કમના ભારતનો જે વૈશ્વિક મંત્ર છે તેને ગુંજતો કરવા આ એક આયોજન દેશના અલગ-અલગ ભાગોમાં થઈ રહ્યું છે અને વિદેશ મંત્રી એસ. જયશંકર તેમાં રાજકોટના પ્રબુધ્ધ નાગરિકો સાથે સંવાદ કરશે.ગુજરાતમાંથી રાજયસભામાં ચૂંટાયેલા એસ. જયશંકરની દેશ-વિદેશમાં એક ડીપ્લોમેન્ટ તરીકેની ખાસ ઓળખ બની છે. દેશના બીજા કેરીયર ડીપ્લો મેન્ટશ કે જે વિદેશમંત્રી બન્યાો છે તે બહુમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શ્રી એસ. જયંશકરને આપ્યું છે. ૧૯૭૭માં ઈન્ડીયન ફોરેન સર્વિસ (આઈએફએસ) માં પ્રવેશ લીધા બાદ તેઓએ પોતાની રાજદ્વારી કુનેહથી અનેક મિશનોમાં કામ કર્યું છે. ખાસ કરીને તેઓ ચીન અને અમેરિકા ખાતે ભારતના રાજદૂત તરીકેની કરેલી કામગીરી પ્રશંસનીય રહી છે અને અમેરિકા સાથેની શાંતિના હેતુ માટેની અણુ સમજૂતીમાં પણ તેમની મોટી ભૂમિકા રહી છે. જયારે મોદી સરકારમાં વિદેશ મંત્રી બન્યા બાદ ભારતની જે સ્વૂતંત્ર વિદેશ નીતિ છે તેને તેઓએ ઓળખ આપી છે.

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી વૈશ્વિક નેતા તરીકે સ્થા પિત થયા તેમાં પણ એસ. જયશંકરનું યોગદાન મહત્વનનું રહ્યું છે. અને એક તરફ બેબાક ભાષામાં ચીન અને અમેરિકાને પણ સાચી વાત કરવાની હિંમત રાખનાર ડીપ્લો મેટ તરીકે તેમની ઓળખ બની છે. શ્રી એસ. જયશંકરએ વિવિધ દેશો સાથે ભારતના સંબંધોમાં નવો યુગ આવ્યોી છે તેમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ સાથે કામ કરીને સફળતા અપાવી છે.રાજકોટના પ્રબુધ્ધ નાગરિકોને રાષ્ટ્રી ય એકતા મંચના શ્રી શૈલેષભાઈ જાની, અજયભાઈ જોષી, હિરેન કાવઠીયા, નંદલાલભાઈ માંડવીયા, ડી.વી. મહેતા, મનોજભાઈ કલ્યા ણી, અનુપમભાઈ દોશી, અજયભાઈ પટેલ, દુર્લભસિંહ રાઠોડ, કશ્ય?પભાઈ છોટાઈ, સંજયભાઈ ટાંક તથા ડો. જનકભાઈ મારૂએ અપીલ કરી છે.

# રાજકોટમાં મહિલાઓને મુંજવતા પ્રશ્નો- અંગે જાગૃતિ કાર્યક્રમ




રાજકોટ,
પગભરની ટીમ દ્વારા મહિલા જાગૃતિ કાર્યક્રમમાં ૨૦ થી વધુ તાલીમાર્થી મહિલાઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં માસિકસ્ત્રાવ દરમિયાન ધ્યા્નમાં રાખવામાં આવતી બાબતો, માસિક દરમિયાન સ્વ ચ્છઆતા અનેસ્ત્રીઓને થતી સમસ્યા્ઓ અને રોગો વિષે માહિતી આપવામાં આવી હતી. તાલીમાર્થી બહેનો દ્વારા માસિક દરમ્યાવન સમસ્યાય જેવી કે ઈન્ફેકશન, રેસીસ, જવાળ, બળતરા વગેરેને લગતા પ્રશ્નોતિરી કરવામાં આવી અને પગભરના શ્રાધ્ધોબેન પંડયા એ તેઓને મુંઝવતા પ્રશ્નો ના જવાબ આપવામાં આવ્યાી અને માસિક દરમ્યાગન કયા કારણસર, રેસીસ, ખંજવાળ બળતરા થાય છે તેનું કારણ પ્લા્સ્ટિનક સીટ પે઼ડસય છે તેવું જ્ઞાન તમામ તાલીમાર્થી બહેનોને આપવામાં આવ્યુ્. દિપ્તીબેનનો સહયોગ મળેલ. આ પ્રકારના સેમીનાર કરાવવામાં ટીમ પગભરનો મો. ૯૯૦૯૪ ૮૭૮૮૭ સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# કોફી વીથ કલેકટર : ચેતેશ્વર પૂજારા "મતદાન" માટે અપીલ કરશે

રાજકોટ,
રાજકોટ શહેર-જીલ્લામાં મતદાન જાગૃતિ અર્થે સ્વી'પના ઢગલાબંધ કાર્યક્રમો દરરરોજ તાલુકા-નગરપાલીકા તથા રાજકોટ શહેરમાં યોજાઈ રહ્યા છે.

હવે કલેકટરના અને એડી. કલેકટરના માર્ગદર્શન હેઠળ સ્વીપના નોડલ ઓફીસર અને એડી. કલેકટરશ્રી જીજ્ઞાસા ગઢવી મતદારો અને ખાસ કરીને યુવા મતદારોમાં જાગૃતિ અર્થે એક મહત્વપનો કાર્યક્રમ આવતા અઠવાડિયે કરવા જઈ રહ્યા છે.

અત્રે એ નોંધનીય છે કે રાજકોટના પનોતા પૂત્ર અને ભારતના સ્ટા?ર ઓપનીંગ બેસ્ટઠમેન વન્ડલરબોય શ્રી ચેતેશ્વર પૂજારા કેન્દ્રનમાં ચૂંટણી પંચના બ્રાન્ડર એમ્બોસેડર છે, તેઓ દર ચૂંટણીમાં મતદારોને મતદાન કરવા અચુક અપીલ કરે છે, પોતે પણ સજોડે મતદાન કરવા જાય છે.

આ વખતે પણ સ્વીનપ દ્વારા કોફી વીથ કલેકટર અંતર્ગત રાજકોટની એક વિખ્યાીત હોટલમાં સાંજના સમયે આવતા અઠવાડિયે મહત્વીનો કાર્યક્રમ યોજાઈ રહ્યો છે, જેમાં બેટલમેન ચેતેશ્વર પૂજારા સહ પરિવાર ખાસ ઉપસ્થિઠત રહી મતદારોને રાજકોટ લોકસભા બેઠકની આગામી ૭ મે ના રોજ યોજાનાર ચૂંટણીમાં અચુક મતદાન કરવા અપીલ કરશે, ચેતેશ્વર હાજર રહેનાર હોય, યુવા મતદારો આ કાર્યક્રમમાં ખાસ ઉમટી પડશે, કાર્યક્રમ અંગે ચૂંટણીના એડી. કલેકટરશ્રી નારણ મૂછાર, સ્ટા૭ફના નોડલ ઓફીસર અને એડી. કલેકટર શ્રી ચેતન ગાંધી ખાસ માર્ગદર્શન આપી રહ્યા છે.

ઉપરોકત કાર્યક્રમ બાદ સ્વીુપ દ્વારા રાજકોટના ટોચના નાગરિકો-હસ્તીીઓ કે જેઓ રાજકારણ સાથે કોઈપણ રીતે જોડાયેલ નથી તેવા સાથે કલેકટર સાથે મતદાન જાગૃતિ અંગે અપીલ કરતો કાર્યક્રમ યોજવા જઈ રહ્યું છે, અને ત્યોરબાદ મતદાન તારીખના ૧૦ દિવસ અગાઉ રાજકોટના અખબારોના તંત્રીશ્રીઓ સાથે કલેકટરની કોફીસ વીથસ્નોકસ સાથે મતદાન જાગૃતિ-મતદાન અચૂક અંગે અપીલ-ફોટોગ્રાફી તથા ખાસ વિશદ્? ચર્ચાઓ યોજતો કાર્યક્રમ યોજાશે, આ તમામ કાર્યક્રમ અંગે સ્વીરપના નોડલ ઓફીસર શ્રી જીજ્ઞાસા ગઢવી, નાયબ મામલતદાર પ્રિતી મેડમ વિગેરે સ્ટાનફ તૈયારી કરી રહ્યો છે.

# રાજકોટ શહેરમાં બપોરે ૧ થી ૪ ટ્રાફિક સિગ્નલ બંધ રહેશે

## કાળજાળ ગરમી શરૂ થતાં ટ્રાફિક બ્રાંચ દ્વારા શહેરીજનો માટે લેવાયો મહત્ત્વનો નિર્ણય

રાજકોટ,
ઉનાળાની હજુ શરૂઆત પણ નથી થઈ ત્યાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં કાળઝાળ ગરમી પડવા લાગી છે ત્યારે શહેરીજનોને કાળઝાળ ગરમીમાં ટ્રાફીક પોઈન્ટ પર સેકાવું ન પડે તે માટે ટ્રાફીક બ્રાંચ અને કોર્પોરેશન દ્વારા મહત્વનો નિર્ણય લઈ બપોરે ૧ થી ૪ ટ્રાફીક સિગ્નલ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.રાજકોટ શહેરની ટ્રાફીક સમસ્યા દિવસને દિવસે જટીલ અને માથાના દુઃખાવા રૂપ બની ગઈ છે ત્યારે ટ્રાફીક સમસ્યા સુચારૂ રૂપ ચાલે તે માટે શહેરમાં બે ડઝનથી વધુ સ્થળોએ ટ્રાફીક સિગ્નલ ગોઠવવામાં આવ્યા છે. અદ્યતન ટાઈમર સાથેના ટ્રાફીક સિગ્નલો સવારથી સાંજ સુધી કાર્યરત રહે છે જેના કારણે શહેરમાં ટ્રાફીક સમસ્યા મહંદ અંશે ઉકેલી શકાય છે. ટ્રાફીક સમસ્યા હળવી કરવા માટે મુકવામાં આવેલા ટ્રાફીક સિગ્નલો પર કાળઝાળ ગરમીના કારણે વાહન ચાલકોને બપોરે ટ્રાફીક ન હોવા છતાં ફરજિયાત તડકામાં રોડ ઉપર ઉભા રહેવું પડતું હોય જેમાંથી વાહન ચાલકોને રાહત આપવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. દર વર્ષની માફક આ વર્ષે પણ ટ્રાફીક બ્રાંચ અને કોર્પોરેશન દ્વારા રાજકોટ શહેરના બે ડઝન જેટલા ટ્રાફીક સિગ્નલો બપોરે ૧ થી ૪ ત્રણ કલાક માટે બંધ રાખવાનો નિર્ણય લીધો છે. જેના કારણે હવે વાહન ચાલકોને ટ્રાફીક પોઈન્ટ ઉપર કાળઝાળ ગરમી કે આકરા તાપમાં સેકાવું નહીં પડે. ટ્રાફીક બ્રાંચ દ્વારા શહેરના ટ્રાફીક સિગ્નલો બંધ રાખવા માટે કોર્પોરેશનને લેખિતમાં જાણ પણ કરી દીધી છે અને ત્યારબાદ શહેરીજનોના હિતમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## ભાજપની નવા ઉમેદવારોની સરપ્રાઈઝ યાદી

આખો ભારત દેશ આગામી ત્રણ મહિના માટે ચૂંટણી જવાનો છે રાજકીય નેતાઓ અને પક્ષના વચનો અને ઇરાદા ના અવનવાર પ્રકારો તેમાં પ્રજાને જોવા મળશે જાણવા મળશે આગામી લોકસભા ચૂંટણી માટે ભાજપાએ કુલ ૪૦૫ ઉમેદવાર ફાઇનલ કરી નાખ્યા છે. મંગળવારે છઠ્ઠી યાદી જાહેર કરવામાં આવી હતી જેમાં રાજસ્થાનથી બે ઉમેદવાર અને એક મણિપુરથી હતા. રવિવારે પાંચમી યાદીમાં ૧૧ નામ જાહેર કરવામાં આવ્યાં હતાં. ભાજપે તબક્કાવાર ૬ યાદી જાહેર કરી મહારાષ્ટ્ર, હરિયાણા, યુપી, ગુજરાત, રાજસ્થાન, દિલ્હી સહિત રાજ્યોના ઉમેદવાર ફાઇનલ કર્યા છે. લોક્સભાની ચૂંટણી માટે ભાજપ મોવડીમંડળે ઉમેદવારોની પાંચમી યાદીમાં અનેક મોટા ફેરફાર જોવા મળ્યા છે. અનેક સ દિગ્ગજોની ટિકિટ કપાઈ છે નવા ચહેરા પર દાવ લગાવ્યાનું ચિત્ર બા છે. ત્રણ બેઠકો પર ઉમેદવારોનાં નામ જાહેર થયાં પછી ચૂંટણી ૨૦ લડવાના ઇનકાર બાદ નવા ચહેરાને તક આપવામાં આવી છે. હ ભાજપના પાંચમા લિસ્ટમાં ૩૭ સાંસદોનાં નામ ગાયબ છે. જે ? મુખ્ય નેતાઓને ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે તેમાં ફિલ્મ અભિનેત્રી કંગના રનૌત, રામાયણ સિરિયલમાં રામનું પાત્ર ભજવનાર અરુણ ગોવિલનાં નામ છે. મેનકા ગાંધીને ટિકિટ આપવામાં આવી છે, તો તેમના પુત્ર વરુણનું પત્તું કપાયું છે. હરિયાણામાં કોંગ્રેસમાં બે વેળા સાંસદ રહેલા નવીન જિંદલનો. કુરુક્ષેત્રથી અને અપક્ષ વિધાનસભ્ય અને રાજ્ય સરકારમાં પ્રધાન રણજિત ચૌટાલાને હિસારથી ટિકિટ આપવામાં આવી છે. તેઓ બે દિવસ પહેલાં જ ભાજપમાં જોડાયા હતા. તેઓ ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન ચૌધરી દેવીલાલના પુત્ર અને ઓમપ્રકાશ ચોટાલાના ભાઈ છે. ચૌધરી વીરેન્દ્ર સિંહ અને તેમના પુત્ર સાંસદ બૃજેન્દ્ર સિંહના ભાજપ છોડયા પછી પક્ષને હિસાર બેઠક પર શક્તિશાળી ઉમેદવારની આવશ્યક્તા હતી. વાયનાડમાં રાહુલ ગાંધી સામે ભાજપના પ્રદેશાધ્યક્ષ કે. સુરેન્દ્રનૂને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે.

ભાજપે બિહારમાં પોતાના અનેક મુખ્ય નેતાઓ પર ફરીથી વિશ્વાસ મૂક્યો છે, જેમાં રવિશંકર પ્રસાદ, રાજીવ પ્રતાપ રૂડી, નિત્યાનંદ રાયગિરિરાજ સિંહ, આર. કે. સિંહ, રાધામોહન સિંહનો સમાવેશ થાય છે. કર્ણાટકમાં પક્ષને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન જગદીશ શેટ્ટારને ઉમેદવાર બનાવ્યા છે.

# ભાવનગર રાજયના વિકાસ અને સ્થિરતા માટેનું મુખ્ય કારણ રાજવીઓ અને દીવાનોએ પરંપરાને અનુસરીને કરેલાં પ્રજાકીય કાર્યો

### સૌરાષ્ટ્રભરમાં સૌથી વધારે ભાવનગરમાં કેળવણી વિકસાવવા તરફ ધ્યાન અપાયું

### ઈ.સ. ૧૮૮૪માં "શામળદાસ કોલેજ"ની શરૂઆત થઈ હતી

### 'સુધરવું છે તો પૂર્ણ રીતે'

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

ભાવનગરે ઉચ્ચ પ્રકારનું માળખું પુરુ પાડીને કાયમી સ્થિર અને સંગીન વહીવટીતંત્રની સ્થાપના કરી, કાઠિયાવાડના અન્ય રાજયોની સરખામણીમાં કેટલાક પાયાના અને ક્રાંતિકારી સુધારાઓ દાખલ કર્યા જેથી આદર્શરાજય બની શક્યું. વિકાસ અને સ્થિરતા માટેનું મુખ્ય કારણ ભાવનગરના રાજવીઓ અને દિવાનોએ પરંપરાને અનુસરીને વિવિધ પ્રકારનાં પ્રજાકીય કાર્યો હાથ ધર્યા હતાં.

મહારાજા તખ્તસિંહજીએ ઈ.સ.૧૮૭૫માં મુંબઇ, આગ્રા, દિલ્હી, કલકત્તા, ઇન્દોર, લાહોર, અમૃતસર, હરિદ્વાર, ભરતપુર વગેરે સ્થળોનો પ્રવાસ પોતાના ટ્યુટર અને કમ્પેનિયન કર્નલ નટ સાથે કરેલો. યાત્રાસ્થળ કાશી ખાતે બ્રાહ્મણોદ્વારા પંચદ્રવ્ય દ્વારા વિધિ કરાવવામાં આવ્યો ત્યારે તેમણે આમાશું આવે? આ આચમન શામાટે કરવાનું? બ્રામ્હણો જણાવે છે. પૂર્વેની ભૂલો સુધારવા, શરીરની પવિત્રતાની ભાવનામાટે આ આચમન હોય છે. મહારાજા થોડું આચમન લેવાને બદલે બધુજ પીગયા. અને જણાવ્યું 'સુધરવું છે તો પૂર્ણ રીતે.'




પોતાના જીવન-વ્યવહારમાં પરિવર્તન લાવવા સ્વયંરીતે નિર્ધાર કર્યો. પોતે ખુબજ ખુશ થયા છે તેમ જણાવ્યું. અને યાત્રા પછી નાં તેમના વ્યવહાર અને કાર્યોમાં તેના દર્શન થાય છે. તેમણે લોકકલ્યાણના તેમજ ધાર્મિક કામો કરવા શરૂ કર્યા. એક દંતકથા રૂપ વાત છે કે, ભાવનગરમાં એક સંત આવેલા તખ્તસિંહજીને તેમને મળવા જાવાનું થયું. સંત અને મહારાજા એક બીજાને સામ સામે જોઈ રહ્યા. સંતને જોઈને મહારાજા પ્રભાવિત થયા, સંતે મહારાજાને જોઈને કહ્યું. "તખ્તા હાથકર પખતા નહિતર નહીં રહે વખતા." સંતના શબ્દો સાંભળ્યા પછી તખ્તસિંહજીમાં ગજબનું પરિવર્તન આવ્યું. તેમણે રાજયવિકાસના કામો કરવામાં પાછું વાળીને જોયું નહોતું.

બ્રિટિશસત્તા કાઠિયાવાડમાં સુદ્રઢ થયા પહેલા થોડી-ઘણી ધૂડી નિશાળો હતી. મહેતાજીઓ છોકરાઓને ભણાવતા, પાઠશાળાઓમાં શાસ્ત્રીઓ અને મદ્રેસાઓમાં મૌલવીઓ આજ પધ્ધત્તિએ ભણાવતા. શિક્ષણની પધ્ધતિ, અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકમાં સમાનતા નહોતી. આ ધુડી નિશાળોમાં આંક, કક્કો-બારાખડી, લેખન વાચન, દેશીપલાખાં જેવુ પ્રાથમિક જ્ઞાન અપાતું. પ્રજાને પણ વધારે અપેક્ષા ન હતી. ઇ.સ.૧૮૪૬માં બ્રિટિશ સરકારે ઠરાવ કરેલો કે તેમને મળતી ખંડણીની આવકનો એક ટકો શિક્ષણના ખર્ચ માટે આપશે, બાકીનો ખર્ચ દેશી રાજયોએ પોતે કરવો. કાઠિયાવાડમાં આ યોજનાને પ્રતિસાદ મળ્યો નહોતો. ઇ.સ.૧૮૫૩પછી દેશી રાજયોની રાજધાનીમાં ગુજરાતી શાળાઓ શરૂથવા માંડી. સૌરાષ્ટ્ર ભરમાં સૌથી વધારે ભાવનગરમાં કેળવણી વિકાસ તરફ ધ્યાન અપાયું. ખેડૂતોના બાળકોને કેળવણી મળી રહે તે માટે ખાસ આર્થિક સહાયની યોજના જાહેરાત કરવામાં આવેલ. તખ્તસિંહજીએ શિક્ષણ મેળવ્યું, તે શિક્ષણની મહત્તા સમજતા હતાં. તેમણે રાજયમાં શિક્ષણનો વ્યાપ વધારવા ખરેખરા દિલથી પ્રોત્સાહન આપ્યું હતું. ભાવનગર રાજયના મહુવા, કુંડલા, બોટાદ, તળાજા મહાલોમાં તેમના પૂર્વજો દ્વારા શરૂ કરાયેલ શાળાઓને ઇ.સ.૧૮૭૧માં "સેકન્ડ ગ્રેડ વર્નાક્યુલર સ્કૂલ"ની કક્ષાએ મૂકવામાં આવી. ગામડાઓમાં વધુ શાળાઓ શરૂ કરવામાં આવી. મહાલો અને મુખ્ય મથકોમાં અંગ્રેજી મિડલ સ્કૂલો શરૂ કરાઇ હતી. તખ્તસિંહજી જાણતા હતા કે શિક્ષણનો વ્યાપ ખરેખર વધારવો હોયતો માતા શિક્ષિત હોવીજોઈએ તેથી તેમણે કન્યા કેળવણીને પ્રોત્સાહન આપ્યું. પોતાના પત્નિ ગોંડલના માજીરાજબાના નામે "માજીરાજબા કન્યા શાળા" શરૂ કરી. આ શાળામાં અંગ્રેજી શિક્ષણ આપવાની વ્યવસ્થા કરાઇ હતી. છેવાડાના અને અન્ય ધર્મના લોકો શિક્ષણથી વંચિત નરહે માટે ઉર્દુશાળા શરૂ કરી હતી. ઇ.સ.૧૮૮૨માં બાર્ટન લાઈબ્રેરી અને મ્યુઝિયમનો પાયો નાખવામાં આવ્યો હતો. ગૌરીશંકર ઓઝાની નિવૃત્તિ પછી ઇ.સ. ૧૮૭૯થી ૧૮૮૪ સુધી શામળદાસ પ્રમાણંદદાસ મહેતા દિવાન તરીકે હતા. તેમનું અવસાન થતાં તખ્તસિંહજી ખુબજ વ્યથિત થયેલા. તેમની યાદગીરી માટે કોલેજ શરૂ કરવાનો વિચાર આવતા મુંબઇ યુનિ. માં અરજી કરવામાં આવેલ. પણ યુનિ. એ જણાવ્યુ કે ભાવનગર રાજય નાનું છે, કોલેજનો ખર્ચ ઉપાડી શકે નહીં. જો તમોને શિક્ષણ ઉત્તકર્ષમાં રસ હોયતો ગુજરાતની અમદાવાદ સ્થિત કોલેજને દાન આપો અને તમારા રાજયના શિક્ષણ મેળવવા માગતા યુવાનોને ત્યાં અભ્યાસઅર્થે મોકલવા. આવો જવાબ મળવાથી તખ્તસિંહજીએ યુનિ. ને જણાવી દીધું કે જો ખર્ચનો જ સવાલ હોયતો ભાવનગર રાજયની તમામ મહેસૂલી આવક કોલેજ માટે ખર્ચવાની બહેધરી આપવામાં આવે છે. અંતે મુંબઈ યુનિ. એ કોલેજ શરૂ કરવા માન્યતા આપી. ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ અને ગુજરાતની બીજી કોલેજ શરૂ કરવાનું શ્રેય તખ્તસિંહજીને જાય છે. મહારાજાએ પોતાના રાજયની બહાર અમદાવાદની ગુજરાત કોલેજને અને પુનાની ફર્ગ્યુસન કોલેજને મોટી રકમ ગ્રાન્ટ તરીકે આપી હતી. શામળદાસ કોલેજના યોગ્ય પ્રિન્સિપાલની શોધમાટે ઈંગ્લેન્ડમાં તપાસ કરવા ભાવનગરના પૂર્વ અધિકારી અને તે સમયના બ્રિટિશ પાલમિન્ટના મેમ્બર મહેરવાનજી મંચરજી ભાવનગરીને કામ સોપવામાં આવ્યું. દરમિયાનમાં આલ્ફ્રેડ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ પ્રો. ઊનવાલાએ હાઈસ્કૂલમાં જ કોલેજના વર્ગો શરૂ કરી દીધા હતા. મહેરવાનજીએ જાહેરાત આપી જેથી ૧૩૦ અરજીઓ આવતાં પસંદગી માટે રચાયેલ ખાસ પસંદગી સમિતિએ પૂર્વની વિદ્યાઓના નિષ્ણાંત આર.એચ. ગનિયનની પસંદગી કરી. પ્રો. ગનિયને ફેબ્રુઆરી ૧૮૮૮માં આચાર્ય તરીકેની જવાબદારી સ્વીકારી. શામળદાસ કોલેજ શરૂઆતની માહિતી આપતા પ્રો.કે.સી. શાહ જણાવે છે કે, "જ્યાસુધી કોલેજ માટેનું નવું મકાન તૈયાર ન થાય ત્યાં સુધી કોલેજના વર્ગો બાર્ટન લાઈબ્રેરીમાં ચલાવવા વ્યવસ્થા કરવામાં આવી હતી." ૧૮૮૫માં શામળદાસ કોલેજની સ્થાપના થયા પછી શરૂઆતના કેટલાક મહિના કોલેજ વર્ગો આલ્ફ્રેડ હાઈકૂલના મકાનમાં ચાલ્યા, પછી ઇ.સ.૧૮૯૨ સુધી બાર્ટન લાઇબ્રેરીના એટલેકે હાલના માજીરાજબા ગર્લ્સ હાઈકૂલવાળા મકાનના જૂના ભાગમાં કોલેજ ચાલી, હાલનુ આયુર્વેદ કોલેજવાળું જાણીતું મકાન, ભાવનગર રાજયના બાહોશ બાંધકામ અધિકારી આર.પ્રોક્ટર સિમ્સે ખંતપૂર્વક તૈયાર કર્યુ હતું. શામળદાસ કોલેજના નવા મકાનના એક હોલનું ઉદઘાટન મુંબઇ પ્રાંતના ગવર્નર લોર્ડ રેના હસ્તે ૧૮૮૬ની ૧૭ ડિસેમ્બરના રોજ થયું હતું. સંપૂર્ણ મકાન તૈયાર થઇ જતાં ૧૮૯૩થી શામળદાસ કોલેજ નવા મકાનમાં બેસવા લાગી. અમુક વર્ષો પછી વાઘાવાડી રોડ પર કોલેજ માટે મકાન બન્યું ત્યાં આટ્ર્સ અને સાઇન્સ કોલેજ તરીકે શામળદાસ કોલેજ બેસતી હતી. સાઇન્સ અને આટ્ર્સ કોલેજ અલગ થતાં વાઘવાડી રોડ વાળા મકાનમાં સાઇન્સ વિભાગ અને હાલના મકાનમાં શામળદાસ આટ્ર્સ કોલેજ સ્થળાંતર થઈ. આમ શામળદાસ કોલેજ હાલ પાચમાં મકાનમાં ચાલી રહી છે.

આ કોલેજમાં અનેક વિદ્યાર્થીઓ એ અભ્યાસ કરી પોતાની કારકિર્દી ઉજ્જવળ બનાવી છે તે પૈકીનાં એક મોહનદાસ કરમચંદ ગાંધી છે. તે સમયે કોલેજના સત્રો જાન્યુઆરીથી જૂન અને જુલાઈથી ડિસેમ્બર સુધીના હતા. ગાંધીજી ૧૮૮૮ના જાન્યુઆરીથી એપ્રિલ સુધી એક સત્ર માટે આ કોલેજના વિદ્યાર્થી હતા. તેમને રહેવા માટે હોસ્ટેલની રૂમ તરીકે જશોનાથ મંદિરના પરિસરમાં દરવાજા પાસેની ઓરડી મળી હતી. વેકેશન શરૂ થતાં તેઓ રાજકોટ જતાં રહ્યા હતા. ગાંધીજીએ પોતાની આત્મકથામાં જણાવ્યુ છે કે, "ત્યાં મને કાંઇ આવડે નહીં, બધું મુશ્કેલ લાગે, અધ્યાપકોનાં વ્યાખ્યાનોમાં ન પડે રસ ને ન પડે સમજ. આમાં દોષ અધ્યાપકોનો નહોતો. મારી કચાશનો જ હતો. તે કાળના શામળદાસ કોલેજના અધ્યાપકો તો પહેલી પંક્તીના ગણાતા."

ગૌરીશંકરના પ્રયાસોથી ઇ.સ.૧૮૮૫માં વેદશાળાની સ્થાપના કરવામાં આવી હતી. વેદોના અધ્યન માટે આ વિષયના નિષ્ણાંત ગુરુઓની નિમણૂક કરવામાં આવી હતી. આ શાળામાં સૌરાષ્ટ્ર અને ગુજરાત ભરમાંથી વિદ્યાર્થીઓ વેદઅભ્યાસ માટે આવતા હતાં. આમ ભાવનગર વૈદિકસાહિત્યના અભ્યાસનું કેન્દ્ર બન્યું હતું. આમ પ્રાથમિક શિક્ષણથી શરૂ કરીને છેક કોલેજ સુધીના શિક્ષણ વિકાસ માટે મહારાજા તખ્તસિંહજીના રાજયઅમલ દરમિયાન પ્રશંસનીય કામગીરી થયેલી જોઈ શકાય છે.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** તમારો ખોવાયેલો આત્મવિશ્વાસ અને ઊર્જા આ અઠવાડિયામાં ફરી પાછા ફરશે. પરિણામે, જો તમને પહેલાં કોઈ નિર્ણય લેવામાં મુશ્કેલી આવી રહી હતી, તો તે પણ હવે દૂર થઈ જશે અને તમે તમારી સમજણ બતાવીને, યોગ્ય નિર્ણય લઈ શકશો. આ સમયે, તમે સમાજના ઘણા માનનીય લોકો સાથે વાતચીત કરી શકશો. આ સમય દરમિયાન, તમે તેમના વિવિધ અનુભવોથી તેમની વ્યૂહરચનાઓ અને નવી યોજનાઓ બનાવતા જોશો. જે તમને ભવિષ્યમાં તમારા નાણાંની કુશળતા અને સમજદારીથી રોકાણ કરવામાં મદદ કરશે. આ અઠવાડિયે કૌટુંબિક મુદ્દાઓમાં, બહારના લોકોની અનિચ્છનીય દખલ તમારા અને પરિવારના વૃદ્ધ સભ્યો વચ્ચે તણાવ પેદા કરી શકે છે. જેની અસર સીધી તમારા શબ્દોને અસર કરશે. આખા અઠવાડિયા દરમ્યાન પ્રેમીઓમાં પ્રેમ અને સમર્પણની ભાવના રહેશે. વળી, તે લોકો જે કોઈપણ કારણોસર તેમના જીવનસાથી થી દૂર રહે છે, તેમનો પ્રેમ પણ સામાન્ય કરતા વધારે ઊંડું બનશે અને તેમનો વિશ્વાસ વધશે. જે પછી તમારી વચ્ચેના આ અંતરની કોઈ અસર નહીં થાય અને એક બીજાથી દૂર હોવા છતાં પણ તમે તમારી જાતને એકબીજાની ખૂબ નજીક જોશો.

**વૃષભ - (બ, વ, ઉ) :**બીજામાં વિશ્વાસ કરવો તે ઠીક છે, પરંતુ અંધ વિશ્વાસ એ માનવી માટે હાનિકારક સાબિત થઈ શકે છે. અને નાણાકીય બાબતોમાં આ કંઈક આ અઠવાડિયામાં તમારી સાથે થવાની સંભાવના છે. તેથી, કોઈ પણ વસ્તુ અથવા કોઈ પણ ખાસ વ્યક્તિ પર આંધળો વિશ્વાસ કરવાનું ટાળો. આ અઠવાડિયે, તમારા પૈસા બિનજરૂરી વસ્તુઓ પર ખર્ચ કરવાથી તમારા માતાપિતા ગુસ્સે થઈ શકે છે. આને લીધે, શક્ય છે કે તેમની નિંદા ઉપરાંત, તમારે પણ અન્ય સભ્યોની વચ્ચે સવાલ-જવાબની પરિસ્થિતિમાં જવું પડે. આ અઠવાડિયે, તમે તમારા પ્રેમ સંબંધોને કારણે ખૂબ લાચાર અથવા મૂંઝવણ અનુભવો છો. કારણ કે એવી આશંકાઓ છે કે આ સમય દરમ્યાન ફરી ફરીથી તમારા પ્રેમિકા સાથે ખૂબ જ તુચ્છ બાબતો પર પણ વિવાદ થશે. આવી સ્થિતિમાં, જો તમે ઇચ્છો તો પણ તમે કંઈપણ કરવામાં સંપૂર્ણ રીતે અસમર્થ હશો. આ રાશિના લોકો માટે આ સપ્તાહ તેમની કારકિર્દીમાં ખૂબ જ શુભ સાબિત થશે. કારણ કે આ સમય દરમિયાન તમે બધા ઇચ્છિત ફળ મેળવશો. ઉપરાંત, આ સમય તમારી કારકિર્દી અને વ્યાવસાયિક જીવનમાં સફળ રહેશે, તમને તમારા લક્ષ્યો અને મહત્વાકાંક્ષાઓ પ્રાપ્ત કરવા માટે પુષ્કળ દિશાકીય શક્તિ અને ક્ષમતા પ્રદાન કરશે.

**મિથુન - (ક, છ, ઘ) :-** આ અઠવાડિયું તમારા માટે દોડવામાં ભરેલું રહેશે, જેથી તમે બળતરા થઈ શકો આ કારણોસર આક્રમક્તા તમારા સ્વભાવમાં જોવા મળશે અને તમે દરેક સાથે સીધી વાત કરવામાં તમારી જાતને એકદમ નિષ્ફળ જશો. આ અઠવાડિયે આર્થિક બાજુના ક્ષેત્રમાં તમારે ખૂબ વિચારપૂર્વક ચાલવું પડશે. કારણ કે સંભવ છે કે તમને કોઈ જૂના રોકાણથી ફાયદો થશે, પરંતુ અન્યની તાકીદની માંગણીઓ પૂરી કરવા અને ઇચ્છતા ન થતાં તમે તમારા ઘણા બધા પૈસા ગુમાવશો. જેપછી તમારે ભવિષ્યમાં પણ સમસ્યાઓનો સામનો કરવો પડશે. તેથી, આ સમયે અન્યને ન કહો, તમારે શીખવાની સૌથી વધુ જરૂર પડશે. તમને આ અઠવાડિયે સમાજમાં સન્માન મળશે, જો કે આ સમયમાં તમારા ભાઈ-બહેનોનું સ્વાસ્થ્ય નબળું રહેશે. જેના પર તમારે તમારા કેટલાક પૈસા ખર્ચ કરવા પડશે. પરંતુ આ સમય દરમિયાન, તમે તમારા પરિવારની બધી જવાબદારીઓનું ધ્યાન રાખશો, તમને ઘરમાં માન આપશે. આ અઠવાડિયે, યોગ બની રહ્યા છે કે કોઈક કારણસર અથવા બીજા કારણોસર તમારો પ્રિય વ્યક્તિ અસ્વસ્થ રહેશે. પરંતુ તમને સલાહ આપવામાં આવે છે કે તેઓના રોષ છતાં તમારા પ્રયત્નો ચાલુ રાખો, તેમના પ્રત્યેનો તમારો પ્રેમ બતાવો. આ જલ્દીથી તેમનો ગુસ્સો શાંત કરશે. તમને આ અઠવાડિયામાં તમારા ઉપરી અધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ તરફથી સંપૂર્ણ પ્રશંસા અને ટેકો મળશે. આ સિવાય તમારી યાત્રાઓથી તમને ઘણો ફાયદો થશે.

**કર્ક - (ડ, હ) :-** આ અઠવાડિયાની શરૂઆતમાં, તમારા જીવનની તમામ પ્રકારની આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ જશે અને તેમાં સુધારણાને લીધે, અઠવાડિયાના મધ્યમાં તમને ઘણી મહત્વપૂર્ણ વસ્તુઓ ખરીદવી સરળ રહેશે. જેની સાથે તમે તમારી કમ્ફર્ટમાં વધારો કરતા જોવા મળશે. આ અઠવાડિયે તમારા પ્રત્યેના તમારા પિતાનું વર્તન તમને ખૂબ જ અસ્વસ્થ કરી શકે છે. કારણ કે શક્ય છે કે તમે કહો તે કંઇક વિશે તેઓ તમને નિંદા કરશે. આવી સ્થિતિમાં, શક્ય તેટલું કૌટુંબિક શાંતિ જાળવવા, તેમની સામે પ્રતિક્રિયા આપવાનું ટાળો, નહીં તો વિવાદ વધી શકે છે. આ અઠવાડિયે, તમે તમારા પ્રેમ જીવનમાં સકારાત્મક ફેરફારો જોશો. તમે તમારા પ્રેમીને જીવન સાથી બનાવવા માટે કોઈ વિચાર કરી શકો છો અને આ માટે તમે તેમની સાથે વાત પણ કરી શકો છો, સકારાત્મક જવાબો મળે તેવી સંભાવના પણ છે. આ સમય દરમિયાન, ઘણા યુગલો એક સાથે પિકનિક સ્થળ માટે જઈ શકે છે.

**સિંહ - (મ, ટ) :-**આરોગ્ય સમસ્યાઓ તમારા માટે મુશ્કેલીનું કારણ બની શકે છે. આ સ્થિતિમાં, ખાસ કરીને તમારી આંખો, કાન અને નાકની સંભાળ રાખો, કારણ કે તમને તેનાથી સંક્રમિત થવાની સંભાવના છે. આ અઠવાડિયે આખરે ઘણા મૂળ વતનીઓ તેમની અગાઉના આર્થિક અવરોધોથી છૂટકારો મેળવતા જોવા મળશે. આ સમય દરમ્યાન તમને ખ્યાલ આવશે કે પરિવારના સભ્યો અને તમારા જીવનસાથી તમારા વિશે ખોટું છે, તેઓએ તમારા મુશ્કેલ સમયમાં તમને પૂરો ટેકો આપ્યો છે. આ કારણોસર તમે તમારા કેટલાક પૈસા તેમના પર ખર્ચ કરીને પણ તેમનો આભાર માનો છો. આ અઠવાડિયે, તમે આધ્યાત્મિકતાનો સહારો લઈને તમારા પારિવારિક જીવનમાં ઘણી સમસ્યાઓ દૂર કરતા જોશો. પરંતુ આટલા બધા પ્રયત્નો છતાં નકારાત્મક પારિવારિક વાતાવરણને કારણે તમને વિશેષ માનસિક ચિંતાઓ મળવાનું ચાલુ રહેશે. જો તમારા અને તમારા પ્રેમી વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે, તો તમારે આ અઠવાડિયામાં જ તેને ઉકેલવાની જરૂર રહેશે.

**કન્યા - (પ, ઠ, ણ) :-** આ સમયે થોડા પ્રયત્નોથી તમે તમારા સ્વાસ્થ્યમાં સુધારો કરી શકો છો અને તમારું માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય સુધરશે. પૂરતા ધનના અભાવને કારણે, આ અઠવાડિયામાં, ઘરમાં વિખવાદની સંભાવના રહેશે. તેથી, આવી દરેક પરિસ્થિતિમાં, તમારા ઘરના લોકો સાથે વિચારપૂર્વક વાત કરો અને જો જરૂરી હોય તો, સંપત્તિના સંચય અંગે તેમની પાસેથી યોગ્ય સલાહ મેળવો. આ અઠવાડિયે તમે તમારા સબંધીઓ સાથે થોડો સમય વિતાવી શકો છો અને તેમને જરૂરી સલાહ આપી શકો છો. ઉપરાંત, આ સમયે તમારું વર્તન પરિવાર પ્રત્યે પણ સારું રહેશે, જેના કારણે તમારા માતાપિતા તમને જોઈને ખુશ થશે અને તમે પણ ખુશ થશો. આ અઠવાડિયામાં તમારી ગર્લફ્રેન્ડ / બોયફ્રેન્ડ સાથે જાહેરમાં અપમાનજનક થવાનું ટાળો. નહીં તો તે તમારી છબીને બગાડે છે, સાથે જ તમારો પ્રેમી તમારી પાસેથી તે અંતર બનાવી શકે છે, પછી તેને ફરીથી સુધારવું તમારા માટે સરળ રહેશે નહીં. આ અઠવાડિયે કારકિર્દીની આગાહી સૂચવે છે કે આ રાશિના વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને ઘણા ગ્રહો અને નક્ષત્રોની સ્થિતિથી અનુકૂળ પરિણામ મળશે.

**તુલા - (ર, ત) :-** આ અઠવાડિયે તમારે તમારી દૃષ્ટિની દ્રષ્ટિએ, તમારી આજુબાજુ પડી ગયેલી ઝાકળને લઈને તમારા પ્રયત્નોથી પોતાને દૂર કરવાની જરૂર પડશે. કારણ કે તમારે સમજવું પડશે કે આ ધૂળ તમારી પ્રગતિને અવરોધે છે. તેથી તે કંઈક સારું કરવા માટેનો સમય છે, તેમાંથી બહાર નીકળવું. આ અઠવાડિયે તમારે જમીન, સ્થાવર મિલકત અથવા સાંસ્કૃતિક પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. કારણ કે આ સમય આ યોજનાઓમાં રોકાણ માટે શ્રેષ્ઠ સંયોજન બનાવી રહ્યું છે. આવી સ્થિતિમાં, આ તકોને તમારા હાથથી ન જવા દો, તેનો શ્રેષ્ઠ લાભ લો. આ અઠવાડિયે, તમે આધ્યાત્મિકતાનો સહારો લઈને તમારા પારિવારિક જીવનમાં ઘણી સમસ્યાઓ દૂર કરતા જોશો. પરંતુ આટલા બધા પ્રયત્નો છતાં નકારાત્મક પારિવારિક વાતાવરણને કારણે તમને વિશેષ માનસિક ચિંતાઓ મળવાનું ચાલુ રહેશે. જો આપણે પ્રેમીઓ વિશે વાત કરીએ, તો પછી આ અઠવાડિયે કોઈ નવી વ્યક્તિને તેમની પ્રેમ જીવનમાં દખલ કરશે. જેના કારણે તમારા સંબંધોમાં ઘણી ગેરસમજો ઉભી થાય છે. કાર્યસ્થળ પર અન્ય પ્રત્યેનું તમારું હલકી ગુણવત્તા તમારા મનમાં અનેક શંકાઓ ઉભી કરી શકે છે.

**વૃશ્ચિક - (ન, ય) :-** તમારી આંખો, કાન અને નાકની સંભાળ રાખો, કારણ કે તમને તેનાથી સંક્રમિત થવાની સંભાવના છે. પૂરતા ધનના અભાવને કારણે, આ અઠવાડિયામાં, ઘરમાં વિખવાદની સંભાવના રહેશે. તેથી, આવી દરેક પરિસ્થિતિમાં, તમારા ઘરના લોકો સાથે વિચારપૂર્વક વાત કરો અને જો જરૂરી હોય તો, સંપત્તિના સંચય અંગે તેમની પાસેથી યોગ્ય સલાહ મેળવો. આ અઠવાડિયું કુટુંબના સભ્યો માટે મનોરંજક રહેશે, ઘરના વાતાવરણને હળવા અને સુખદ બનાવવામાં તમને મદદ કરશે. આ સાથે, અઠવાડિયાના ઉત્તરાર્ધમાં, અચાનક દૂરના કોઈ સંબંધી તરફથી કોઈ સારા સમાચાર આખા પરિવારને ખુશહાલી આપશે. આ અઠવાડિયે, જો તમે પ્રેમીની કોઈપણ આદતને કારણે લાંબા સમયથી પીડાતા હોવ, તો તમારે તમારા જીવનસાથી સાથે બેસીને વાતચીત કરવાની જરૂર રહેશે. આવી સ્થિતિમાં, તમારે તમારા મનની વસ્તુઓ તમારા પ્રેમી સાથે શેર કરવી જોઈએ. કારણ કે તે તમારી વચ્ચે આવતી ઘણી ગેરસમજોને દૂર કરવામાં મદદ કરશે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** જો તમે કોઈ લાંબી સમસ્યાથી પીડાતા હો, તો પછી આ સમસ્યાને સંપૂર્ણ રીતે છુટકારો મેળવવા માટે આ સમય પણ કામ કરશે. આ અઠવાડિયામાં ઓફિસમાં તેમની અગાઉની મહેનત મુજબ રોજગાર લોકોને પૈસાની પ્રાપ્તિથી સારા લાભ મળશે. ઉપરાંત, જો તમે અત્યાર સુધી બેરોજગાર હો અને સારી નોકરીની શોધમાં હોત, તો તમને આ અઠવાડિયે સારી સંસ્થામાં સારા પગાર સાથે સારી ઓફર મળવાની અપેક્ષા છે. તેથી આ સમયે દરેક તકનો યોગ્ય લાભ લો, તેને તમારા હાથમાંથી લપસી ન દો. પરિવારના સભ્યો સાથે હળવા અને શાંત સપ્તાહનો આનંદ માણો. જો લોકો તમારી પાસે સમસ્યાઓ સાથે આવે છે, તો પછી તેમને અવગણો અને તેમને તમારી માનસિક શાંતિને ખલેલ પહોંચાડો નહીં. જો શક્ય હોય તો, ઘરે રહીને તમારો ફોન બંધ રાખો. આ અઠવાડિયે તમારા અંગત જીવનમાં ચાલી રહેલી મુશ્કેલ પરિસ્થિતિઓ તમારા જીવનમાં થાક અને ઉદાસી વધારી શકે છે. આ ફક્ત તમને જ પરેશાન કરશે નહીં, પરંતુ આ પરિસ્થિતિઓ જોયા પછી તમારો પ્રેમી પણ તનાવ અનુભવી શકે છે.

**મકર - (ખ, જ) :-** તમને સમય-સમય પર શરદી, જુખામ વગેરે નાની-મોટી સમસ્યાઓથી પોતાને બચાવવા સલાહ આપવામાં આવે છે. આ અઠવાડિયે, યોગ ચાલુ છે કે તમારું કોઈપણ ઉપકરણ અથવા ઇલેક્ટ્રોનિક માલ અથવા કોઈપણ પ્રકારનું ગેજેટ ખરાબ થઈ શકે છે. જેના પર તમારે તમારી નાણાકીય યોજના કરતા પણ વધારે ખર્ચ કરવો પડી શકે છે. આવી સ્થિતિમાં, શરૂઆતથી જ તમારા સામાનની સંભાળ રાખવી તમારા માટે વધુ સારું રહેશે. આ અઠવાડિયે, તમારું મન ઘરે કેટલાક ફેરફારો કરવા માટે ઉત્સુક દેખાશે. જો કે, ઘરને લગતા કોઈ ફેરફાર કરતા પહેલા અથવા કોઈ નિર્ણય લેતા પહેલા બાકીના લોકોના મંતવ્યો સારી રીતે જાણો. નહિંતર, તમે ન માંગતા હોવ તો પણ તમે નકામું ટીકાના ભોગ બની શકો છો. જો પાછલા અઠવાડિયામાં તમારા પ્રેમ સંબંધમાં કોઈ વિવાદ સર્જાયો હતો, તો પછી આ અઠવાડિયે તમે અને તમારા પ્રેમી તેના નિરાકરણ માટે સાથે મળીને કામ કરતા જોશો. આ સમય દરમિયાન, તમારો પ્રેમી તમારી, તમારી ભૂલ અથવા તમારી ખરાબ વર્તનથી માફી માંગી શકે છે.

**કુંભ- (ગ, શ, ષ, સ) :-** આર્થિક બાબતોની દ્રષ્ટિએ તમારી રાશિના લોકો માટે આ સપ્તાહ ખૂબ સારો રહેવાની સંભાવના છે. કારણ કે આ સમય દરમિયાન, ઘણા ગ્રહોની દ્રષ્ટિ તમને તમારી આવક વધારવા અને તમારી સંચિત સંપત્તિમાં ઉમેરો કરવા માટે ઘણી તકો પૂરી પાડવાનું કાર્ય કરશે. તમે ઘણી વાર તમારી ક્ષમતાઓ કરતા અન્યને વચન આપો છો, જેના કારણે તમે તમારી જાતને મુશ્કેલીમાં મુકવા માંગતા નથી. પરંતુ આ અઠવાડિયામાં તમારે આ કરવાનું ટાળવું પડશે. અન્યથા તમે તમારી ઓળખપત્રો પણ ગુમાવી શકો છો. તેથી તમે જે કાર્ય પૂર્ણ કરવા માટે સક્ષમ છો તે વચન આપો. આ અઠવાડિયે, તમારા પ્રેમી અને રોમાંસ તમારા મન અને હૃદય પર પ્રભુત્વ ધરાવશે. જેથી તમે કરો છો તે બધા કાર્યોમાં તમે તેમની ગેરહાજરીનો અનુભવ કરશો. આવી સ્થિતિમાં, તમારે ઓફિસથી ઝડપી રજા લેવી જોઈએ અને પ્રેમીને મળવાનું પણ નક્કી કરવું જોઈએ. આ અઠવાડિયે, તમે કોઈપણ ખર્ચાળ કાર્યમાં હાથ મૂકી શકો છો અથવા કારકિર્દીની વૃદ્ધિ હાંસલ કરવાની યોજના બનાવી શકો છો.

**મીન-(દ, ચ, ઝ, થ) :-**આ અઠવાડિયે તમારા ખર્ચમાં વધારો થશે, પરંતુ તમારા પરિવાર અથવા ભાગીદારની મદદથી તમે તમારા ખર્ચને નિયંત્રણમાં રાખવાનો પ્રયાસ કરી શકો છો. આ માટે તેમની સાથે યોગ્ય બજેટ બનાવવાનું વધુ સારું રહેશે, અને માત્ર ત્યારે જ કોઈ ખર્ચ ખર્ચ કરશે. યાદ રાખો કે તમે જે પણ પૈસા ખર્ચ કરી રહ્યા છો, તે ફક્ત મહત્વપૂર્ણ વસ્તુઓની ખરીદી માટે જ હોવું જોઈએ. આજુબાજુના લોકો, ખાસ કરીને પરિવારના સભ્યોના વર્તનથી તમે આ અઠવાડિયે થોડું પરેશાન થશો. આનાથી તમારું માનસિક તાણ પણ વધશે, સાથે જ તમે તેમની સાથે વિવાદ પણ કરી શકો છો. આ અઠવાડિયે, પ્રેમમાં પડતા આ રાશિના લોકોના જીવનમાં એક સુંદર વારો આવી શકે છે. તમે સમજી શકો છો કે તમારો લવમેટ તમારા માટે કેટલો મહત્વપૂર્ણ છે અને આ અનુભૂતિ દ્વારા તમે તેમને તમારા જીવનસાથી બનાવવાની સંપૂર્ણ યોજના બનાવી શકો છો. તમે તમારા પ્રિયજન સાથે પાર્ટીમાં ભાગ લઈ શકો છો. આ સપ્તાહ આંતરિક તાજગી અને તમારા મનોરંજન માટે ઉત્તમ બનશે. તમારે ફક્ત આ અઠવાડિયા દરમિયાન દરેક પ્રકારના વ્યવહાર વ્યવહાર દરમિયાન વિશેષ કાળજી લેવાની જરૂર રહેશે. તેથી, તેના વિશે વધુ સાવચેત રહો. આ અઠવાડિયે, ઘણા વિદ્યાર્થીઓ તેમના શિક્ષણ સિવાયની પ્રવૃત્તિઓ કરવાનું મન કરી શકે છે. આને કારણે, તેઓને તેમની આગામી પરીક્ષામાં ઇચ્છિત ફળો મેળવવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. આવી સ્થિતિમાં, પોતાને તમારા શિક્ષણ પર અને ફક્ત શક્ય તેટલું ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કરો.

# દુનિયામાં વર્ષે વ્યક્તિદીઠ ૭૯ કિલો અન્નનો વેડફાટ, ૭૮ કરોડ ભૂખમરાથી પીડિત



નવીદિલ્હી,

૨૦૨૨માં દુનિયામાં પેદાં કરવામાં આવેલાં અન્નમાંથી અંદાજે ૧૯ ટકા એટલે કે ૧.૦૫ અબજ મેટ્રિક ટનનો વેડફાટ થયો હતો તેમ યુનાઈટેડ નેશન્સના નવા અહેવાલમાં જણાવ્યું હતું. તેમાં પણ સૌથી વધારે ૬૦ વેડફાટ ઘરોમાં થતો જોવા મળ્યો હતો જ્યારે રેસ્ટોરાં અને ફૂડ સર્વિસમાં આશરે ૨૮ ટકા અન્નનો વેડફાટ થયો હતો. બીજી તરફ દુનિયામાં હાલ ૭૮.૩ કરોડ લોકો ભૂખમરાનો સામનો કરી રહ્યા છે.

તાજેતરમાં યુએન પર્યાવરણ કાર્યક્રમના અન્ન બગાડ ઈન્ડેક્સ અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. જેમાં ૨૦૩૦ સુધીમાં અન્નનો બગાડ ઘટાડીને અડધો કરવાના વિવિધ દેશોના પ્રયાસો પર નજર રાખવામાં આવે છે. ૨૦૨૧માં પ્રકાશિત અહેવાલમાં જણાવાયું હતું કે ૨૦૧૯માં દુનિયામાં પેદાં થયેલાં અન્નના ૧૭ ટકા અથવા ૯૩.૧ કરોડ મેટ્રિક ટન અન્નનો બગાડ થયો હતો. જો કે, બંને અહેવાલોના આંકડાની સીધી સરખામણી કરવી યોગ્ય નથી કેમ કે ઘણાં દેશોમાંથી પૂરતો ડેટા મળ્યો નથી.

યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ-યુએનઈપી એન આંતરરાષ્ટ્રીય સખાવતી સંસ્થા વેસ્ટ એન્ડ રિસોર્સ એક્શન પ્રોગ્રામ -ડબલ્યુઆરએપી- દ્વારા સંયુક્ત રીતે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. સંશોધકોએ દરેક દેશની માહિતીને ત્રણ શ્રેણીમાં વહેંચી કાઢી હતી જેમાં ઘરોમાં, ફૂડ સર્વિસ અને છૂટક વેચાણદારો દ્વારા થતાં વેડફાટની ગણતરી માંડવામાં આવી હતી. સંશોધકોના વિશ્લેષણ અનુસાર ઘરોમાં સૌથી વધારે વ્યક્તિ દીઠ વર્ષે ૭૯ કિલો અન્નનો બગાડ થયો હતો. જે દુનિયામાં દરરોજ એક અબજ ભોજન સમાન છે. ઘરોમાં ૬૦ ટકા, ફૂડ સર્વિસમાં અથવા રેસ્ટોરાંમાં આશરે ૨૮ ટકા અને આશરે બાર ટકા અન્નનો બગાડ છૂટક વેચાણકારો દ્વારા થયો હતો. દુનિયામાં જ્યારે ૭૮.૩ કરોડ લોકો ભૂખમરાનો સામનો કરી રહ્યા છે. અન્નનો બગાડ એ વૈશ્વિક સમસ્યા પણ છે કેમ કે અન્નને પેદાં કરવાની પ્રક્રિયામાં પર્યાવરણ પર અસર પડે છે અને તેમાંથી મિથેન સહિત ઘણાં ગ્રીન હાઉસ ગેસ પેદાં થાય છે. ૩૦ ટકા ગ્લોબલ વોર્મિંગ માટે મિથેન ગેસ જવાબદાર ગણાય છે. અન્નના બગાડ અને કચરાંને કારણે આઠથીદસટકા ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન થાય છે. જો અન્નનો બગાડ એ દેશ હોત તો ગેસ ઉત્સર્જનના મામલે તે યુએસ અને ચીન પછી ત્રીજા ક્રમે આવ્યો હોત.

નાઈજિરિયા અને કેન્યામાં થતાં અન્નના બગાડને અટકાવવા માટે થતાં પ્રયાસોનો અભ્યાસ કરતાં સંશોધક ફદીલા જુમારે જણાવ્યું હતું કે જે લોકોને આરોગ્યપ્રદ ખોરાક મળતો નથી તેમના માટે આ સમસ્યા વધારે ઘેરી છે. માનવતાની નજરે અન્નનો બગાડ એટલે ગરીબો માટે એટલો ઓછો ખોરાક. અહેવાલમાં જણાવ્યું હતું કે ઘણી સરકારો તથા સંસ્થાઓ જાહેર અને ખાનગી પાર્ટનરશિપ દ્વારા અન્નના બગાડને અટકાવવા માટે પ્રયાસો કરી રહ્યા છે. સરકારો અને મ્યુનિસિપાલિટીઓ ફૂડ સપ્લાય ચેઈન બિઝનેસ સાથે સહકાર સાધી બિઝનેસને અન્નનો બગાડ અટકાવવાના પગલાં ભરવા બાધ્ય બનાવે છે.

# રશિયા-યુક્રેન યુદ્ધની ઈફેક્ટ, અમેરિકાની સેના પાસે તોપના ગોળાની અછત



વોશિંગ્ટન,

રશિયા અને યુક્રેન યુદ્ધના પડઘા વૈશ્વિક સ્તરે પડી રહ્યા છે. આ યુદ્ધનો ફાયદો હથિયાર બનાવતી કંપનીઓનો થઈ રહ્યો છે. બીજી તરફ અમેરિકા જેવો દેશ પણ યુક્રેનને હથિયારો સપ્લાય કરવાના કારણે તોપગોળા અને તેના મટિરિયલ માટે હવે બીજા દેશો તરફ નજર દોડાવી રહ્યો છે.

અમેરિકાએ તોપના ગોળાની સાથે-સાથે તોપના ગોળા બનાવવા માટે જરૂરી ટીએનટી અને નાઈટ્રોગુઆનિડાઈન નામના મહત્ત્વના મટિરિયલના સપ્લાય માટે તૂર્કી સાથે સોદો કર્યો છે. ૧૫૫ મિલીમીટરના તોપના ગોળાના ઉત્પાદનને અમેરિકા ત્રણ ગણુ કરવા માગે છે અને આ માટે ઉપરોક્ત મટિરિયલ મહત્ત્વનું છે.

અમેરિકાએ તૂર્કી તરફ હાથ લાંબો કરવો પડ્યો છે અને તેનું કારણ રશિયા અને યુક્રેન વચ્ચે બે વર્ષથી ચાલી રહેલો સંગ્રામ છે. આ યુદ્ધના કારણે પશ્ચિમના દેશો યુક્રેનને હથિયારો અને દારુગોળો સપ્લાય કરી રહ્યા છે અને તેના કારણે આ દેશોનો પોતાનો સ્ટોક ઘટી રહ્યો છે. બીજી તરફ ડિમાન્ડ વધી રહી હોવાથી દુનિયાભરની કંપનીઓ બેકલોગનો સામનો કરી રહી છે. ખાસ કરીને તોપના ગોળા અને બીજા બોમ્બ બનાવવા માટે વપરાતા ટીએનટી મટિરિયલની અછત વરતાઈ રહી છે. બીજી તરફ તૂર્કી આ મટિરિયલ સપ્લાય કરી શકે તેમ હોવાથી અમેરિકાએ તૂર્કી સાથે સોદો કરવાનુ નક્કી કર્યું છે.

# ટાઈટેનિકનો લાકડાનો દરવાજો હરરાજીમાં રૂા. ૫ કરોડમાં વેચાયો




મુંબઈ,

ટાઈટેનિક એ ૧૯૯૭ની જેમ્સ કેમરોન દ્વારા નિર્દેશિત ફિલ્મ છે.આ ફિલ્મ ૧૪ કેટેગરીમાં નોમિનેટ થઈ હતી અને બેસ્ટ પિક્ચર, બેસ્ટ ડિરેક્ટર, બેસ્ટ એડિટિંગ અને બેસ્ટ મ્યુઝિક સહિત ૧૧ ઓસ્કાર જીત્યા હતા. ૧૦ એપ્રિલ, ૧૯૧૨ના રોજ, ટાઈટેનિકે હજારો મુસાફરો સાથે તેની પ્રથમ સફર કરી. તેના પ્રક્ષેપણના દિવસોમાં, તે ઉત્તર એટલાન્ટિકમાં એક આઈસબર્ગ સાથે અથડાયું અને સમુદ્રમાં ડૂબી ગયું.

જેમાં મોટી સંખ્યામાં લોકોએ જીવ ગુમાવ્યા હતા. ટાઈટેનિકનું નિર્દેશન હોલીવુડના દિગ્દર્શક જેમ્સ કેમરોને કર્યું હતું. આવી સ્થિતિમાં ‘ટાઈટેનિક’ જહાજના લાકડાના દરવાજાની હરાજી કરવામાં આવી છે. ફિલ્મના ક્લાઈમેક્સમાં અભિનેતા ડી કેપ્રિયો અને અભિનેત્રી કેટ વિન્સલેટ તરતા અને લાકડાનો દરવાજો પકડીને જોવા મળશે. લાકડાના દરવાજાની હરાજી કોઈએ ૭૧૮,૭૫૦માં કરી હતી. એટલે કે ભારતીય કિંમતો અનુસાર તેણે ‘ટાઈટેનિક’ જહાજનો લાકડાનો દરવાજો લગભગ ૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.

# અલ્લુ અર્જુને રામ ચરણ સાથે ‘નાટુ-નાટુ’ પર જોરદાર ડાન્સ કર્યો



મુંબઈ,

દરમિયાન, અભિનેતાના પરિવાર અને મિત્રો સિવાય, ’પુષ્પા ૨’ ફેમ અલ્લુ અર્જુન પણ એક પાર્ટીમાં મસ્તી કરતો જોવા મળે છે. આ વાયરલ વીડિયોમાં અલ્લુ અર્જુન તેના પિતરાઈ ભાઈ રામ ચરણ સાથે જોવા મળી રહ્યો છે. અલ્લુ અર્જુન અને રામ ચરણ બંને આ દિવસોમાં તેમની આગામી ફિલ્મોને લઈને ચર્ચામાં છે. બીજી તરફ, ફિલ્મ ઈઈઈ રિલીઝ થયાને ૨ વર્ષ થઈ ગયા છે, પરંતુ આ ફિલ્મના ગીત ’નટુ-નટુ’નો ફિવર હજુ સુધી લોકો અને સ્ટાર્સના માથા પરથી ઉતર્યો નથી. વાયરલ વીડિયોમાં તમે અલ્લુ અર્જુન અને રામ ચરણને ‘નટુ-નટુ’ પર એકસાથે ડાન્સ કરતા જોઈ શકાય છે અલ્લુ અર્જુને તેમના જન્મદિવસ પર રામ ચરણને શુભેચ્છા પાઠવતા કેટલીક તસવીરોનો એક વીડિયો શેર કર્યો છે.

# અભિનેતા ગોવિંદા શિવસેનાના જૂથમાં જોડાયા ઉત્તર-પશ્ચિમ મુંબઈથી ચૂંટણી લડી શકે છે



મુંબઈ

બોલિવૂડના ફેમસ એક્ટર ગોવિંદા લાંબા સમય બાદ ફરી એકવાર રાજકારણમાં પરત ફર્યા છે. ગોવિંદા આજે શિવસેનાના શિંદે જૂથમાં જોડાયા છે. આજે સીએમ એકનાથ શિંદેને મળ્યા બાદ તેઓ ઔપચારિક રીતે સક્રિય રાજકારણનો ભાગ બની ગયા છે. એવું માનવામાં આવે છે કે આગામી ચૂંટણી દરમિયાન ગોવિંદા ચૂંટણી મેદાનમાં ઉતરશે. એવી અટકળો છે કે તેઓ ઉત્તર-પશ્ચિમ મુંબઈથી ચૂંટણી લડી શકે છે. આ દરમિયાન તેણે કહ્યું કે મને જે જવાબદારી આપવામાં આવી છે તે હું ઈમાનદારીથી નિભાવીશ.

ગોવિંદાએ રાજનીતિમાં ડેબ્યૂ વર્ષ ૨૦૦૪માં કર્યું હતું. ત્યાર બાદ તેઓ કોંગ્રેસ પાર્ટીની ટિકિટ પર જીતીને સંસદ ભવન પહોંચ્યા હતા. તેઓ ૨૦ વર્ષ પહેલા ઉત્તર મુંબઈથી ચૂંટણી જીત્યા હતા.

# કચ્છની ગરબા-ક્વીન ગીતા રબારીએ પૅરિસમાં બોલાવી ગરબાની રમઝટ

મુંબઈ

કચ્છની ગરબા-ક્વીન ગણાતી ગીતા રબારી આજકાલ ફ્રાન્સમાં મહાલી રહી છે. માત્ર મહાલી જ નથી રહી, તેણે ફ્રાન્સના ગુજરાતીઓને ગરબાના રંગમાં તરબોળ પણ કરી દીધા. જો સવાલ થાય કે આ બિનમોસમી ગરબા પાછળનું કારણ શું? એનો જવાબ ગીતા રબારીની ફેસબુક-પોસ્ટમાંથી મળે છે. તે લખે છે, ’આપણા ગુજરાતના ગરબાને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજમાં સ્થાન મળ્યું એ આપણા સૌ ગુજરાતીઓ માટે ગર્વની વાત છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આપણી સંસ્કૃતિને આજે વિશ્વના નકશા પર પહોંચાડી દીધી છે માટે આજે ગર્વ થાય છે ગુજરાતી હોવાનો અને ભારતીય હોવાનો. ગુજરાત સરકાર અને ભારતીય દૂતાવાસ દ્વારા પૅરિસમાં ગરબાનું આયોજન થયું હતું અને ૨૦૦૦થી પણ વધારે ગુજરાતીઓ માતાજીના ગરબા ખૂબ મોજથી રમ્યા હતા.’

પૅરિસમાં ગીતા રબારી ભરતકામ કરેલા ટિપિકલ કૉસ્ચ્યુમમાં જ ગરબા ગાતી જોવા મળી હતી અને ખેલૈયાઓ પણ ટ્રેડિશનલ ગુજરાતી ચણિયાચોળી અને કેડિયામાં રાસગરબા લેતા જોવા મળ્યા હતા.

ગરબાના આ કાર્યક્રમ પછી ગીતા રબારી પૅરિસની ગલીઓમાં સહેલાણીઓ વચ્ચે જોવા મળી હતી. તેણે પૅરિસના આઈફલ ટાવર સાથે તેમના ટ્રેડિશનલ લુકમાં અને અન્ય જગ્યાએ વેસ્ટર્ન કપડાંમાં હૉટ લુકવાળી તસવીરો સોશ્યલ મીડિયામાં શૅર કરી હતી. પૅરિસમાં એક ગુજરાતી ભાઈની માલિકીની ‘ગાંધીજી આઈ નામની રેસ્ટોરાંમાં જમણ લીધું હતું.



# સાનિયા મિર્ઝાના એક્સ પતિ શોએબ મલિકે એક્ટ્રેસ પત્ની સના જાવેદનો બર્થ ડે મનાવ્યો

ઈસ્લામાબાદ,

પાકિસ્તાની ક્રિકેટર શોએબ મલિકે જ્યારથી અભિનેત્રી સના જાવેદ સાથે લગ્નની જાહેરાત કરી છે ત્યારથી તે ચર્ચામાં છે. જણાવી દઈએ કે શોએબના લગ્ન પહેલા સાનિયા મિર્ઝા સાથે થયા હતા, જેનાથી બંનેને એક પુત્ર ઈઝાન છે. લાંબા સમય સુધી મીડિયામાં અહેવાલો હતા કે સાનિયા અને શોએબના જીવનમાં બધુ સારુ નથી ચાલી રહ્યુ અને બાદમાં મલિકે સના સાથેના લગ્નની જાહેરાત કર્યા પછી સાનિયાના પિતાએ દીકરીના છૂટાછેડાની પુષ્ટિ કરી હતી.

જ્યારથી સના અને શોએબે લગ્ન કર્યા છે, ત્યારથી તેઓ કપલ ગોલ આપવાની કોઈ તક છોડતા નથી. શોએબ મલિકે ભારતીય ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા સાથે અલગ થયા બાદ ૧૯ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પાકિસ્તાની ટીવી એક્ટ્રેસ સના જાવેદ સાથે લગ્ન કર્યા હતા. શોએબ અને સાનિયાના અલગ થવાના સમાચાર ચાહકો માટે આઘાતજનક હતા.

જો કે, હાલમાં શોએબ અને સના ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે અને તેનું કારણ છે લગ્ન બાદ સના જાવેદનો પહેલો બર્થ ડે. સના જાવેદે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર જન્મદિવસની તસવીરો શેર કરી છે. ૨૫ માર્ચ ૧૯૯૩ના રોજ જન્મેલી સનાનો ૩૧મો જન્મદિવસ હતો. તેના જન્મદિવસના અવસર પર તેને ચાહકો તરફથી ઘણી શુભેચ્છાઓ મળી રહી છે. પતિ શોએબ મલિકે પણ સના જાવેદને જન્મદિવસ પર શુભેચ્છા પાઠવી હતી અને ઈન્સ્ટાગ્રામ પર તસવીરો શેર કરી હતી.

# હું ઘણી વાર રાત્રે રડતાં સૂઈ જતી અને વિચારતી કે મારી ફિલ્મો કેમ સારી નથી ચાલી રહી: કરીના કપુર



મુંબઈ,

કરીના કપૂર ’ક્રુ’ માટે સતત ચર્ચામાં છે. આ ફિલ્મમાં તેની સાથે તબ્બુ અને કૃતિ સેનન પણ લીડ રોલમાં છે. કરીના કપૂરે પોતાના કરિયરમાં ઘણી હિટ ફિલ્મો આપી છે. પરંતુ તેની ફિલ્મી સફર સરળ ન હતી. ચિત્રાની વાર્તાની જેમ આ પણ ઉતાર-ચઢાવથી ભરેલી હતી. કરીનાએ એક ઈન્ટરવ્યુમાં પોતાના વીતેલા દિવસોને યાદ કર્યા છે, જેમાં તેણે જીવનમાં જે સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે તેના વિશે ખુલીને વાત કરી છે.

કરીના કપૂરને ઈન્ડસ્ટ્રીમાં ૨૦ વર્ષથી વધુ સમય થઈ ચૂક્યો છે. આ સમયગાળા દરમિયાન તેણે ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યું છે. પરંતુ તેના જીવનમાં એક સમય એવો આવ્યો જ્યારે તે તૂટી ગઈ. તેણે પોતે એક ઈન્ટરવ્યુમાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે તેણે ઘણી રાત રડતી વિતાવી છે.

ઈન્ટરવ્યુમાં કરીનાએ એ સમયગાળો યાદ કર્યો જ્યારે તેની ’જબ વી મેટ’ રિલીઝ થઈ ન હતી. ’જબ વી મેટ’ પહેલા તેની ઘણી ફિલ્મો બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ હતી. તે સમયે કરીના ખૂબ જ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી હતી.વાતચીત દરમિયાન કરીનાએ કહ્યું કે જો તેની જગ્યાએ કોઈ બીજું હોત તો કદાચ તે આ સંજોગોમાં ટકી શકી ન હોત. કરીનાએ કહ્યું કે તેણે ક્યારેય કોઈને આ વાતનો અહેસાસ થવા દીધો નથી. એક સમયે તેણે ફિલ્મોમાંથી બ્રેક લેવાનું અને તેની ફિલ્મની પસંદગી વિશે વિચારવાનું નક્કી કર્યું. કરીનાએ કહ્યું, ’મેં ઘણી ફિલ્મો કરવાની ના પાડી હતી. તે સમયે મને લાગ્યું કે મારી ફિલ્મો સારી નથી ચાલી રહી તેથી મારે બ્રેકની જરૂર છે જેથી હું સમજી શકું કે આ બધું કેમ થઈ રહ્યું છે. મેં નક્કી કર્યું કે મારે પરફેક્ટ સ્ક્રિપ્ટની રાહ જોવી જોઈએ જે કામ કરી શકે. ભલે તેને આવતાં એક કે બે વર્ષ લાગે.’

કરીનાએ બોક્સ ઓફિસના દબાણ અંગે પણ ખુલીને વાત કરી છે.

# મુંબઈ ઈન્ડીયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા પર ક્રિકેટ જગતના દિગ્ગજોએ માછલાં ધોયા

મુંબઈ

આઈપીએલની બે મેચમાં નિરાશાજનક પ્રદર્શનને કારણે મુંબઈ ઈન્ડીયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા પર ક્રિકેટ જગતના દિગ્ગજોએ માછલાં ધોયા હતા. રોહિતને હટાવીને હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવવાનો મુંબઈ ઈન્ડીયન્સનો નિર્ણય કોઈને પણ પસંદ પડ્યો નથી ફેન્સથી માંડીને ક્રિકેટ જગતના દિગ્ગજોને પણ આ નિર્ણય અયોગ્ય લાગ્યો હતો પરંતુ હવે બે મેચમાં ધબડકા બાદ હાર્દિક પંડ્યાની કેપ્ટનન્સી પર સવાલ ઉઠવા લાગ્યાં છે. ઘણા દિગ્ગજોનું માનવું છે કે હાર્દિક પંડ્યા કેપ્ટન તરીકે ટીમનું નેતૃત્વ યોગ્ય રીતે કરી શકતો નથી. લોકોએ તેના ઘણા નિર્ણયો પર સવાલ ઉઠાવ્યા છે. ઈરફાન પઠાણે ટ્વિટ કરીને લખ્યું, "ઓછામાં ઓછું કહીએ તો હાર્દિક પંડ્યાની




કેપ્ટનશીપ સામાન્ય રહી છે. જ્યારે આ ધબડકો થઈ રહ્યો હતો ત્યારે બુમરાહને લાંબા સમય સુધી દૂર રાખવો એ મારી સમજની બહાર હતું. સુરેશ રૈના અને આકાશ ચોપરાએ કોમેન્ટ્રી દરમિયાન સવાલો ઉઠાવ્યા હતા.

સૌરાષ્ટ્ર આજતક

# મંગળવારે રાજકોટમાં પરશુરામ યુવા સંસ્થાન દ્વારા પાંચ ભૂદેવ પ્રતિભાઓને પરશુરામ એવોર્ડ

## પાંચ બ્રહ્મ-કર્મયોગીઓને એવોર્ડથી નવાજાશે : સંતો-મહંતો, મહાનુભાવો ઉપસ્થિત રહેશે

રાજકોટ,

પરશુરામ યુવા સંસ્થાશન રાજકોટનાં ઉપક્રમે આગામી તા.૦૨/૦૪/૨૦૨૪નો મંગળવારે કાલાવડ રોડ ઉપર આવેલ બોચાસણવાસી અક્ષરપુરષોતમ સંસ્થો સ્વાથમીનારાયણ મંદિર ખાતે સંસ્થા નાં આદ્યસ્થાવપક શ્રી અભયભાઈ ભારેજિના જન્મ?દિવસે પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહ ૨૦૨૪ યોજાય રહયો છે. બ્રહ્મસમાજની અડીખમ સેવાનો ભેખ ધારી, સમાજ માટે પોતાનું સર્વસ્વ સમર્પણ કરનાર, શ્રેષ્ઠ કાનુનવિદ, કર્મઠ નેતા, હાક કરો ત્યાં હાજર એવા બ્રહ્મતેજનો તણખો સમાન, બ્રહ્મસમાજનો મોભી અને રાજયસભાના સાંસદ શ્રી અભયભાઈ ભારેજિે વર્ષ-૧૯૮૯ માં પરશુરામ યુવા સંસ્થોનની બુનીયાદ નાંખી ભારતવર્ષમાં સૌપ્રથમ પરશુરામ જન્મોત્સરવની ભવ્યા શોભાયાત્રા શ્રી અભયભાઈીરા ઉના ખાતેથી પ્રારંભ કરવામાં આવી. બ્રહ્મપતિભાઓ કે જેમનુ સમાજમાં વિશીષ્ઠ અને મુઠી ઉચેરૂ યોગદાન હોય, એવા વ્યિકત વિશેષ એવા બ્રહ્મ-કર્મયોગીઓને સન્માન વડે વિભુષિત કરવાની પરંપરા શ્રી



અભયભાઈનો વિચારથી શરૂ કરવામાં આવી હતી. શ્રી અભયભાઈના કૈલાશ પ્રયાણ બાદ આ પરંપરાને કાર્યરત રાખવા છેલ્લા ત્રણ વર્ષથી પરશુરામ યુવા સંસ્થામન રાજકોટ પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહનું આયોજીત કરે છે પ્રતિવર્ષથી અભયભાઈના જન્મોદિવસ નિમિત્તે પાંચ બ્રહ્મ-કર્મયોગીઓને 'પરશુરામ એવોર્ડ' એનાયત કરવામાં આવે છે. આ પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહ કાર્યક્રમનાં અધ્યેક્ષ પદે કેન્દ્રિ ય કેબિનેટ મંત્રી શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા ઉપસ્થિમત રહેશે. સમારોહનું ઉદઘાટન અભયભાઈના સાથી અને પરમમિત્ર શ્રી વિજયભાઈ રૂપાણી પૂર્વ મુખ્યામંત્રીશ્રી, ગુજરાત રાજયના શુભ હસ્તેન કરવામાં આવશે.

સમારોહનુ દીપ પ્રાગટય પૂ. બ્રહ્મતીર્થ સ્વોમી, કોઠારી સ્વાનમીશ્રી, બીએપીએસ સ્વા મિનારાયણ મંદિર, રાજકોટના હસ્તેયથી કરવામાં આવશે. ત્યા,રબાદ પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહનો પ્રારંભ થશે. ગુજરાત રાજયના કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, અતિથી વિશેષ તરીકે ઉપસ્થિોત રહેશે. ત્યારબાદ પૂ. અપૂર્વમુની સ્વાબમી અને પ્રસિદ્ધ ભાગવતાચાર્ય, પૂ. ચૈતન્ય્શંભુ મહારાજ પોતાના આશીર્વચન પાઠવશે. આ સમારોહ દરમ્યારન જે સંતોનુ પાવન સાનિધ્યદ પ્રાપ્તર થવાનું છે તેમાં પૂજય જેન્તિારામ બાપા(સંત પુરણ ધામ ધુનડા), પૂજય ઘનશ્યામજી મહારાજ (ભુવનેશ્વ?રી પીઠ ગોંડલ) અને પૂજય રમેશભાઈ શુકલ(કાલભૈરવ મંદિર, પાલીતાણા)ની પાવન ઉપસ્થિઉતીમાં સંપૂર્ણ સમારોહ યોજાશે.

પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહમાં શ્રી રામભાઈ મોકરીયા( સાંસદ રાજયસભા), શ્રી ઉદયભાઈ કાનગડ(ધારાસભ્ય ), શ્રી રમેશભાઈ ટીલાળા(ધારાસભ્ય)) અને શ્રીમતી દર્શિતાબેન શાહ(ધારાસભ્ય ) ઉપસ્થિમત રહેશે. સમારોહમાં વિશેષ આમંત્રિત તરીકે શ્રી છેલભાઈ જોષી(બ્રહ્મ અગ્રણીશ્રી સૌરાષ્ટ્ર -કચ્છથ), શ્રી નિતિનભાઈ ભારેજિ(પ્રદેશ ભાજપ અને બ્રહ્મ અગ્રણીશ્રી) અને શ્રી પંકજભાઈ ભટ્ટ(મ્યુઇઝિક ડાયરેકટર) ઉપસ્થિહત રહેશે.

કાર્યક્રમના પ્રારંભમાં હાસ્યિ કલાકાર કપીલભાઈ જોષી હાસ્યભ રસ પીરસશે. ત્યારબાદ સુપ્રસિધ્ધભ લોકગાયકો તુષારભાઈ ત્રિવેદી, ઉર્વશીબેન પંડયા તથા ચૈતાલીબેન છાયાં પોતાના બ્રહ્મગૌરવ ઉજાગર કરતા ગીતોની પ્રસ્તુીતી કરશે.

પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહ-૨૦૨૪ સંસ્થાતનના સ્થાતપક શ્રી અભયભાઈના પુત્ર અંશ અભયભાઈ ભારદ્વાજ તેમજ તેમની ઓફિસ ટીમ અને શ્રી નિરંજનભાઈ દવે, પરશુરામ યુવા સંસ્થા નની ટીમ સમારોહને સફળ બનાવવા કમરકસી છે. પરશુરામ યુવા સંસ્થાને બ્રાહ્મણજ્ઞાતીના પરિવારોને બહોળી સંખ્યાસમાં આમંત્રણ આપેલ છે. કાર્યક્રમના સમાપન બાદ બ્રહ્મભોજનનુ આયોજન કરવામાં આવ્યી છે.

# રાજકોટ જુના મોરબી રોડ પર ગોડાઉનમાં ચોરી કરનારા બે પકડાયા

રાજકોટ,

રાજકોટ જુના મોરબી રોડ પર બારદાન ગલીમાં દયાલ મીલની પાછળ આવેલા ગોડાઉનમાં છતના પતરા તોડી રૂા.૩૯,૬૦૦ ની માલમતાની ચોરી કરનારા બે શખ્સો ને બી-ડીવીઝન પોલીસે પકડી લીધા હતા. મળતી વિગત મુજબ જુનો મોરબી રોડ બારદાન ગલી દયાલ મીલ પાછળ આવેલા ગોડાઉનમાં તસ્કછરોએ છતના પતરા તોડી તેમાથી વોટરપેપર તથા સ્પ્રે ના બોક્ષ મળી રૂા.૩૯,૬૦૦ની માલમતા ચોરી ગયાની મુફદલ અસ્ગ રભાઈ સોસન(રહે. પારેવડી ચોક) એ બી-ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધવતા પી.આઈ. એસ.એમ. જાડેજાની રાહબરી હેઠળ પી.એસ.આઈ. કે.ડી. મારૂ સહિતે સીસીટીવી કેમેરાના ફુટેજના આધારે તપાસ હાથધરી હતી. દરમ્યાીન હેડકોન્સ..ક્રિપાલસિંહ જાડેજા, કોન્સ.ભાનુશંકરભાઈ ધાંધલા અને





પંકજભાઈ માળીને બાતમી મળતા સાહિલ સબીરભાઈ(ઉ.વ.૨૧) (રહે.ભગવતીપરા શેરી નં.૭) અને રવીભુપતભાઈ માયાણી (ઉ.વ.૨૫) (રહે.રૂખડીયાપરા સેન્ટ્રડલ જેલ પાછળ શેરી નં.૭) ને પકડી લઈ રૂા.૩૯,૬૦૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો.

આ કામગીરી પી.આઈ. ના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.એમ. જાડેજા, કે.ડી. મારૂ, હેડ કોન્સગ.ક્રિપાલસિંહ જાડેજા, રાજેશભાઈ વાળા, કોન્સ.જયદિપસિંહ બોરાણા, ભાનુશંકરભાઈ ધાંધલા, પંકજભાઈ માળી, રાજદિપભાઈ પટગીર, પોપટભાઈ ગમારા, જગદિશભાઈ વાંક, વિશ્વજીતસિંહ ઝાલા દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટમાં જૈન સોશ્યલ ગ્રુપ વેસ્ટ દ્વારા અંતાક્ષરી યોજાઈ



રાજકોટ,

રાજકોટમાં મેહુલ રવાણી અને હર્ષદ મહેતા દ્વારા સંયોજીત તથા જૈન સોશ્યલ ગ્રુપ વેસ્ટના નેજા હેઠળ યોજાયેલી "રીમઝીમ મ્યુઝિકલ અંતાક્ષરી"નું આયોજન જૈન સોશ્યલ ગ્રુપ વેસ્ટના સભ્યો તથા પરિવારજનો માટે કરવામાં આવ્યું હતું. જેને પ્રેક્ષકોએ બહોળો પ્રતિસાદ આપ્યો હતો. આ મ્યુઝિકલ

અંતાક્ષરીમાં જૈન સોશ્યલ ગ્રુપ વેસ્ટના સભ્યોએ ભાગ લીધો હતો. અને સ્પર્ધકોના સુરીલા સ્વારોથી દર્શકો મંત્રમુગ્ધ બની ગયા હતા.આ તકે રીમઝીમ મ્યુઝિકલ અંતાક્ષરીમાં ભાગ લેનાર દરેક પાર્ટીસીપેન્ટ તથા વિજેતાને ડોલીબેન રવાણી અને વત્સલભાઈ રવાણીના વરદ હસ્તે ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. તથા મહેશભાઈ શાહ તરફથી દરેક સ્પર્ધકને ગીફ્ટ આપવામાં આવેલ.

# રાજકોટ ઝૂમાં બે સફેદ વાઘ બાળનો જન્મ : ઝૂમાં કુલ સંખ્યા ૧૦ થઈ

## વાઘણ ગાયત્રીએ ધુળેટીના દિવસે બેલડાને જન્મ આપ્યો : માતા અને બચ્ચા બન્ને તંદુરસ્ત

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત રાજકોટ પ્રાણીઉદ્યાનનો સેન્ટ્રલ ઝૂ ઓથોરેટી ઓફ ઈન્ડીયાના માર્ગદર્શન મુજબ આધુનીક ઢબે વિકાસ કરાતા રાજકોટ ઝૂ હાલ સૌરાષ્ટ્રનાં પ્રવાસીઓ માટે ફરવા માટેનું ખુબજ ઉત્તમ સ્થળ બની ગયેલ છે. જાહેર રજા તથા તહેવારોના દિવસો દરમિયાન ઝૂ ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ પાર્કની મુલાકાતે પધારતા હોય છે. દર વર્ષે અંદાજિત ૭.૫૦ લાખ મુલાકાતીઓ ઝૂની મુલાકાતે પધારતા હોય છે. વન્યપ્રાણી વિનીમય યોજના હેઠળ રાજકોટ ઝૂ દ્વારા ભારતના અન્ય ઝૂ પાસેથી જુદી જુદી પ્રજાતીઓના પ્રાણી-પક્ષીઓ મેળવી ઝૂનો વિકાસ કરવામાં આવે છે. સફેદ વાઘ નર દિવાકર તથા માદા વાઘણ ગાયત્રીના સંવનનથી ૧૦૫દિવસના ગર્ભાવસ્થાના અંતે તા.૨૫/૦૩/૨૦૨૪ના રોજ સાંજના સમયે વાઘ બાળ જીવ-૦૨(બે)નો જન્મ થયેલ છે. માતા ગાયત્રી દ્વારા બચ્ચાંઓની પૂરતી કાળજી રાખવામાં આવે છે. હાલ માતા તથા બચ્ચા બન્ને તંદુરસ્ત છે. ઝૂ વેટરનરી ઓફિસર તથા ટીમ દ્વારા માતા તથા બચ્ચાંઓનું સીસીટીવી દ્વારા રાઉન્ડ ધ ક્લોક મોનીટરીંગ કરવામાં આવે છે.

ઝૂ ખાતે અગાઉ થયેલ બ્રીડીંગ મુજબ નર વાઘ દિવાકર તથા માદા વાઘણ યશોધરાના સંવનનથી તા.૦૬/૦૫/૨૦૧૫ના રોજ સફેદ વાઘ બાળ ૦૧ માદાનો જન્મ થયેલ., નર વાઘ દિવાકર તથા માદા વાઘણ ગાયત્રીના સંવનનથી તા.૧૬/૦૫/૨૦૧૫ના રોજ સફેદ વાઘ બાળ ૦૪ માદાનો જન્મ થયેલ., નર વાઘ દિવાકર તથા માદા વાઘણ ગાયત્રીના સંવનનથી તા.૦૨/૦૪/૨૦૧૯ના રોજ સફેદ વાઘ બાળ ૦૪ (નર- ૦૨ માદા-૦૨)નો જન્મ થયેલ., નર વાઘ દિવાકર તથા માદા વાઘણ ગાયત્રીના સંવનનથી તા.૧૮/૦૫/૨૦૨૨ના રોજ સફેદ વાઘ બાળ ૦૨ (બે) નરનો જન્મ થયેલ., નર વાઘ દિવાકર તથા માદા વાઘણ કાવેરીના સંવનનથી તા.૦૫/૧૨/૨૦૨૨ના રોજ સફેદ વાઘ બાળ ૦૨ (બે) નરનો જન્મ થયેલ., આમ સફેદ વાઘણ ગાયત્રી દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૨ બચ્ચાંઓનો જન્મ આપી સફળતાપુર્વક ઉછેર કરવામાં આવેલ છે. રાજકોટ ઝૂ ખાતે અત્યાર સુધીમાં કુલ ૧૫ (પંદર) સફેદ વાઘ બાળનો જન્મ થયેલ છે. જેનાં બદલામાં મૈત્રી બાગ ઝૂ, ભીલાઈ દ્વારા રાજકોટ ઝૂને સફેદ વાઘ નર દિવાકર, સફેદ વાઘણ યશોધરા તથા સફેદ વાઘણ ગાયત્રી આપવામાં આવેલ. રાજકોટ પ્રાણી ઉધાન ખાતેનું કુદરતી જંગલ સ્વરૂપેનું નૈસર્ગીક વાતાવરણ સફેદ વાઘ તથા એશીયાઈ સિંહોને અનુકુળ આવી જતા સમયાંતરે ખુબ જ સફળતાપૂર્વક સંવર્ધન થઈ રહેલ છે. હાલ ઝૂ ખાતે સફેદ વાઘબાળ૦૨નો જન્મ થતા સફેદ વાઘની સંખ્યા ૧૦ થઈ ગયેલ છે. જેમાં નર-૩, માદા-૫ તથા બચ્ચા-૨નો સમાવેશ થાય છે.હાલ ઝૂ માં જુદી જુદી ૬૭ પ્રજાતિઓનાં કુલ-૫૬૪ વન્યપ્રાણી-પક્ષીઓ મુલાકાતીઓ માટે પ્રદર્શિત કરવામાં આવે છે. રાજકોટ પ્રાણીઉદ્યાનનો આધુનીક ઢબે વિકાસ કરાતા મુલાકાતીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયેલ છે.

# રાજકોટ સરગમ પરિવારના સભ્યો માટે એપ્રિલ-મે મહિનાના કાર્યક્રમો જાહેર



રાજકોટ,

રાજકોટ સરગમ કલબના નવા વર્ષના સભ્યો માટે એપ્રિલ-મે માસના કાર્યક્રમો જાહેર કરવામાં આવ્યાા છે. જો કોઈ સભ્યપદ લેવામાં બાકી રહ્યુ હોય તો સરગમ કલબની ઓફિસે સંપર્ક કરવા જણાવ્યુંા છે. સરગમ કલબની વાર્ષિક સાધારણ સભા તા. ૧૪ને રવિવારે સાંજે ૭ વાગ્યે હેમુગઢવી હોલ ખાતે યોજાશે. ગુણવંતભાઈ ડેલાવાળાની યાદી મુજબ આ વાર્ષિક સભામાં ૨૦૨૩-૨૪ના હિસાબો રજુ કરવામાં આવશે. સાથોસાથ નવા પ્રોજેકટ અને આગામી પાંચ વર્ષ માટે કારોબારી સમિતિની ચૂંટણી યોજવામાં આવશે. સરગમ કલબ દ્વારા સંચાલિત સિનીયર સિટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટના સભ્યો માટે તા. ૧૯ને શુક્રવારે સાંજે ૭ થી ૧૦ દરમિયાન હેમુગઢવી હોલ ખાતે મ્યુપઝીકલ પાર્ટી માટે શ્રીનાથજીના ગીતોની ભકિત સંધ્યા નું આયોજન કરવામાં આવ્યુસ છે. મન્સુઢઅલી ત્રિવેદી પ્રસ્તુપત મેલોડી કલર્સના સથવારે આસિફ જેરીયા, શ્રીકાંત નાયર, બિમલ શાહ, નિલેશ વસાડવા, અશ્વિની મહેતા, પ્રીતિ ભટ્ટ અને વર્ષા ઠાકર સહિતના કલાકારો કલાનો પરિચય કરાવશે. ઈવનિંગ પોસ્ટ માટે હજુ નવા વર્ષના સભ્યોનની નોંધણી ચાલુ હોય બાકી રહી ગયા હોય તેઓને સભ્ય પદ મેળવી લેવા અનુરોધ કરાયો છે. સરગમ પરિવારના સભ્યોં માટે મુંબઈના પ્રખ્યાત નાટય શોનું આયોજન કરવામાં આવ્યું છે. કમલેશ ઓઝા લિખિત, દિગ્દર્શિત અને અભિનિત 'દોસ્તીા અનલિમિટેડ' નામનું પારિવારિક કોમેડી નાટક બધાને પસંદ આવશે. આ નાટકમાં કમલેશ ઓઝા ઉપરાંત લીના શાહ, યશ ગજ્જર, શૈલજા શુકલ, આકાશ સુપેડા અને અંકીત પોપટ વગેરે અભિનય આપી રહ્યા છે.

# રાજકોટના પાળ ગામે જખરાપીર દાદાની જગ્યા ખાતે ૨૦માં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવનું આયોજન

રાજકોટ,

રાજકોટ તાલુકાના પાળ ગામે છેલ્લા ૫૦ વર્ષથી અન્નક્ષેત્ર, ગૌશાળા, માનવસેવા સહિતનો સેવાયજ્ઞ ચાલી રહ્યો છે. તેમજ છેલ્લા ૨૦ વર્ષથી સર્વજ્ઞાતિના સમૂહલગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ વર્ષે પણ ઘુનાવાળી ખોડિયાર માતાજી તથા જખરાપીર દાદાની જગ્યાના સેવક ભકતો દ્વારા તા.૧૪ એપ્રિલના રવિવારે ૫૧ દિકરીઓનો સર્વજ્ઞાતિ સમુહ લગ્નનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ વર્ષે પાળધામ જખરાપીર દાદાની જગ્યા ખાતે સમૂહ લગ્નના કાર્યક્રમના ઉપક્રમે ભકિતમય કાર્યક્રમોની સરવાણી થશે.તા.૫ એપ્રિલ પાળગામ રામજી



મંદિરેથી ૩.૩૦ કલાકે પોથીયાત્રા નીકળશે.શિવમહિમા, શિવવિવાહ, રામવનવાસ, હનુમાનજી મિલન, શબરી મિલન, રામજન્મ, રામ વિવાહ, ભરત મિલન, રામેશ્ર્વર સ્થાપના, રાવણ વધ સહિતના કથા પ્રસંગોનું રસપાન કથા વકતા પ.પૂ.મહંત ક્ષિપાગીરીજી મહારાજ (બાપજી) પાલનપુરવાળા સુમધુર કંઠે સંગીતમય શૈલીમાં કરાવશે કથા દરમિયાન ક્ષિપાગીરી મહારાજ દરરોજ સવારે ભકતોને મારૂતી યજ્ઞ કરાવશે. આ મારૂતિ યજ્ઞનો ઉપસ્થિત સર્વે ભકતજનો લાભ લઈ શકશે.કથામાં આવતા તમામ ઉત્સવો વેશભુષા સાથે ઉજવાશે તેમ જયંતિભાઈ મિસ્તી ડોડિયાળાવાળાની યાદીમાં જણાવાયું છે. આ સાથે તા.૫ને શુક્રવારે સવારે ૭.૩૦ કલાકે નવકુંડી મહાયજ્ઞ યોજાશે. તેમજ બપોરે ૧ કલાકે જખરાપીર દાદા તથા મામા સાહેબને બાવનગઢની ધ્વજા તેમજ ૧.૩૦ કલાકે ચાદર ચડાવવાનો મહોત્સવ યોજાશે.

આ કથા દરમિયાન સર્વજ્ઞાતિ સમુહ લગ્નોત્સવના ઉપક્રમે તા.૮ એપ્રિલના સોમવારે ભવ્યલોકડાયરો યોજાશે જેમાં લોકસાહિત્ય કાર ખીમજીભાઈ ભરવાડ, પુનમબેન ગોંડલીયા, તેમજ જયોતિદાન ગઢવી એન્ડ ગ્રુપ ઉપસ્થિત ભકતો સાથે ડાયરાની રઝટ બોલાવશે આ તકે તા.૧૦ એપ્રિલને બુધવારે આઈ શ્રી ઘુનાવાળી ખોડિયાર માતાજી તથા શ્રી મેલડી માતાજીનો ૨૪ કલાકનો અખંડ માંડવો યોજાશે. જેમાં રાવળદેવ ધર્મેશભાઈ ડાકની રમઝટ બોલાવશે.

તા.૧૪ એપ્રિલને રવિવારે ૫૧ દિકરીઓનો ભવ્યાતિભવ્ય સમૂહ લગ્નોત્સવ પ્રસંગે બપોરે ૧૧ વાગ્યે સમસ્ત ૬ ગામુધમાડાબંધ મહાપ્રસાદનું આયોજન કરેલ છે. જેમાં પાળગામ, મવડી, જસવંતપુરી, રાવકી, ઢોલરા, અને કાંગસીયાળીના ગ્રામજનો તેમજ ઉપસ્થિત ભકતજનો માટે મહાપ્રસાદનું આયોજન કરાયું છે. કથા દરમિયાન બહારગામથી પધારતા ભકતો માટે ૨૪ કલાક ભોજન પ્રસાદ તેમજ ચા-પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.

# ચૂંટણીમાં મતદાન કવરેજ કરનારા પત્રકારો પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે : ચૂંટણી પંચની પહેલ

## દૂરદર્શન, ઑલ ઈન્ડિયા રેડિયો, વીજ, બી.એસ.એન.એલ., રેલવે, આરોગ્ય વિભાગ, ઉડ્ડયન, પરિવહન વિભાગના કર્મીઓનો આવશ્યક સેવા કર્મીઓમાં સમાવેશ

રાજકોટ,

ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીઓને સર્વસમાવેશી બનાવવાના ભાગરૂપે જાહેરનામાથી વીજળી વિભાગ, બી.એસ.એન.એલ., રેલવે, દૂરદર્શન, ઑલ ઈન્ડિયા રેડિયો, ગુજરાતના આરોગ્ય વિભાગ, ઉડ્ડયન, ગુજરાત રાજય પરિવહન નિગમની લાંબા અંતરની બસ સેવાઓ, અગ્નિશમન સેવાઓ, ચૂંટણીના દિવસે કવરેજ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવેલા મીડિયાકર્મીઓ, ટ્રાફિક પોલીસ તથા એમ્બ્યુલન્સ સેવાઓને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરવામાં આવી છે.

આવશ્યક સેવા શ્રેણીમાં સમાવિષ્ટ આ મતદારો પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવા માટે પાત્ર બનશે. પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવા ઈચ્છતા ગેરહાજર મતદારે તમામ જરૂરી વિગતો આપીને ફોર્મ-૧૨ ડીમાં ચૂંટણી અધિકારીને અરજી કરવાની રહેશે.

એસેનસિઅલ સર્વિસ વોટર્સ કે જે ફરજના લીધે મતદાનના દિવસે તેના મતદાન મથકે જઈને મતદાન કરી શકે એમ નથી તે પોસ્ટલ બેલેટનું ફોર્મ નં .૧૨ ડી ભરીને પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે. મતદાર પોતાના મતદાનનો ઉપયોગ કરી શકશે.

જેથી મતદારો મતદાનથી વંચિત ના રહે તથા પોસ્ટલ બેલેટથી અગાઉ જ મતદાન કરી શકે. ઈમરજન્સી અને એસેનસિઅલ સર્વિસ વોટર્સને પોસ્ટલ બેલટથી મતદાન કરાવવા સમય મર્યાદામાં ફોર્મ નં .૧૨ ડી ભરાવવામાં આવે છે.

# રાજકોટ જિલ્લામા ધોમધખતા તડકા ૪૪ લોકોને ૧૦૮ની તાત્કાલિક સારવાર કરાઈ

## જિલ્લા વહિવટી વિભાગ દ્વારા લોકોપયોગી સૂચનો જાહેર કરવામાં આવ્યાં

રાજકોટ,

રાજકોટના જિલ્લાના નાગરિકો ઉનાળાના ધોમધખતા તડકાથી પોતાની જાતનું રક્ષણ કરી શકે અને પોતાના સ્વાલસ્થ્યિ ની જાળવણી કરી શકે, તે માટે ૧૦૮ અને જિલ્લા વહિવટી વિભાગ દ્વારા લોકોપયોગી સૂચનો જાહેર કરવામાં આવ્યાં છે. ગરમીના લીધે લૂ લાગવાના તેમજ બેભાન બનવાના બનાવો વધે તે પહેલા નાગરિકોએ શું કાળજી રાખવી જોઈએ? તે જોઈએ તો, લોકોએ સખત ગરમીમાં બને ત્યાંવ સુધી તડકામાં બહાર નીકળવાનું ટાળવું, ગરમીમાં બહાર નીકળો તો સુતરાઉ, લાંબા આખી બાયના કપડાં પહેરવાં, મોઢાથી પ્રવાહી પૂરતાં પ્રમાણમાં લેવું. જેમાં સાદુ પાણી, લીંબુ પાણી, છાશ વગેરેનો ઉપયોગ કરી શકાય, નાના બાળકો અને મોટી ઉંમરની વ્યંક્તિ ઓએ ગરમીમાં બહાર ન નીકળવું, સગર્ભા માતા અને નવજાત શિશુને લૂ ના લાગે તેની ખાસ કાળજી રાખવી.

આ ઉપરાંત, લૂ લાગે કે તેની અસર દેખાય તો નજીકના દવાખાનામાં ડોક્ટણરનો સંપર્ક કરવો જોઈએ, જે વ્યનક્તિાને લૂ લાગી હોય તેને ઠંડા વાતાવરણમાં રાખવા. લૂ લાગી હોય તેને પ્રાથમિક ઉપચાર માટે ઠંડા પાણીના પોતાં મૂકી શકાય, આઈસ પેક હોય તો જાંઘ અને બગલના ભાગમાં મૂકવાથી શરીરનું ઉષ્ણ તામાન તરત જ નીચું લાવી શકાય છે. જે શ્રમિકો ખુલ્લી સાઈટ પર તડકામાં કામ કરતાં હોય, તેમણે દર બે કલાકે છાયડામાં પંદરથી વીસ મિનિટ આરામ લેવો જોઈએ, ગરમીની ઋતુમાં બજારનો ઉઘાડો અને વાસી ખોરાક લેવાનું ટાળવું જોઈએ.

રાજકોટ જિલ્લામાં છેલ્લા અડતાલીસ કલાકમાં જ ગરમીના લીધે કેસોમાં વધારો જોવા મળ્યો છે, છેલ્લાં અડતાલીસ કલાકમાં જ રાજકોટ જિલ્લામાં હીટવેવને લઈને ૪૪ કિસ્સાોઓ સામે આવ્યાંછ છે. જેની ૧૦૮ સેવા દ્વારા સારવાર કરવામાં આવી છે અને નજીકના હોસ્પિટલમાં ખસેડવા આવ્યા છે.

હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટ જાહેર કરાયું છે જે અંગે રાજકોટ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા જિલ્લાની તમામ ૧૦૮ એમ્યુદ્વ લન્સાને સજ્જ રાખવામાં આવી છે. ૧૦૮ના પ્રોગ્રામ મેનેજર ચેતન ગાધેએ જણાવ્યુંત હતું કે, તમામ ૧૦૮ એમ્યુદ્વ લન્સામાં ગરમી કે લૂ સબંધિત કોઈપણ પ્રકારના કિસ્સારઓને પ્રતિસાદ આપવા માટે પુરતા પ્રમાણમાં દવાઓ, સંસાધનો, ઈન્જેંકશન, ઓઆરએસ, ગ્લુનકોઝ, સહિત ઓક્સિાજનના પુરતા જથ્થાુની વ્યએવસ્થાુ કરવામાં આવી છે. તમામ કર્મચારીઓ તાલીમબદ્ધ અને કટિબદ્ધ છે. ત્યાણરે રાજકોટની જનતા સાવધાનીના પગલા લઈ કાળજી રાખે તેમ છતા આવશ્યઓક સમયે તત્કાલ ૧૦૮ને કોલ કરી સેવા મેળવે જેથી આપાતકાલીન પરિસ્થિતિઓમાં મૂલ્યાવાન માનવજીવન બચાવી શકાય.

# જામ્યુકોને ચાલુ વર્ષમાં મિલકત વેરો તથા પાણી ચાર્જમાં રૂ.૧૦૧.૬૦ કરોડની આવક


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાએ અત્યાર સુધીના ઈતિહાસમાં વેરાની સૌથી વધુ આવક મેળવી છે ચાલુ વર્ષમાં ગઈકાલ સુધીમાં રૂપિયા ૧૦૧.૬૦ કરોડની આવક થવા પામી છે. તેમ મ્યુનિ. કમિશનર ડી એન મોદીએ જણાવ્યું હતું.

જામનગર મહાનગર પાલિકામાં કુલ ૩,૦૬,૦૦૦ મિલકતો નોંધાયેલી છે . તે પૈકી ગઈકાલ સુધીમા કુલ ૧,૦૫,૬૫૬ મિલકત ધારકોએ વેરો ભરપાઈ કર્યો છે. તા. ૧ એપ્રિલ ૨૦૨૩ થી તા. ૨૮ માર્ચ ૨૦૨૪ સુધીમાં કુલ રૂપિયા ૧૦૧.૬૦ કરોડની આવક થવા પામી છે. જયારે તારીખ ૧ ફેબ્રુઆરી થી ૨૮ માર્ચ એટલે કે ૫૭ દિવસમાં જ રૂપિયા ૪૫.૭૦ કરોડની આવક થવા પામી છે. જામનગર મહાનગરપાલિકા દ્વારા હાલ વ્યાજ માફી યોજના અમલમાં છે. અને અત્યાર સુધીમાં રૂપિયા ૧૧ કરોડ ૪૮ લાખની વ્યાજ માંફી આપવામાં આવી છે.

આજની સ્થિતિએ બાકી વસુલાત જોઈએ તો મુદ્દલ રૂપિયા ૩૦૬ કરોડ ૯૮ લાખ અને તેની ઉપર વ્યાજ ૨૦૭ કરોડ ૪૧ લાખ થવા જાય છે. જેમા મિલકત વેરાની રૂપિયા ૨૩૩ કરોડ ( કારપેટ બેઝ) અને વ્યાજના રૂ.૯૮.૫૬ કરોડ, તેમજ રેન્ટ બેઝ આધારિત મુદ્દલ રકમ રૂ.૧૫.૧૦ કરોડ અને વ્યાજ ૪૪. ૧૧ કરોડ, પાણી ચાર્જની શાખાની કાર્પેટ આધારિત મુદ્દલ રૂ.૪૨.૦૬ કરોડ અને વ્યાજ રૂ. ૩૪.૩૦ કરોડ તથા રેન્ટ બેઝ મુદલ રૂ. ૪.૩૭ કરોડ અને વ્યાજ રૂ. ૧૭.૨૨ કરોડ., અને સ્લમ વિસ્તારના પાણી ચાર્જના ૧૨ કરોડ ૪૫ લાખ અને વ્યાજ રૂ. ૧૩ કરોડ ૨૨ લાખનો સમાવેશ થાય છે.જામનગર મહાનગર પાલિકાની ૧૦૦ ટકા ટકા વ્યાજ માફી યોજનાની મુદત આગામી તારીખ ૩૧ માર્ચના પૂર્ણ થઈ રહી છે. ત્યારે છેલ્લા ત્રણ દિવસ બાકી હોય આ યોજનાનો લાભ લેવા પણ મ્યુનિસિપલ કમિશનર ડી એન મોદી અને આસિસ્ટન્ટ કમિશનર (ટેક્સ) જીગ્નેશ નિર્મળે કરદાતાઓને અનુરોધ કર્યો છે.

## દ્વારકા જગત મંદિર ચોકમાં જર્જરિત બિલ્ડીંગનું પોપડું પડતા મહિલા ઈજાગ્રસ્ત


તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : દ્વારકામાં આવેલા જગત મંદિરના દરરોજ હજારોની સંખ્યામાં યાત્રિકો દર્શનાર્થે આવે છે. આથી મંદિર ચોકમાં કાયમ માટે યાત્રિકોની ભીડ રહેતી હોય છે. ગઈકાલે ગુરુવારે મોડી સાંજે મંદિર ચોક વિસ્તારમાં આવેલ એક જર્જરિત થઈ ગયેલી ઈમારતના રવેશનું સિમેન્ટનું પોપડુ નીચે ઊભેલી એક યાત્રિક મહિલાના માથે પડતા ગંભીર ઈજાઓ થવા પામી હતી. આથી તાકીદે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઘાયલ મહિલા યાત્રિકને દ્વારકાની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી અને તેણીને સારવાર આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે કાયમ ભરચક્ક રહેતા મંદિર ચોકમાં આવેલી આ બિલ્ડીંગ વર્ષો જૂની હોવાથી અતિ જર્જરિત થઈ ગઈ છે. જેના કારણે કોઈપણ સમયે અતિ ગંભીર અકસ્માત થવાની સંભાવનાઓ કરાઈ રહી છે. જેના લીધે તંત્ર દ્વારા આ જર્જરીત ઈમારતને તોડી પાડવામાં આવે તેવી લોકમાંગણી ઉઠવા પામી છે.

## જામનગરમાં જુગારના ૩ દરોડામાં ૯ મહિલા સહિત ૧૫ પતાપ્રેમી ઝડપાયા

જામનગર : જામનગર શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં ગઈકાલે પોલીસે એક રહેણાંક મકાન સહિત ત્રણ જગ્યાએ જુગાર અંગેના દરોડા પાડયા હતા. જેમાં નવ મહિલા સહિત ૧૫ શખ્સોને ઝડપી લીધા હતા અને તેઓ પાસેથી રૂા. ૫૦ હજારની રોકડ રકમ કબ્જે કરી હતી.જામનગરમાં ગોકુલનગર રડાર રોડ પર આવેલા રામનગરની શેરી નંબર આઠમાં રહેતા માલદેભાઈ આલાભાઈ ચાવડા નામના શખ્સના મકાનમાં જુગાર રમાતો હોવાની બાતમી પોલીસને મળી હતી. જેથી સ્થળ પર જઈ દરોડો પાડતા ગંજીપાના વડે જુગાર રમી રહેલા માલદેભાઈ આલાભાઈ ચાવડા, રામભાઈ પોલાભાઈ વશરા, આશાબેન કેશુભાઈ મોઢવાડિયા, સતીબેન માલદેભાઈ ચાવડા, દક્ષાબા જબરસિંહ રાઠોડ અને શાંતાબેન પરષોતમભાઈ શેઠિયા સહિત ૬ શખ્સોની અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રૂપિયા ૧૭,૬૩૦ કબ્જે કર્યા હતા.

આ ઉપરાંત જામનગરમાં યોગેશ્વરનગરની શેરી નંબર ૪માં માહિ ડેરી પાસે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા નકુલભાઈ પરસોતમભાઈ રાઠોડ, જયોતિબેન રમેશભાઈ મેઢ, રેખાબેન જેન્તીભાઈ દાવડા, વર્ષાબેન ભરતભાઈ સોલંકી, હમીદાબેન અબ્દુલભાઈ જામ અને શોભનાબેન દિલીપભાઈ રોરિયા સહિત ૬ શખ્સોની અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રૂા. ૧૨,૮૪૦ કબ્જે કર્યા હતા.જયારે જામનગરમાં આંબેડકરનગર બ્રીજ નીચે વૂલન મીલ ફાટક પાસે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલ રમેશ કેશુભાઈ રાઠોડ, ધાનાભાઈ રામશીભાઈ માડમ અને મધુભાઈ રામાભાઈ સાગઠિયા સહિત ૩ શખ્સોની અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રૂા. ૧૦,૦૨૦ કબ્જે કર્યા હતા.

## દ્વારકાના પંચકૂઈ બીચ પાસે ૪૦ જેટલા યાત્રિકો ફસાતા રેસ્કયુ કરી બહાર કાઢયા


તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : દ્વારકામાં તાજેતરમાં ગોમતી નદી પાર કરી સામે કાંઠે પંચકૂઈ વિસ્તારમાં ગયેલા આશરે ૪૦ જેટલા યાત્રિકો સમુદ્રના પ્રવાહમાં હાઈટાઈડને લીધે સામે ઘાટ પર ફસાયા હતા. જો કે, ફાયરની ટીમની સમય સૂચકતાને લીધે મોટી જાનહાનિ ટળી હતી.

મળતી માહિતી મુજબ તાજેતરમાં હોળી–ફૂલડોલ તથા ધૂળેટી જેવા ઉત્સવને કારણે યાત્રાધામ દ્વારકામાં પુષ્કળ ભીડભાડ રહેતી હોય તેવા સમયે દ્વારકાની ગોમતી નદીમાં ઓટના સમયે સામે પાર પંચકૂઈ બીચ પર યાત્રિકો ગયેલ હોય જેમાંના ૪૦ યાત્રિકો સામે પાર રહી ગયા હતા. ગોમતી નદીન સંગમ દરિયા સાથે થતો હોય હાઈટાઈડ થતાં ભરતીના કારણે પાણીના ધસમસતા પ્રવાહમાં નદી પાર કરી શકાય તેમ ન હોવાથી ૪૦ યાત્રિકો પંચકૂઈ વિસ્તારમાં ફસાયા હતા.

અત્રે એ ઉલ્લેખનિય છે કે, સામા કાંઠાનો પંચકૂઈ વિસ્તાર નર્જનિ અને વેરાણ હોય ત્યાં કોઈ જાતની સુવિધા ઉપલબ્ધ નથી. જો કે, આ અંગે ફાયર અને રેસ્કયુ વિભાગને જાણ કરાતા ટીમના અધિકારીઓ મારફતે તમામ યાત્રિકોને પુનઃ ગોમતી ઘાટ સહી સલામત પહોંચાડાયા હતા.

## જામનગરમાં બાઈક ચાલકે સાયકલ સવાર આધેડને હડફેટે લેતા મોત નીપજ્યું

જામનગર : જામનગરમાં પંચવટી સોસાયટી વિસ્તારમાં સાયકલ પર જઈ રહેલા એક આધેડને પુર ઝડપે આવી રહેલા બાઈક ચાલકે ઠોકરે ચડાવી ઈજા પહોંચાડતાં તેઓનું મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં શાંતિનગર શેરી નંબર ૬ના છેડે રહેતા રાજેન્દ્રસિંહ જાડેજા નામના ૫૪ વર્ષના આધેડ કે જેઓ ગઈકાલે બપોરે એકાદ વાગ્યાના અરસામાં પોતાની સાઈકલ લઈને પંચવટી વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. જે દરમિયાન ભૂતિયા બંગલા પાસે આવી રહેલા જી.જે.-૩ ડીએચ ૫૬૮૧ નંબરના બાઈકના ચાલકે તેઓને હડફેટમાં લઈ લીધા હતા. જેથી ગંભીર ઈજાઓ થતા તેઓને સારવાર માટે જામનગરની જી. જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમ્યાન તેઓનું મૃત્યુ નીપજ્યું હતું. આ અકસ્માતના બનાવ અંગે મૃતકના પુત્ર રવિરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાએ સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ઉપરોક્ત બાઈક ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

## જામનગર નજીક બેડ ટોલનાકા પર યુવાનની હત્યા કેસમા પાંચ આરોપીને આજીવન કેદની સજા

જામનગર : જામનગર ખંભાળિયા ધોરીમાર્ગ પર આવેલ બેડ ટોલનાકા પાસે ૧૨ વર્ષ પહેલા એક યુવાન પર જીવલેણ હુમલો કરી તેની હત્યા નિપજાવવામાં આવી હતી. આ કેસ જામનગરની કોર્ટમાં ચાલી જતા હુમલો કરનાર પાંચેય આરોપીઓને અદાલતે આજીવન કેદની સજાનો હુકમ કર્યો છે.જામનગર નજીકના બેડ ટોલનાકા પર ગત તા. ૧૩.૭.૧૨ ના રોજ રાત્રીના સાડા આઠ વાગ્યે આરોપીઓ બાબુ કરમશી પરમાર, મેરાભાઈ ઉર્ફે મેરામણ સાંજણભાઈ ખાંભલા, ગગુ ઉર્ફે રત્નો સાજણભાઈ ખાંભલા, ભારા લાખા ઉર્ફે ફોગો ખાંભલા અને હિરાભાઈ ઉર્ફે ગરવાભાઈ સાજણભાઈ ખાંભલા (રહે.તમામ બેડ ગામ) એ પુર્વયોજીત કાવતરૂ કરીને ગેરકાયદેસર મંડળી રચી હતી. અને બેડ ગામના બહાદુરસિહ રાજમલસિહ જાડેજાની બેડ ગામના જુના બસ સ્ટેન્ડ પાસે રોકી તમામ આરોપીઓ જીવલેણ હથીયાર વડે હુમલો કરી હત્યા નિપજાવી હતી. જે અનુસંધાને જામનગર પંચ 'બી' પો.સ્ટે. ફરીયાદ દાખલ થયેલ અને ત્યારબાદ આ તમામ આરોપીઓ સામે કેસ જામનગરના સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતા ફરીયાદ પક્ષે કુલ ૩૩ સાહેદો તપાસવામા આવેલ અને ત્યારબાદ ફરીયાદ પક્ષે સરકારી વકીલ દિપક આર. ત્રિવેદી ધ્વારા રજુ થયેલ દસ્તાવેજો તેમજ મૈખીક પુરાવો અંગે વિગતવાર વિસ્તૃત દલીલ કરવામાં આવી હતી. અને આરોપીઓ સામે ગુનો પુરવાર થતો હોય જેથી સરકાર પક્ષની દલીલ માન્ય રાખી જામનગરના સેશન્સ જજ એસ. કે. બક્ષીએ આ તમામ પાંચ આરોપીઓને તકસીરવાન ઠેરવી આજીવન સખત કેદની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે વકીલ ડી આર ત્રિવેદી રોકાયા હતા.

## જામનગરના લાલપુર બાયપાસ માર્ગે સૂતા સૂતા બાઈક ચલાવી સ્ટંટ કરનારને પોલીસે પાઠ ભણાવ્યો



જામનગર : જામનગર નજીક લાલપુર બાયપાસ રોડ પર સૂતા સૂતા બાઈક ચલાવી સ્ટંટ કરનારને પોલીસે પાઠ ભણાવ્યા છે, અને તેની સામે ગુનો નોંધ્યો છે.

જામનગરના રામનગર વિસ્તારમાં સલીમ બાપુના મદ્રેસા પાસે રહેતો જાવીદ ખાલિદભાઈ ચમડીયા નામનો ૧૮ વર્ષનો શખ્સકે જે ગઈકાલે બપોરે ચારેક વાગ્યાના અરસામાં લાલપુર બાયપાસ ચોકડીથી જામનગર તરફ પોતાનું બાઈક લઈને આવી રહ્યો હતો, અને અન્ય રાહદારીઓની જિંદગી જોખમાય તે રીતે બાઈક પર સુતા સુતા સ્ટંટ કરીને આવી રહ્યો હતો.જે અંગે પોલીસને ધ્યાનમાં આવતાં પંચકોશી બી. ડિવિઝન પોલીસે તેની અટકાયત કરી લીધી હતી, અને બાઈક કબજે કર્યું છે.

## જામનગરમાં અંબર ચોકડી નજીક હિટ એન્ડ રનના બનાવમાં કારની ઠોકરે બે વ્યક્તિ ઘાયલ

જામનગર શહેરમાં ગઈકાલે રાત્રિના સમયે અંબર ચોકડી વિસ્તારમાં હિટ એન્ડ રનનો બનાવ બનવા પામ્યો છે. જેમાં એક ફોર વ્હીલના ચાલકે બે યુવાનોને હડફેટે લેતા ઈજાગ્રસ્ત યુવાનોને હોસ્પિટલ ખસેડાયા છે. જ્યારે અકસ્માત સર્જી કારચાલક નાશી ગયો હતો. બનાવની જાણ થતાં પોલીસ ટૂકડી હોસ્પિટલ દોડી ગઈ હતી.

જામનગર શહેરના અંબર ચોકડી નજીક ગઈ રાત્રે મકબુલ કાશમીરી અને સોયબ શેખ નામના બે યુવાન બાઈક લઈને જઈ રહ્યા હતા. ત્યારે બ્લેક ફિલ્મ અને નંબરપ્લેટ વગરની ક્રેટા કારના ચાલક બન્ને યુવાનોને ઠોકર મારીને ફરાર થઈ ગયો હતો.

ત્યારબાદ સ્થાનિક લોકો દ્વારા બન્ને ઈજાગ્રસ્ત યુવાનોને જી. જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવની જાણ થતાં મોડી રાત્રે મુસ્લિમ સમાજના યુવાનો મોટી સંખ્યામાં હોસ્પિટલે દોડી ગયા હતા. જ્યારે બનાવની જાણ થતાં સિટી-બી ડિવિઝન પોલીસની ટીમ પણ હોસ્પિટલ દોડી ગઈ હતી અને ફરાર થઈ ગયેલ કાર ચાલક સામે ફરિયાદ નોંધવા કાર્યવાહી હાથ ધરી છે.


તસવીરઃ સુનિલ ચુડાસમા

## કલ્યાણપુરના લાંબા ગામે કૂવામાં પટકાયેલા યુવાનનું નિપજયું મોત

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે અકસ્માતે કૂવામાં પટકાયેલા એક યુવાનને ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજયાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે હાલ રહેતા અને મૂળ રાજસ્થાન રાજયના પાલી જિલ્લાના જેતરાણ તાલુકાના રહીશ રાધેશ્યામ જવાનરામ સોલંકી નામના ૩૩ વર્ષના યુવાન ગઈકાલે ગુરુવારે લાંબા ગામે એક આસામીની વાડીમાં આવેલા કૂવા કાંઠે કામ કરી રહ્યા હતા. ત્યારે આ કુવાના કાંઠે પડેલા દંગડા (બેલા) પથ્થર પર બેસવા જતા તેમનો હાથ લપસી જવાના કારણે તેઓ દંગડા (પથ્થર) સાથે કુવામાં ખાબકયા હતા. જેથી તેમને ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. આ બનાવની જાણ જરૂબુરામ ચીસરીલાલ સોલંકી (ઉ.વ. ૫૦, રહે. મૂળ જેતરાણ) એ કલ્યાણપુર પોલીસને કરી છે.

## જામ્યુકોના સિટી ઈજનેરના ધમકી પ્રકરણમાં ટેકનિકલ કર્મીઓએ સુરક્ષાને લઈ પાઠવાયું આવેદન

જામનગર : જામનગર મહાનગરપાલિકાના સીટી ઈજનેરને ફાઈલ ક્લિયર કરવા બાબતે પૂર્વક કોંગી કોર્પોરેટરે આપેલી ધમકીના મહાનગર પાલિકાની કચેરીમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે અને આ મામલે ટેકનીકલ યુનિયન દ્વારા કમિશનને આવેદન પાઠવાયું છે.


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર મહાપાલિકાના સિટી ઈજનેર ભાવેશ જાની પાસે દર મહિને એક લાખની ખંડણી માંગ્યાની ફરિયાદના બનાવ પછી જામનગર મહાનગરપાલિકાની કચેરીમાં ફરજ બજાવતા ટેકનીકલ યુનિયનના તમામ કર્મચારીઓ દ્વારા પોતાની સુરક્ષાને લઈને ગઈકાલે મ્યુનિ. કમિશનર ડી. એન. મોદીને વિસ્તૃત આવેદન પાઠવ્યું છે, અને સુરક્ષાની માંગણી કરવામાં આવી છે.

## જામનગર જિલ્લાના 3 હોમગાર્ડ્ઝ જવાનો સસ્પેન્ડ

જામનગર : જામનગર જિલ્લા હોમગાર્ડ્ઝ તરીકે ગત્ દિવસોમાં નિમણૂંક પામેલા કમાન્ડન્ટએ હુકમનું પાલન નહી કરવા બદલ પોના મામા સહિત ૩ હોમગાર્ડ્ઝને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાનો આદેશ કર્યો છે.

જિલ્લા હોમગાર્ડ્ઝ વિભાગમાં વર્ષોથી સેવા આપતા લીગલ ઓફિસર ગિરીશભાઈ સરવૈયાની ગત્ દિવસોમાં જિલ્લા કમાન્ડન્ટ તરીકે નિમણૂંક થયા બાદ તેઓ દ્વારા હોમગાર્ડ્ઝના રાજ્ય કક્ષાની વડી કચેરી દ્વારા આયોજિત શિસ્ત માટેની બેઝિક, એડવાન્સ અને લિડરશીપના તાલીમ કેમ્પમાં ત્રણ હોમગાર્ડ્ઝને મોકલવાનો હુકમ કરવામાં આવ્યો હતો. પરંતુ આ હુકમ માનવાના બદલે સિટી એ યુનિટના બે જવાનો તાલીમ કેમ્પમાં ગયા ન હતા. તેથી નવા કમાન્ડન્ટ જી. એલ. સરવૈયાએ ત્રણેયને મૌખિક હુકમથી સસ્પેન્ડ કરી દીધા હતા. સસ્પેન્ડ થયેલા હોમગાર્ડ્ઝ જવાનોમાંથી એક તો ખુદ કમાન્ડન્ટના મામા હોવાનું બહાર આવ્યું છે.

સૌરાષ્ટ્ર આજતક

# રાજકોટ મહાપાલિકાએ સદગુરુ આર્કેડની ૮ સહિત વધુ ૩૦ મિલકતોને કરાઈ સીલ

## ૨૦ મિલ્કત ધારકોને જપ્તીની નોટીસ : ૩ નળ કપાત : રૂા. ૧૬.૦૫લાખની વસુલાત

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકાએ ચાલુ વર્ષના લક્ષ્યાંકમાં ૧૭ કરોડની ઘટ હોવાથી અને ઝુંબેશના ફક્ત બે દિવસ બાકી હોય કડક કાર્યવાહી હાથ ધરી મિલ્કતવેરો બાકી હોય તેવા ૩૦ આસામીઓની મિલ્કત સીલ કરી ૨૦ મિલ્કત ધારકોને જપ્તીની નોટીસ ફટકારી હતી તેમજ ત્રણ નળ કનેક્શન કાપી સ્થળ ઉપર રૂા. ૧૬.૦૫ લાખની વસુલાત કરી હતી.

વેરાવિભાગ દ્વારા ૫૦ ફુટ રોડ પર આવેલ બ્રાહમણી સેલ્સ શક્તિ પાર્કમાં ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકાવરી રૂ.૧.૩૯ લાખ, કુવાડવા રોડ પર આવેલ ક્રિસ્ટલ સીટી જય શક્તિ પાર્કમાં ૧-યુનિટ્ની નોટીસ સામે રીકવરી રૂ.૫૪,૮૯૦, કુવાડવા રોડ પર આવેલ જય શક્તિ પાર્કમાં ૧-યુનિટ્ની નોટીસ સામે રીકવરી રૂ.૩૪,૨૮૦, પેડક રોડ પર આવેલ વલ્લભ સોસાયટીમાં ૧-નળ કનેક્શન ક્પાત, કુવાડવા રોડ પર આવેલ મણીનગરમાં૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૫૦,૦૦૦, કુવાડવા રોડ પર આવેલ પટેલનગરમાં૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ૧.૦૦ લાખ, સંત કબીર રોડ પર આવેલ ૪-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૭.૨૦ લાખ, ઢેબર રોડ પર




આવેલ સદગુરુ આર્કેડ સેલર-૯ ને સીલ મારેલ, ઢેબર રોડ પર આવેલ સદગુરુ આર્કેડ સેલર-૧૦ ને સીલ મારેલ, રઘુવિરપરામાં શેરી નં-૧૩ માં ટોટલ ૪ શોપ સહિત ઢેબર રોડ પર આવેલ સદગુરુ આર્કેડમાં ૮ મિલ્કતને સીલ કરી હતી. મનપાના વેરાવિભાગ દ્વારા જાગનાથ પ્લોટમાં ૧-નળ કનેક્શન ક્પાત કરતા રીકવરી રૂ.૧.૩૪ લાખ, મગલમ મેઈન રોડ પર ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકાવરી રૂ.૪૭,૪૨૬, ડો.યાજ્ઞિક રોડ પર આવેલ સીટી પ્લાઝા સેક્ડ ફ્લોર શોપ નં-૨૦૭ નાબાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ..૩૪,૬૧૩, ડો.યાજ્ઞિક રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૯૬,૫૦૦, ટાગોર રોડે પર આવેલ જી.પી.ટાવેરસ ઓફિસ નં-૨૦૧,૨૦૨ ફળા ૨૦૩ ને સીલ મારેલ, ઉદયનગરમાં ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ. ૪૧,૮૬૮, ૪૦ ફુટ રીંગ રોડ પર આવેલ ગેલ કોમ્પ્લેક્ષ ફર્સ્ટ ફ્લોર શોપ નં-૧૦૧ ના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૭૨,૫૦૦, વાવડી વિસ્તારમાં રાણી ઈન્ડ એસ્ટેટ્માં ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ..૬૨,૭૧૮, વાવડી વિસ્તારમાં રાણી ઈન્ડ એસ્ટેટમાં ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૬૨,૧૨૪, નાનામોવા રોડ પર આવેલ કલ્પવૃક્ષ કોમ્પ્લેક્ષ ફર્સ્ટ ફ્લોર શોપ નં-૪ નાબાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રૂ?.૧.૩૩ લાખની વસુલાત કરી હતી.

# સૌરાષ્ટ્ર આસપાસ અને શો ટાઈમની મુલાકાત લેતા ભાજપના ઉમેદવાર નિમુબેન બાંભણીયા

## મેનેજીંગ તંત્રી કોમલકાંત શર્માએ આવકારી અને જંગી બહુમતી સાથે જીતની શુભેચ્છા પાઠવી

ભાવનગર, તા.૨૯

ભાજપે ભાવનગર-બોટાદ લોકસભા બેઠક પર પૂર્વ મેયર અને બિનવિવાદાસ્પદ સરળ અને સૌમ્ય નિમુબેન બાંભણીયાને ટીકીટ આપી છે. ૨૮મીએ નિમુબેન બાંભણીયા તથા શહેર ભાજપ પ્રમુખ અભયભાઈ ચૌહાણ સૌરાષ્ટ્ર આસપાસ અને શો ટાઈમની મુલાકાતે આવ્યા હતાં.



લીલા ન્યુઝ નેટવર્ક વતી મેનેજીંગ તંત્રી કોમલકાંત શર્માએ તેમને આવકાર્યા હતાં અને જંગી બહુમતીથી જીતની શુભેચ્છા પાઠવી હતી. આ મુલાકાત દરમિયાન કોમલકાંત શર્માએ ભાવનગરના થઇ રહેલા વિકાસ, આગામી વર્ષોમાં શું થઇ શકે તેના રોડમેપ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશના થઇ રહેલા વિકાસ સહિતના મુદ્દે બન્ને અગ્રણીઓ સાથે વાતચીત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઇના નેતૃત્વમાં દેશ અને દેશનું નાનામા નાનું ગામ પણ વિકાસ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ભવ્ય ભારતનું સપનું સાકાર થતું દેખાય છે.

# રાજકોટની દૂધની ડેરી પાસે ડિગ્રી વિના કલીનીક ચલાવતો બોગસ તબીબી પકડાયો

## મેડીકલ સ્ટોરમાં નોકરી કરી હોઈ તેના અનુભવને આધારે ડોક્ટોર બની પ્રેકટિસ કરતો હતો

રાજકોટ,

રાજકોટ શહેર એસઓજીએ વધુ એક વખત ડીગ્રી વગર દવાખાનુ ખોલીને બેસી ગયેલા ડુપ્લીકેટ ડોક્ટરને દબોચી લીધો છે. એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોનસ. ઉપેન્દ્ર સિંહ ઝાલા અને મુકેશભાઇ ડાંગરને મળેલી પાક્કી બાતમી પરથી દૂધસાગર રોડ પર સિદ્દીકી મસ્જીવદવાળી શેરીમાં ભગવતી સોસાયટીમાં એક ક્લી?નીકમાં દરોડો પાડયો હતો. અહિ ખુરશી પર ગળામાં સ્ટેજથોસ્કોભપ ટાંગીને બેઠેલા શખ્સસની પુછતાછ કરતાં તેણે પોતાનું નામ મહમદફારૂક જાનમહમદભાઇ બ્લોહચ (ઉ.વ.૫૩-રહે.



બજરંગવાડી રાજીવનગર-૫, બ્લોંક નં. ૭૦૭) જણાવ્યું હતું. પોલીસે તેની પાસે મેડીકલ પ્રેક્ટીસની કોઈપણ જાતની ડીગ્રી હોય તો બતાવવાનું કહેતાં ગેંગેં-ફેંફેં થઈ ગયો હતો.વિશેષ પુછતાછ થતાં મહમદફારૂકે પોતાની પાસે કોઈપણ જાતની ડીગ્રી નહિ હોવાનું અને ૨૦૧૧મા પણ પોતે આ રીતે ડીગ્રી વગર દવાખાનુ ચલાવતાં પકડાઇ ગયાનું કબુલતાં તેની સાથે મેડીકલ પ્રેકટીશનર એક્ટન હેઠળ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી સાથે દવાઓ, સાધનો સહિતનો મુદ્દામાલ કબ્જેન કરાયો હતો.

નકલી તબીબ મહમદફારૂકે પ્રાથમિક પુછતાછમાં કહ્યું હતું કે પોતે બાર ચોપડી સુધી ભણેલો છે. દર્દીઓને તપાસને દવા આપવાની ફીના રૂપિયા પચાસ વસુલતો હતો. ચારેક મહિનાથી આ રીતે દવાખાનુ ચાલુ કર્યાનું રટણ તેણે કર્યુ હતું. અગાઉ લાંબો સમય સુધી મેડીકલ સ્ટોરમાં નોકરી કરી હોઈ દવાઓનો અનુભવ હતો. તેના આધારે પ્રેકટિસ કરતો હોવાનું ખૂલ્યું હતું એસઓજીએ અટક કરી થોરાળા પોલીસને સોંપ્યો છે.પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી બી. બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ જે. એમ. કૈલાની રાહબરીમાં પીએસઆઇ ડી. પી. ગોહિલ, એએસઆઇ ફિરોઝભાઇ શેખ, હેડકોન્સ . અજયભાઇ, ઉપેન્દ્ર સિંહ ઝાલા, યુવરાજસિંહ જાડેજા, કોન્સો. મુકેશભાઇ ડાંગરે કામગીરી કરી હતી.

# રાજકોટમાં ચાની હોટલે રાત્રિના અડિંગો જમાવનાર સામે પોલીસની કાર્યવાહી

## માલિક - ગ્રાહકો ટ્રાફિકમાં અડચણ રૂપ વાહન રાખવા અંગે ૧૪ સામે કાર્યવાહી

રાજકોટ,

રાજકોટ શહેરમાં રાત્રીના સુધી ચા- પાનની દુકાનો ખુલ્લી રાખનાર સંચાલક અને અહીં અડીંગો જમાવી બેસનાર ગ્રાહકો સામે શહેર પોલીસ તવાઈ હાથ ધરી છે.

શહેરના કુલછાબ ચોકમાં રાત્રિના મોડે સુધી ચાની દુકાન ખોલી રાખનાર સંચાલક સામે તેમજ અહીં આવેલા પાંચ ગ્રાહકો સામે પ્ર.નગર પોલીસે ગુના નોંધ્યા છે.

જયારે માલવીયાનગર પોલીસે કાલાવડ રોડ પર સ્વામિનારાયણ મંદિર સામે નકળંગ હોટલ,ડીલકસ પાનના સંચાલક અને અહીં આવેલા ગ્રાહકો સામે ટ્રાફિકમાં અડચણરૂપ વાહનો રાખવા અંગે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જાણવા મળતી વિગતો મુજબ, પ્રદ્યુમનનગર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન રાત્રિના એકાદ વાગ્યા આસપાસ ફૂલછાબ ચોક પાસે આવેલી ખોડીયાર ટી સ્ટોલ એન્ડ પાન નામની દુકાન ખુલ્લી હોય અને અહીં બહાર ખુલી જગ્યામાં ચા બનાવવાનો ચૂલો રાખ્યો હોય જે ટ્રાફિકને અડચણરૂપ હોય તેમ જ અહીં ગ્રાહકો બેઠા હોય પોલીસે હોટલના સંચાલક રઘુ દાનાભાઈ ભુવા અને અહીં હાજર ગ્રાહકો અહેમદ યાસીન ખાન પઠાણ, વિક્રમ રણજીતભાઈ મકવાણા, ઈમ્તિયાઝ અનવરભાઈ પીપરવાડિયા સહિત છ સામે દુકાન પાસે વાહનો પાર્ક કરી જાહેર રોડ ઉપર આવતા જતા માણસોને વાહનમાં અડચણરૂપ થાય તે શબક ગુનો નોંધ્યો હતો.

જયારે માલવીયાનગર પોલીસ મથકના સ્ટાફે યાજ્ઞિક રોડ પર નકળંગ ટી સ્ટોલ પાસે હોટલની બહાર બાંકડા તથા ટેબલ ખુરશીમાં રાહદારી તથા વાહનોને અડચણરૂપ થાય તે રીતે ગ્રાહકોની બેસવાની વ્યવસ્થા રાખી હોય અને અકસ્માત સર્જાય તે રીતે વાહનો પાર્ક કર્યા હોય હોટલના સંચાલક સુરેશ સવાભાઈ શિરોડીયા અને અહીં બેઠેલા ગ્રાહક હિતેન ગૌતમભાઈ ભડનજી, સરફરાજ રૂસ્તમ પઠાણ, જય વિજયભાઈ વ્યાસ સામે પોલીસે ગુનો નોંધ્યો હતો.

તેમજ બાજુમાં આવેલી ડીલક્ષ પાનમાં પણ દુકાનની બહાર સોડાનું ફ્રીજ તથા રાહદારી તથા વાહનોને અડચણરૂપ થાય તે રીતે રાખ્યું હોય અને ગ્રાહકો પણ પોતાના વાહન અહીં અડચણ થાય તે રીતે પાર્ક કર્યા હોય સંચાલક રાજેશ જેઠાભાઈ કરંગીયા અને ગ્રાહક દર્શન ધીરજલાલ સખીયા, નાગજી પુનાભાઈ પરમાર, પ્રશાંત અશોકભાઈ પઢિયાર સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# રાજકોટના કોઠારીયા રોડ બ્રહ્માણી હોલ પાસે રાત્રીના આઈશર હડફેટે એક્ટીવા ચાલકનું મોત : એકને ઈજા

રાજકોટ,

રાજકોટ શહેરમાં હિટ એન્ડ રનની વધુ એક ઘટના બની છે. જેમાં કોઠારીયા રોડ બ્રહ્માણી હોલ નજીક એક્ટીટવાને પાછળથી આઈશરનો ચાલક ઠોકરે લઈ ભાગી જતાં એક્ટી વાચાલક આનંદનગરના આધેડ અને પાછળ બેઠેલા તેમના ફઇના દિકરા ખોડિયાર સોસાયટીના આધેડ ફંગોળાઇ જતાં બંનેને ઈજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જેમાં ફઇના દિકરાનું મોત નિપજતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બંને મામા-ફઇના ભાઇઓ ખોખડદળ ગામે સગાઇ પ્રસંગમાંથી પરત ઘરે આવી રહ્યા હતાં ત્યાંરે રાત્રે આ બનાવ બન્યો્ હતો.

જાણવા મળ્યા મુજબ રાત્રીના દસેક વાગ્યેગ કોઠારીયા રોડ બ્રહ્માણી હોલ નજીક એક્ટી્વાને પાછળથી આઈશર ટ્રકના ચાલકે ઠોકર મારતાં એક્ટીદવા ફેંકાઇ જતાં તેના ચાલક ધનસુખભાઇ કિશોરભાઇ ગોંડલીયા (ઉ.વ.૫૪-રહે. આનંદનગર કોલોની, ખોડીયા ચોક) તથા પાછળ બેઠેલા તેમના ફઇના દિકરા રાજેશભાઇ (રાજુભાઇ) ભીખુભાઇ શીશાંગીયા (ઉ.વ.૫૦-રહે. ખોડિયાર સોસાયટી-૪, સહકાર રોડ)ને ઈજાઓ થતાં બંનેને સિવિલ હોસ્પિઆટલમાં ખસેડવામાં આવ્યાા હતાં.અંહિ બંનેને ઈમર્જન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતાં. પરંતુ વહેલી સવારે રાજેશભાઇ શીશાંગીયાએ દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંરત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ અને ભાવેશભાઇ મકવાણાએ આજીડેમ પોલીસને જાણ કરી હતી.

મૃત્યુ પામનાર રાજેશભાઇ એક બહેન અને ત્રણ ભાઇમાં બીજા હતાં અને કારખાનામાં કામ કરતાં હતાં. તેમના મૃત્યુવથી એક પુત્ર અને એક પુત્રીએ પિતાની છત્રછાંયા ગુમાવતાં અને શીશાંગીયા પરિવારે આધારસ્તંભ ગુમાવતાં ગમગીની છવાઇ ગઇ હતી.

# જસદણના રાજાવડલા ગામે હોળી કુદતા દાઝી ગયેલા યુવાનને સારવારમાં રાજકોટ ખસેડાયો

રાજકોટ,

જસદણના રાજાવડલા ગામે રહેતાં અને ડ્રાઈવીંગ કામ કરતાં રમેશભાઇ ગંગદેવભાઇ ઓળકીયા (ઉ.વ.૫૦) હોળીની રાતે રાજકોટના મોરબી રોડ વેલનાથપરામાં મિત્રો સાથે આવ્યા૦ હોઇ અહિ મિત્રો સાથે સળગતી હોળી ઠેંકતી વખતે અંદર ખાબકતાં બેઠક, સાથળ, પગના ભાગે દાઝી ગયા હતાં. જે તે દિવસે તેઓ રાજાવડલા જતાં રહ્યા હતાં અને સારવાર લીધી હતી. વધુ સારવાર માટે હવે રાજકોટ સિવિલ હોસ્પિ ટલમાં દાખલ થતાં તબિબે પોલીસ કેસ જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ અને ભાવેશભાઇ મકવાણાએ બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. રમેશભાઇના કહેવા મુજબ બધા મિત્રો હોળી ઠેંકી ગયા હતાં, પણ પોતે ઠેંકવા ગયા ત્યાવરે છલાંગ ટુંકી પડતાં અંદર પડી જતાં દાઝી ગયો હતો.

# રાજકોટના રૈયા રોડ બાપા સિતારામ ચોકમાં ચોરાઉ બુલેટ સાથે એક પકડાયો

## રીલ્સડ બનાવવા માટે બૂલેટની ચોરી કરી હોવાની કબૂલાત આપી : ધરપકડ

રાજકોટ,

પડધરીના જીલરીયા ગામે રહેતાં ભાવેશ પ્રવિણભાઇ ચૌહાણ (ઉ.વ.૨૨) નામના યુવાનને તે ચોરાઉ બૂલેટ ફેરવતો હોવાની બાતમી પરથી યુનિવર્સિટી પોલીસે રૈયા રોડ બાપા સિતારામ ચોકમાંથી પકડી લીધો છે. તેણે ચાર પાંચ દિવસ પહેલા ગોપાલચોકમાંથી બૂલેટ ચોરી લઇ નંબર પ્લેટ કાઢી નાખી હતી. સોશિયલ મિડીયામાં રીલ્સિ બનાવીને મુકવા બૂલેટની જરૂર હોઇ ઉઠાંતરી કર્યાનું રટણ કર્યુ હતું. અગાઉ જામનગરમાં તે બૂલેટ ચોરીમાં પકડાયો હતો.વાહન ચોરી સીહતના ગુના ડિટેક્ટવ કરવા સુચના મળી હોઇ ડી. સ્ટા્ફની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યાલરે હેડકોન્સમ. સિધ્ધચરાજસિંહ જાડેજા, કોન્સર. ગોપાલસિંહ જાડેજા અને દિવ્યફરાજસિંહ જાડેજાને મળેલી બાતમી પરથી ભાવેશને રૂા. ૫૦ હજારના કાળા રંગના રોયલ એનફીલ્ડ બૂલેટ સાથે પકડી લેવાયો હતો. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સુધીરકુમાર દેસાઇ, એસીપી રાધીકા ભારાઇની સુચના અને પીઆઇ એન.આઇ. રાઠોડ તથા સી.એચ. જાદવની રાહબરીમાં પીએસઆઇ બી.આર. ભરવાડ, એએસઆઇ સમીરભાઇ શેખ, હેડકોન્સ. મહિપાલસિંહ ઝાલા, રઘુવીરસિંહ વાળા, મહેન્દ્ર સિંહ ડોડીયા, કોન્સઆ. વનરાજભાઇ લાવડીયા, યોગરાજસિંહ ગોહિલ અને બાતમી મળી તેણે આ કામગીરી કરી હતી.ભાવેશ છુટક મજૂરી કરે છે. તે રૈયાધારમાં પણ મકાન ધરાવે છે. પોલીસના કહેવા મુજબ અગાઉ જામનગરમાં બૂલેટ ચોરીમાં પણ સંડોવણી ખુલી હતી.

# રાજકોટમાં પરિવારને એકના ડબલની લાલચ આપી મહિલા છ લાખની ઠગાઈ

## મહિલા મૂળ જૂનાગઢની અનેકને શીશામાં ઉતાર્યા : પોલીસે ઝડપી

રાજકોટ,

રાજકોટ શહેરમાં બજરંગવાડીમાં આવેલા પુનિતગનરમાં રહેતા એક પરિવારને પરિચિત મહિલાએ એકના ડબલ કરવ્ની લાલચ આપી પાંચ તોલા સોનું અને રૂા.૩ લાખ રોકડા લઈ ઈમિટેશનના દાગીના આપી દેતા ગાંધીગ્રામ પોલીસમાં છેતરપીંડીની ફરિયાદ નોંધવામાં આવી છે.

બનાવની વિગતો અનુસાર, જામનગર રોડ પર બજરંગવાડી-૬ પુનિતનગર શેરી નં.૧માં રહેતા અશોકભાઈ દામજીભાઈ જેઠવા (મોચી) (ઉ.૪૬)એ પોતાની ફરિયાદમાં ક્રિષ્નાબેન સમીપભાઈ શાહનું નામ આપતાં તેમની સામે છ લાખની છેતરપીંડીની ફરિયાદ નોંધવામાં આવઈ છે આ અંગે અશોકભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતુ કે, પોતે સોફાસેટનું કામ કરે છે.તા.૧૭/૨ના રોજ પત્ની મનીષાબેન મારા બનાવેલા બહેન કુસુમબેન ધીરૂભાઈ ઘોડાસરા (રહે.ઈન્દિરા સર્કલ પાસે)ના ઘરે માતાજીના મઢે પ્રસંગ હોવાથી ત્યાં ગયા હતાં ત્યાં આ ક્રિષ્નાબેનનો સંપર્ક થતા તેની સાથે ઓળખાણ થઈ હતી. બાદમાં તેઓએ ઘરે આવી તમે અમને થોડુ સોનુ આપો હું તમને પચ્ચીસ તોલા સોનુ પરત કરીશ તેવું જણાવ્યું હતું. બાદમાં તા.૨૨/૨ના રોજ ક્રિષ્નાબેન શાહ અમારા ઘરે આવ્યા હતાં અને તેઓ વાત કરીકે મારા પિતા પાલીતાણા મંદિરમાં ટ્રસ્ટી છે. તમે મને સકનના ૩ લાખ આપો બાકીના સાત લાખ સેલામાંથી આપી તમોને રૂા.૧૦ લાખ વાળું ૩ બીએચકે આવાસ રૂા.૩ લાખમાં આપવાની લાલચ આપી અને તેઓને ગાયકવાડી બ્રાંચમાંથી ત્રણ લાખની એફડી તોડી રૂા.૩ લાખ ક્રિષ્નાબેનને આપ્યા હતાં. અને બાકીના પાંચ તોલું સોનુ આપ્યું હતું.થોડા દિવસ બાદ ક્રિષ્નાબેન શાહ ઘરે આવ્યા અને બે પેંડલ સેટ, બે ચેઈન, એક બ્રેસલેટ, એક જોડી બુટી તેમજ એક જોડી બંગડી આપી ગયા હતાં. જે બીજા દિવસે બજરંગવાડીમાં આવેલા ગાત્રાળ જવેલર્સમાં બતાવવા જતાં ચેક કરાવતા ઈમિટેશનના ખોટા દાગીના હોવાનું જાણવા મળ્યું હતું. જેથી ક્રિષ્નાબેન શાહે રૂા.૩ લાખ લાખની રોકડ અને પાંચ તોલા સોનુ રૂા.૩ લાખનું ઓળવી જઈ છેતરપીંડી આચરી હતી.

આ મામલે ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ બી.ટી.અકબરીની રાહબરીમાં આરોપી ક્રિષ્નાબેન સમીપભાઈ શાહ (રહે. ઈન્દીરા સર્કલ, દ્રષ્ટિ એપાર્ટમેન્ટ)ને પકડી લઈ તેમની પુછપરછ કરતાં તેમણે અન્ય ત્રણેય લોકોને છેતર્યાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળી રહ્યું છે.


**પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે**

**જૈન કન્યા સુસંસ્કાર તીર્થ - રાજકોટ**

ધોરણ ૯ થી કોલેજ સુધીની છાત્રાઓ માટે રહેવા જમવાની ઉતમ સગવડ, સંપૂર્ણ જૈન શુધ્ધ શાકાહારી ભોજન, ૨ - એરકંડીશન હોલ, ૧ રૂમમાં ૩ છાત્રાઓ - એટેચ ટોયલેટ બાથરૂમ, સમગ્ર સંકુલ C.C.TV કેમેરા યુક્ત, દરરોજ સાંજે અડધો કલાક હાસ્ય સભા જેમાં લીડરશીપ, સેલ્ફ ડેવલોપમેન્ટનો, અભ્યાસ, પ્રાર્થના, વર્ષ દરમિયાન દરેક છાત્રાના જન્મદિવસની ઉજવણી, વર્ષ દરમિયાન આવતા પ્રત્યેક તહેવારોની હોસ્ટેલમાં જ ઉજવણી, સ્થાનાક્વાસી જૈન છાત્રાને વિશેષ છૂટ સાથે પ્રથમ પસંદગી.

-: સંપર્ક :-

ચંદ્રકાંતભાઈ દફતરી,
પ્રમુખ
શ્રી વર્ધમાન સેવા સંઘ
૯૮૨૫૨ ૨૩૧૯૯

જૈન કન્યા સુસંસ્કાર તીર્થ,
ક્રિસ્ટલ મોલ પાછળ,
કાલાવડ રોડ, રાજકોટ.

પૂજાબેન હિતેશભાઈ સોલંકી
ગૃહમાતા
જૈન કન્યા સુસંસ્કાર તીર્થ
૮૪૦૧૫ ૨૩૧૯૯